# ઉત્કર્ષ

## બાળવિકાસ વિશેષાંક



शैशवेऽभ्यस्तविद्यानां यौवने विषयैषिणाम् ।
वार्द्धके मुनिवृत्तीनां योगेनान्ते तनुत्यजाम् ॥


સ્થાપના : શિક્ષક દિન-૧૯૯૧ • અંક : ૭૫ • વર્ષ : ૨૦૧૫-૧૬


ધી અંકલેશ્વર પ્રોગ્રેસીવ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત

(વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન)

## કૉલેજ ઑફ એજ્યુકેશન, ખરોડ


તા. અંકલેશ્વર, જિ. ભરૂચ. પીન-૩૯૪૧૧૫ ફોન : ૦૨૬૪૬-૨૭૬૧૭૬


નેક એક્રેડિટેડ - B Grade (2.28)


Scanned with CamScanner

# આપ સૌનો આભાર...

અમને

મજબૂતીની પ્રેરણા આપનાર પથ્થરને સલામ,
નિયમિતતાના પાઠ સમજાવનાર સરિતાને સલામ,
વિશાળતા શીખવવા માટે મહાસાગરને સલામ,
સમયના પાઠ સમજાવનાર સૂરજને સલામ.

પચ્ચીસ વર્ષની લાંબી સફળ યાત્રાના સહપ્રવાસી એવા ટ્રસ્ટી મંડળ, પૂર્વ આચાર્ય અને અધ્યાપકમિત્રો, પૂર્વ પ્રશિક્ષણાર્થી મિત્રો, વાલી મિત્રો, ખરોડના ગ્રામજનો, કૉલેજના ઉદ્‌ભવ અને વિકાસમાં સહયોગી એવા સૌને ઉષ્માભરી સલામ....

છવ્વીસમા વર્ષમાં
સફળતાની કેડી પર નવા આયામો
સર કરવાના અમારા
પ્રયાસમાં આપના યોગદાનની
અપેક્ષા...

**કૉલેજ ઓફ એજ્યુકેશન ખરોડ પરિવાર...**

Scanned with CamScanner

योगः कर्मसु कौशलम् (કર્મમાં કુશળતા પ્રાપ્ત કરવી એટલે યોગ)

અંક ૨૫

# ઉત્કર્ષ

વર્ષ ૨૦૧૫-૨૦૧૬

## • સંપાદકો •

પ્રિ. ડૉ. પ્રફુલસિંહ જે. રાજ

પ્રા. ડૉ. ઈન્તેખાબ કે. અનસારી (અધ્યક્ષ : મેગેઝીન સમિતિ)

મીરાં જી. ઠાકર (મંત્રી : મેગેઝીન સમિતિ)

બલબીરસિંહ પી. સરદાર (સભ્ય : મેગેઝીન સમિતિ)

શીતલ વી. પંડયા (સભ્ય : મેગેઝીન સમિતિ)

ધી અંકલેશ્વર પ્રોગ્રેસિવ એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત

(વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન)

**કૉલેજ ઑફ એજયુકેશન, ખરોડ**

તા. અંકલેશ્વર, જિ. ભરૂચ. પીન-૩૯૪૧૧૫ ફોન : ૦૨૬૪૬-૨૭૬૧૭૬

Email : kharodeducation@gmail.com

Website : https://sites.google.com/site/trainingcollegekharod

Scanned with CamScanner

આપઘાત કરવાની
વૃત્તિ પ્રબળ બની
જાય ત્યારે શું કરવું ?
અનાથાશ્રમમાં જઇને
સાવ અજાણ્યા બાળકને
એક ચૉકલેટ આપવી
અને એનું સ્મિત નીરખવું

**-ડૉ. ગુણવંત શાહ**

બાળકને રસ્તે
ચાલતી ઇયળ પર
પગ ન મૂકવાની
શીખ આપવી એ
જેટલું ઇયળ માટે
મૂલ્યવાન છે,
તેટલું જ બાળક
માટે પણ છે.

-ડૉ. ગુણવંત શાહ

Scanned with CamScanner

# અનુક્રમણિકા


| ક્રમ | વિગત | પાન નં. |
|---|---|---|
| ૧ | સંપાદકીય............................................................ | ૦૧ |
| ૨ | આચાર્યશ્રીની કલમે.................................................... | ૦૩ |
| ૩ | અમારું ટ્રસ્ટી મંડળ.................................................... | ૦૪ |
| ૪ | અમારો કૉલેજ પરિવાર.................................................. | ૦૫ |
| ૫ | પ્રશિક્ષણાર્થી પ્રતિનિધિ મંડળ : વર્ષ ૨૦૧૫-૧૬................................ | ૦૭ |
| ૬ | બાળઉછેરનું વિજ્ઞાન જાણી લઇએ................. - ડૉ. પ્રફુલસિંહ જે. રાજ | ૦૮ |
| ૭ | Growing of Special Learners............... - Dr. Pravinchandra Master | ૧૨ |
| ૮ | સંતાનો સાથે મા-બાપનો વ્યવહાર................ - ડૉ. જયંત એ. શાહ | ૧૬ |
| ૯ | બાળવિકાસ અને રમત........................... - પ્રા. પારૂલ બી. ટંડેલ | ૧૮ |
| ૧૦ | આપણે બાળકો સાથે કેવી રીતે વર્તવું જોઇએ ?. - ડૉ. ઇન્તેખાબ કે. અનસારી | ૨૧ |
| ૧૧ | બાળઉછેર એક મૂડી રોકાણ....................... - કવિતા રાઠવા (ગ્રંથપાલ) | ૨૩ |
| ૧૨ | બાળવિકાસની સંકલ્પના.......................... - રંજિતાબેન એ. ગામીત | ૨૫ |
| ૧૩ | બાળપણું મહત્ત્વ.................................... - શીતલ વી. પંડ્યા | ૨૭ |
| ૧૪ | બાળવિકાસના સિદ્ધાંતો.......................... - રેશ્મા જે. પરમાર | ૩૦ |
| ૧૫ | બાળવિકાસના તબકકાઓ........................ - મીના ડી. પટેલ<br>- બેલા આર. ટંડેલ | ૩૨ |
| ૧૬ | કઇ કક્ષાએ બાળક શું શીખે છે ?.................. - મીરાં જી. ઠાકર | ૩૫ |
| ૧૭ | બાળવિકાસ-વારસો અને વાતાવરણ............. - ફઝીલાહ એમ. શેખ | ૪૦ |
| ૧૮ | બાળવિકાસ માટે વાતાવરણ ખૂબ જરૂરી છે....... - જેની એન. પરમાર | ૪૩ |
| ૧૯ | સામાજિક વિકાસના સંદર્ભમાં બાળવિકાસ........ - પિયુષકુમાર એમ. ટંડેલ | ૪૪ |
| ૨૦ | બાળકોના જ્ઞાનાત્મક વિકાસની આરપાર.......... - દર્શના આર. કાયસ્થ | ૪૭ |
| ૨૧ | પ્રત્યેક બાળક વિશિષ્ટ હોય છે !.................. - ફોજીયા એમ. નાંધલા | ૪૯ |


Scanned with CamScanner

| ક્રમ | વિગત | પાન નં. |
|---|---|---|
| ૨૨ | બાળકોની અપેક્ષાઓને સમજીએ.................... - આસીફાબાનું એમ. શેખ | ૫૧ |
| ૨૩ | બાળવિકાસમાં માતૃભાષાનું મહત્ત્વ................. - પ્રિયંકા જે. વરાછીયા | ૫૫ |
| ૨૪ | બાળવિકાસને અવરોધ પરિબળો.................... - વિમલ જી. ખલાસી | ૫૭ |
| ૨૫ | વિકલાંગ બાળકોના વિકાસ માટે શી કાળજી લેવી ઘટે ?........................................ - વશિષ્ઠકુમાર વી. પરમાર | ૬૦ |
| ૨૬ | જીવન ઘડતરના મૂલ્યો................................ - પૂર્વી કે. ભાવસાર | ૬૨ |
| ૨૭ | ગર્લ્ડ ચાઇલ્ડ : પડકારો.............................. - દિવ્યા એ. પટેલ | ૬૬ |
| ૨૮ | તરુણાવસ્થાની સમસ્યાઓ અને તેના ઉપાયો.... - વૈભવી એમ. બોરાધરા | ૬૮ |
| ૨૯ | ૨૦૧૫-૧૬ ના વર્ષની કૉલેજની ગતિવિધિ (વાર્ષિક અહેવાલ).................................. - પ્રિયંકા જે. વરાછીયા | ૭૩ |
| ૩૦ | એકેડેમિક કેલેન્ડર (વર્ષ : ૨૦૧૫-૧૬)........................................ | ૭૮ |
| ૩૧ | શૈક્ષણિક સહયોગ........................................................................ | ૮૦ |
| ૩૨ | ઋણ સ્વીકાર.............................................................................. | ૮૭ |
| ૩૩ | પ્રશિક્ષણાર્થી સંપર્ક સેતુ........................................................... | ૮૯ |
| ૩૪ | શુભેચ્છકોની યાદી..................................................................... | ૯૭ |
| ૩૫ | જાહેરાતો.................................................................................. | -- |


Scanned with CamScanner

# સંપાદકીય

ઈ.સ. ૧૯૯૧ માં ધી અંકલેશ્વર પ્રોગ્રેસિવ એજ્યુકેશન ટ્રસ્ટ, અંકલેશ્વર દ્વારા ખરોડ ગામ ખાતે કૉલેજ ઓફ એજ્યુકેશન ખરોડનો પ્રારંભ થયો. શુદ્ધતઃ સેવાકીય ભાવના સાથે શરૂ થયેલી અમારી-આપણી કૉલેજ જોતજોતામાં તેના રજત જયંતિ વર્ષમાં પહોંચી ગઈ. તારીખ પાંચમી સપ્ટેમ્બર-૨૦૧૬ ના રોજ કૉલેજ તેના અસ્તિત્વના પચ્ચીસ વર્ષો પૂર્ણ કરી બાઅદબ છવ્વીસમા વર્ષમાં પ્રવેશશે તેનો સવિશેષ આનંદ હોય એ સ્વાભાવિક છે. છેલ્લા પચ્ચીસ વર્ષોથી અવિરત સમાજને શ્રેષ્ઠ, નિષ્ઠાવાન, આદર્શ અને જવાબદાર શિક્ષકો પૂરા પાડી પોતાના અસ્તિત્વની સાર્થકતા પુરવાર કરવામાં કૉલેજ અગ્રેસર રહી છે. છેલ્લા પચ્ચીસ વર્ષો દરમિયાન આ કૉલેજમાંથી પ્રશિક્ષણ પામીને બે હજારથી પણ વધુ વિદ્યાર્થીઓ પસાર થયા છે અને પોતાની કારકિર્દી અને જીવનનું ઘડતર કરી શકયા છે. એટલું જ નહીં કૉલેજમાંથી તાલીમ પામીને ગયેલા વિદ્યાર્થીઓ આજે દૂર સુદૂરની સંસ્થાઓમાં નિષ્ઠાપૂર્વક પોતાની મૂલ્યવાન સેવાઓ આપી રહ્યા છે અને સમાજ નિર્માણમાં પોતાનું અમૂલ્ય પ્રદાન કરી રહ્યા છે. શિક્ષણ અને સમાજ સેવાના પ્રમુખ લક્ષ્યો સાથે કાર્યરત અને પ્રતિબદ્ધ શિક્ષક પ્રશિક્ષણ સંસ્થા, કૉલેજ ઓફ એજ્યુકેશન, ખરોડના વાર્ષિક મુખપત્ર ‘‘ઉત્કર્ષ’’ ના રજત જયંતિ વર્ષનો પ્રસ્તુત અંક આપ સૌ સુજ્ઞ વાચકો સમક્ષ રજૂ કરતાં અનહદ આનંદ અને ઊંડા પરિતોષની લાગણી અનુભવાય છે.

ઈ.સ. ૧૯૯૧ માં કૉલેજનો પ્રારંભ થયો ત્યારથી જ તેના વાર્ષિક મુખપત્ર ‘‘ઉત્કર્ષ’’નું અવિરતપણે પ્રકાશન થતું રહ્યું છે, એ આ કૉલેજનું એક આગવું જમા પાસું છે. કૉલેજ દ્વારા સ્વીકારવામાં આવેલી આ ઉજ્જવળ પરંપરા અનુસાર ‘‘ઉત્કર્ષ’’ ના પ્રસ્તુત પચ્ચીસમા અંક દ્વારા આપ સૌ સુજ્ઞજનો સમક્ષ કૉલેજનું પ્રતિબિંબ રજૂ કરવાનો નમ્ર પ્રયાસ કર્યો છે. ‘‘ઉત્કર્ષ’’ના માધ્યમથી કૉલેજમાં હાથ ધરાતી વૈવિધ્યપૂર્ણ અને જીવનલક્ષી શૈક્ષણિક અને સહઅભ્યાસિક પ્રવૃત્તિઓનો ચિતાર મળી રહેશે. એટલું જ નહીં તેના પરથી કૉલેજનું જીવનદર્શન, કૉલેજની કાર્યરીતિ અને કૉલેજની તમામ ગતિવિધિઓનો પણ સૌને ખ્યાલ આવી શકશે એવી ઊંડી શ્રદ્ધા છે.

છેલ્લા ઘણા સમયથી અમે ‘‘ઉત્કર્ષ’’ ના અંકો વિશેષાંક તરીકે પ્રસિદ્ધ કરવાનો ઉપક્રમ સ્વીકાર્યો છે. આ ઉપક્રમના ભાગરૂપે ‘‘જીવન કૌશલ્યો’’, ‘‘પર્યાવરણ શિક્ષણ’’, ‘‘શાળા વ્યવસ્થાપન’’, ‘‘શૈક્ષણિક મનોવિજ્ઞાન’’, ‘‘વ્યકિતત્વ વિકાસ’’ અને ‘‘સ્વાસ્થ્ય શિક્ષણ’’ જેવાં વૈવિધ્યપૂર્ણ વિષયોને કેન્દ્રમાં રાખીને ઉત્કર્ષના અંકો વિશેષાંક તરીકે પ્રસિદ્ધ થતા રહ્યા છે. ‘‘ઉત્કર્ષ’’ ના તમામ અંકોને શાળાઓ, કૉલેજો, યુનિવર્સિટી, વિવિધ સંસ્થાઓ, શિક્ષકો, વાલીઓ અને સમાજ તરફથી ખૂબ સારો આવકાર પ્રાપ્ત થતો રહ્યો છે અને એ અમારે મન મોટી મિરાત છે. ‘‘ઉત્કર્ષ’’ ના ‘‘બાળવિકાસ’’ વિષયક પ્રસ્તુત વિશેષાંકને પણ આપ સૌ તરફથી ઉષ્માપૂર્વક આવકાર મળી રહેશે એવી શ્રદ્ધા છે.

બાળઉછેર એ ખૂબ જ મહત્ત્વપૂર્ણ અને નાજુક કાર્ય છે. બાળકોને નાનપણમાં જે સંસ્કારો અને તાલીમ મળે છે તેની અસર આજીવન રહે છે, તેથી બાળવિકાસ સંદર્ભે સવિશેષ કાળજી રાખવાની આવશ્યકતા રહે છે. આ સંદર્ભે બાળવિકાસની સંકલ્પના શી છે, બાળપણનું શું મહત્ત્વ છે, બાળવિકાસને કયા પરિબળો અસર કરે છે, આપણે બાળકો સાથે કેવી રીતે વર્તવું જોઇએ, બાળકોના વિકાસ સામેના મુખ્ય અવરોધો કયા છે, બાળકોના વિવિધ પ્રકારના વિકાસની તરેહ કેવી



Scanned with CamScanner

હોય છે વગેરે જેવી અત્યંત મહત્ત્વપૂર્ણ બાબતોને પ્રસ્તુત અંકમાં ચર્ચવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. પ્રસ્તુત અંકમાં રજૂ કરવામાં આવેલી માહિતીનો રસથાળ સૌ વાચકોને અનેકવિધ રીતે ઉપયોગી નીવડશે એવું અમારું નમ્રપણે માનવું છે. પ્રત્યેક પાના પર બાળવિકાસને લગતા ઉપયોગી કવોટેશન્સ ટાંકવામાં આવ્યા છે. શ્રદ્ધા છે કે આ કવોટેશન્સ પણ આપને ખૂબ ગમશે.

આ કૉલેજની છેલ્લા પચ્ચીસ વર્ષોની વિકાસયાત્રામાં કૉલેજના સૌ સેવાભાવી સભ્યો, મંડળ, કૉલેજનો સમગ્ર શૈક્ષણિક અને વહીવટી સ્ટાફ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરત અને તેના સૌ પદાધિકારીઓ, સિન્ડિકેટ સભ્યશ્રીઓ, યુનિવર્સિટીનો શૈક્ષણિક અને વહીવટી સ્ટાફ, વિવિધ કૉલેજોના આચાર્યો અને અધ્યાપકશ્રીઓ, વિવિધ શાળાના સંચાલકો, આચાર્યો અને શિક્ષકમિત્રો, પ્રેમાળ ગ્રામજનો, દર વર્ષે કૉલેજને પ્રાપ્ત થયેલા તાલીમાર્થીમિત્રો તથા કૉલેજના અનેક શુભેચ્છકો તરફથી ખૂબ જ ઉત્સાહપૂર્ણ સાથ અને સહકાર પ્રાપ્ત થયો છે તેની આ તબક્કે સહર્ષ નોંધ લઈએ છીએ અને એ સૌને ભાવપૂર્વક યાદ કરીએ છીએ. કૉલેજના વિકાસ માટે સમાજના દાતાઓ અને શુભેચ્છકો તરફથી સતત દાન અને જાહેરાત સ્વરૂપે આર્થિક સહયોગ સાંપડતો રહ્યો છે ત્યારે તેમનો પણ ભાવપૂર્વક ઋણ સ્વીકાર કરીએ છીએ.

"બાળવિકાસ" વિષયક પ્રસ્તુત વિશેષાંક કે જે કૉલેજના પચ્ચીસમા વર્ષનો વિશેષાંક છે તેને પોતીકા અને આગવા સ્વરૂપમાં આપ સૌ સુધી પહોંચાડવામાં જેમનો સાથ, સહકાર, પ્રોત્સાહન અને માર્ગદર્શન મળ્યા છે એ સૌ પ્રત્યે કૃતજ્ઞતાનો ભાવ વ્યકત કરીએ છીએ. ભવિષ્યમાં પણ આપણી વચ્ચે આવો જ ઉષ્માપૂર્ણ નાતો જળવાઈ રહે એવી પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થના કરીએ છીએ. પ્રસ્તુત અંક આપ સૌને ગમશે એવી અપેક્ષા સહ વિરમીએ છીએ. અસ્તુ.



નોંધ : પ્રસ્તુત અંકમાં રજૂ થયેલા વિચારો લેખકોના પોતાના છે, એના માટે સંપાદકો જવાબદાર નથી.



Scanned with CamScanner

# આચાર્યની કલમે....

રજતજયંતિ વર્ષના કૉલેજના મુખપત્ર 'ઉત્કર્ષ' દ્વારા આપ સૌને મળવાનો અને ૨૦૧૫-૧૬ ના વર્ષની કૉલેજની ગતિવિધિ આપ સુધી પહોંચાડવાનો આનંદ અનુભવું છું.

૨૦૧૫-૧૬ નું વર્ષ ભારતમાં શિક્ષક-પ્રશિક્ષણ જગતમાં સીમાચિન્હરૂપ, ઐતિહાસિકરૂપ રહેશે. સુપ્રિમ કોર્ટના આદેશથી એન.સી.ટી.ઇ.એ શિક્ષક તાલીમમાં ગુણવત્તાના ધ્યેય સાથે બી.એડ્.નો દ્વિવર્ષીય અભ્યાસક્રમ દાખલ કર્યો. તદ્અનુસાર કૉલેજ ઓફ એજ્યુકેશન ખરોડ તરફથી પ્રશિક્ષણાર્થીઓના નવા ૫૦ ના ઇન્ટેક સાથે તા. ૧૫-૦૬-૨૦૧૫ ના રોજ શિક્ષક તાલીમના શ્રી ગણેશ કર્યા. પ્રથમ વર્ષ બી.એડ્.ના સેમેસ્ટર-૧ માં કોર કોર્ષના ૪ વિષયોની થીયરીની ચર્ચા સાથે દરેક વિષયદીઠ એક પ્રાયોગિક કાર્ય અને ચાર વિષય પૈકી બે ક્ષેત્રકાર્યની સમજ આપી તેઓને ભવિષ્યમાં શિક્ષક તરીકે અદા કરવાની જવાબદારી સહિતની ભૂમિકાથી સજ્જ કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો. સેમેસ્ટર-૧ માં જ ઇ.પી.સી.-૧ અંતર્ગત "વાચન અને સમજ"ના શીર્ષક હેઠળ પ્રશિક્ષણાર્થીઓને તંત્રી લેખોની સમીક્ષા, પ્રાર્થના પ્રવચન, કાવ્ય રસાસ્વાદ, ગિજુભાઇ બધેકા-જીવન-પ્રદાન જેવા અભ્યાસપૂર્ણ સબમિશન તૈયાર કરાવી ભાવિ શિક્ષકોમાં વાચનની જિજ્ઞાસા ઉભી થાય, વાચનની ટેવ પડે અને ચિંતન દ્વારા સમજણ વિકસે અને તેની સમીક્ષા અને રજૂઆત કરવાની ક્ષમતા વધારવાના પ્રયત્નો અધ્યાપકગણ દ્વારા થયા.

પ્રથમ વર્ષ બી.એડ્.-સેમે. ૨ માં પણ કોર કોર્ષના ૨ વિષયો અને શાલેય વિષયોના અધ્યાપન શાસ્ત્ર (મેથડસ ઓફ ટીચિંગ)ના વિષયોની થીયરીની ચર્ચા સાથે કોર કોર્ષના વિષયદીઠ એક પ્રાયોગિક કાર્ય અને બંને વિષય પૈકી એક ફિલ્ડવર્કની સમજ આપી પ્રશિક્ષણાર્થીઓને "લર્નિંગ બાય ડુઇંગ"નો અનુભવ અપાયો.

સેમેસ્ટર-૨ માં પ્રશિક્ષણાર્થીમાં શિક્ષક તરીકે આવશ્યક કૌશલ્યો કેળવવા માઇક્રો ટીચિંગનું પખવાડિયું ઉજવાયું. માઇક્રો ટીચિંગની સંકલ્પના, લક્ષણો, સોપાનો, માઇક્રો સાયકલ, મહત્ત્વ અને લાભ મર્યાદાની સમજ આપ્યા બાદ ત્રણ કૌશલ્યોની સમજ-નિદર્શન પાઠ આયોજન અને માઇક્રો પાઠ દ્વારા પ્રશિક્ષણાર્થીઓમાં કૌશલ્યો કેળવવાના પ્રયત્નો થયા. માઇક્રો ટીચિંગનો વૈજ્ઞાનિક ઢબે અમલ એ કૉલેજનું જમા પાસું છે તેમ કહું તો અયોગ્ય નહીં ગણાય. માઇક્રો પાઠ બાદ વિવિધ પ્રાથમિક, માધ્યમિક અને ઉ.મા. શાળાઓમાં મેક્રોપાઠ (પ્રેકટીસ ટીચિંગના પાઠ) દ્વારા વર્ગ શિક્ષણનો અનુભવ મળે તે માટે સઘન પ્રયત્નો થયા.

સમૃદ્ધ અને વૈવિધ્યસભર પ્રાર્થના સંમેલન, બુલેટિન બોર્ડ પ્રવૃત્તિ, સુવિચાર લેખનની પ્રવૃત્તિ, વિવિધ દિવસોની ઉજવણી, વિવિધ સ્પર્ધાઓનું આયોજન અને અમલ, રમતોત્સવ અને વાર્ષિકોત્સવ, અધ્યાપકોના આગવા અધ્યાપન અભિગમ, પ્રશિક્ષણાર્થીઓની પ્રત્યેક પ્રવૃત્તિઓમાં પહેલવૃત્તિ સહિત ભાગીદારી એ કૉલેજના જમા પાસાં છે.

કૉલેજમાં ડિસટન્સ મૉડથી અભ્યાસ કરાવી બી.એડ્.ની ડિગ્રી અપાવનારું ઇગ્નોં બી.એડ્. સેન્ટર પણ ૧૨ વર્ષથી કાર્યરત છે. શાળાઓમાં સર્વિસ સાથે બી.એડ્. લગભગ ૧૨૦૦ શિક્ષકોને ડિગ્રી સાર્થક રીતે સફળતાથી અપાવનારું ઇગ્નો બી.એડ્. સેન્ટર, ખરોડ અભિનંદનને પાત્ર છે.

ડૉ. પ્રફુલસિંહ જે. રાજ
આચાર્ય



Scanned with CamScanner

ધી અંકલેશ્વર પ્રોગ્રેસીવ એજ્યુકેશન ટ્રસ્ટ, ખરોડ સંચાલિત
(વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન)

# કૉલેજ ઑફ એજ્યુકેશન, ખરોડ.

તા. અંકલેશ્વર, જિ. ભરૂચ. પીન-૩૯૪૧૧૫
ફોન : (૦૨૬૪૬) ૨૭૬૧૭૬

## :: અમારું ટ્રસ્ટી મંડળ ::

**પ્રમુખશ્રી**
**શ્રી આરીફભાઈ વજીફદાર**
રસુલબાગ, જૂની દીવી, અંકલેશ્વર, જિ. ભરૂચ.

**મંત્રીશ્રી**
**શ્રી મહંમદભાઈ એ. ભૈયાત**
ખરોડ, તા. અંકલેશ્વર, જિ. ભરૂચ.

**ટ્રસ્ટીશ્રી**
**શ્રી અહમદભાઈ એમ. ઉનિયા**
પીરામણ, તા. અંકલેશ્વર, જિ. ભરૂચ.

**ટ્રસ્ટીશ્રી**
**શ્રી સઈદભાઈ ખરોડીયા**
ખરોડ, તા. અંકલેશ્વર, જિ. ભરૂચ.

**:: સભ્યશ્રીઓ ::**

**શ્રી શાદિકભાઈ ભૈયાત** સંજાલી, તા. અંકલેશ્વર, જિ. ભરૂચ.
**શ્રી મહંમદભાઈ જાંગડા** ખરોડ, તા. અંકલેશ્વર, જિ. ભરૂચ.
**શ્રી ઐયુબભાઈ ભૈયાત** ખરોડ, તા. અંકલેશ્વર, જિ. ભરૂચ.
**શ્રી અબ્દુલભાઈ જોગીયાત** ખરોડ, તા. અંકલેશ્વર, જિ. ભરૂચ.
**શ્રી હનીફભાઈ જોગીયાત** ખરોડ, તા. અંકલેશ્વર, જિ. ભરૂચ.



Scanned with CamScanner

ધી અંકલેશ્વર પ્રોગ્રેસીવ એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત
(વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન)

# કૉલેજ ઑફ એજયુકેશન, ખરોડ.

તા. અંકલેશ્વર, જિ. ભરૂચ. પીન-૩૯૪૧૧૫

## અમારો કૉલેજ પરિવાર

## શૈક્ષણિક કર્મચારીગણ

| ક્રમ | નામ/સરનામું | શૈક્ષણિક લાયકાત |
|---|---|---|
| ૧ | **ડૉ. પ્રફુલસિંહ જશવંતસિંહ રાજ (આચાર્ય)**<br>૧, ગુરૂકૃપા સોસાયટી, શુકલતીર્થ, તા. જિ. ભરૂચ.<br>મો. : ૯૪૨૬૮ ૭૧૦૪૯<br>ઈમેલ : prafulsinhraj@yahoo.com | M.Com.<br>M.Ed.<br>Ph.D. |
| ૨ | **ડૉ. પ્રવિણચંદ્ર રતીભાઈ માસ્ટર**<br>**(એસોસિએટ પ્રોફેસર)**<br>બી-૯૬, આશુતોષ-૨, લીંક રોડ, ભરૂચ.<br>ફોન : ૦૨૬૪૨-૨૬૯૦૨૧, મો. : ૯૯૨૫૧ ૨૩૮૪૮<br>ઈમેલ : prama1961@gmail.com | B.A.<br>M.Ed.<br>Ph.D. |
| ૩ | **ડૉ. જયંતભાઈ અરવિંદભાઈ શાહ**<br>**(એસોસિએટ પ્રોફેસર)**<br>એ-૯, જયોતિનગર-૧, ઝાડેશ્વર રોડ, ભરૂચ.<br>ફોન : ૦૨૬૪૨-૨૪૫૨૨૯, મો. : ૯૪૨૭૮ ૭૬૩૪૧<br>ઈમેલ : jashah56@gmail.com | M.A.<br>M.Ed.<br>M.Phil.<br>Ph.D. |
| ૪ | **ડૉ. પારૂલબેન બુધાભાઈ ટંડેલ**<br>**(અધ્યાપક સહાયક)**<br>મુ.પો. ભટેલી, તા.જિ. વલસાડ<br>મો. : ૯૮૨૫૯ ૩૯૦૧૩<br>ઈમેલ : tandel.parul@gmail.com | M.Sc.<br>M.Ed.<br>GSLET |
| ૫ | **ડૉ. ઈન્તેખાબઆલમ કે. અનસારી**<br>**(આસિસ્ટન્ટ પ્રોફેસર)**<br>મુસ્લિમ વેલફેર સોસાયટી, સ્ટેશન રોડ, મસ્જિદની બાજુમાં, નવસારી.<br>ફોન : ૦૨૬૩૭-૨૪૯૪૦૬, મો. : ૯૯૨૫૪ ૧૭૪૬૦<br>ઈમેલ : ik_ansari73@yahoo.co.in | M.Com.<br>M.Ed.<br>Ph.D.<br>GSLET |

वो पिता बुद्धिमान है जो अपनी संतान को जानता है । –शेक्सपिअर

Scanned with CamScanner

## વહીવટી કર્મચારીગણ

| ક્રમ | નામ/સરનામું | શૈક્ષણિક લાયકાત |
|---|---|---|
| ૧ | **શ્રીમતી કવિતાબહેન એ. રાઠવા (ગ્રંથપાલ)**<br>એ-૧૪, ગજાનનપાર્ક, પાંચસો ક્વાટર્સની બાજુમાં, નવી કોલોની, જી.આઇ.ડી.સી. અંકલેશ્વર-૨ મો. : ૯૮૨૪૭ ૩૩૪૯૧ | B.Com. M.Lib. & Inf. Sci. |
| ૨ | **શ્રી જયંતભાઈ એસ. પટેલ (સિ.ક્લાર્ક)**<br>બી-૪, મૈત્રીનગર સોસાયટી, ભોલાવ, જિ. ભરૂચ.<br>ફોન : ૦૨૬૪૨-૨૨૭૯૪૮, મો. : ૯૮૨૪૭ ૦૧૫૫૭ | B.Com. |
| ૩ | **શ્રી ઈસ્માઈલભાઈ એમ. જોગીયાત (જુ.ક્લાર્ક)**<br>મુ.પો. ખરોડ, તા. અંકલેશ્વર, જિ. ભરૂચ.<br>ફોન : ૦૨૬૪૬-૨૭૬૨૩૫, મો. : ૯૮૨૪૧ ૧૨૭૮૮ | H.S.C. |
| ૪ | **શ્રી અશ્વિન એમ. વસાવા (જુ.ક્લાર્ક)**<br>મુ.પો. રજલવાડા, તા. ઝઘડીયા, જિ. ભરૂચ.<br>ફોન : ૦૨૬૪૫-૨૪૮૦૭૨, મો. : ૭૩૮૩૦ ૫૬૩૧૨ | B.A. |

## સેવકગણ

| ક્રમ | નામ/સરનામું | શૈક્ષણિક લાયકાત |
|---|---|---|
| ૧ | **શ્રી ફારૂક યુસુફ બીજાભાઈ (સેવક)**<br>મુ.પો. પીરામણ, તા. અંકલેશ્વર, જિ. ભરૂચ.<br>મો. : ૯૭૨૭૦ ૭૩૧૦૪ | S.S.C. |
| ૨ | **શ્રી ચંદ્રવદન કે. ગુર્જર (સફાઈ કામદાર)**<br>સી-૧૯, સંસ્કારધામ, સોસાયટી, દીવારોડ, અંકલેશ્વર, જિ. ભરૂચ.<br>મો. : ૯૯૦૪૪ ૩૪૬૦૬ | S.S.C. |
| ૩ | **શ્રી મિનેષકુમાર એચ. જાદવ (વોચમેન)**<br>૩૫/૬, નવી વસાહત, લાહોરી ગોડાઉન પાછળ, ભરૂચ.<br>મો. : ૯૭૨૩૫ ૪૯૩૫૫ | S.S.C. |



Scanned with CamScanner

ધી અંકલેશ્વર પ્રોગ્રેસીવ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત

## કૉલેજ ઑફ એજ્યુકેશન, ખરોડ (અંકલેશ્વર)

# પ્રશિક્ષણાર્થી પ્રતિનિધિ મંડળ : ૨૦૧૫-૧૬

પ્રમુખ
પ્રિ. ડૉ. પ્રફુલસિંહ જે. રાજ

સામાન્યમંત્રી
વરાછીયા પ્રિયંકા જી.

### મેગેઝીન સમિતિ
અધ્યક્ષ : ડૉ. આઈ.કે. અનસારી
મંત્રી : ઠાકર મીરાં જી.
સભ્યો : ૧. સરદાર બલબીરસિંહ પી.
૨. પંડ્યા શીતલ વી.

### સાંસ્કૃતિક સમિતિ
અધ્યક્ષ : પ્રા. પી.બી. ટંડેલ
મંત્રી : પરમાર જેની એન.
સભ્યો : ૧. ઠાકર મીરાં જી.
૨. ટંડેલ પિયુષ એમ.

### સાહિત્ય સમિતિ
અધ્યક્ષ : ડૉ. જે. એ. શાહ
મંત્રી : ભાવસાર પૂર્વી કે.
સભ્યો : ૧. ઠાકર મીરાં જી.
૨. પટેલ શબાના યુસુફ

### પ્રવાસ સમિતિ
અધ્યક્ષ : ડૉ. જે. એ. શાહ
મંત્રી : અદાત ફાતમા એમ.
સભ્યો : ૧. ત્રિપાઠી દેવેન્દ્ર બી.
૨. શેખ રોશની એ.

### પ્લાનિંગ ફોરમ/સ.સેવા સમિતિ
અધ્યક્ષ : પ્રા. પી.બી. ટંડેલ
મંત્રી : પંડ્યા શીતલ વી.
સભ્યો : ૧. પરમાર રેશ્મા જે.
૨. અદાત ફાતમા એમ.

### નાણાં સમિતિ
અધ્યક્ષ : ડૉ. આઈ. કે. અનસારી
મંત્રી : સરદાર બલબીરસિંગ પી.
સભ્યો : ૧. પાડવી ભાવના આઈ.
૨. ભાવસાર પૂર્વી કે.

### રમત ગમત સમિતિ
અધ્યક્ષ : ડૉ. પી.આર. માસ્ટર
મંત્રી : ત્રિપાઠી દેવેન્દ્ર બી.
સભ્યો : ૧. કાયસ્થ દર્શના જે.
૨. ચૌધરી હેમાંગિની વી.

### ગ્રંથાલય સમિતિ
અધ્યક્ષ : શ્રીમતી કે. એ. રાઠવા
મંત્રી : ચૌધરી હેમાંગિની વી.
સભ્યો : ૧. પટેલ ચેતના એચ.
૨. પરમાર સંગીતા એ.



Scanned with CamScanner

# બાળઉછેરનું વિજ્ઞાન જાણી લઈએ...

- પ્રિ. ડૉ. પ્રફુલસિંહ જે. રાજ

**પ્રસ્તાવના :**

"આપણે બાળકો ઉછેરવાની યોગ્યતા કેળવીએ ત્યાં સુધીમાં તો આપણાં બાળકોને ઘેર પણ બાળકો થઈ ગયાં હોય છે." માર્કવાન ડોરેન નામના ચિંતકના આ કથનમાં છુપાયેલું સત્ય કડવું તો છે પણ ખોટું નથી. આ સત્ય મોડે મોડે સમજાય તો પણ એને મહેણું સમજી ભાંગવા કમર કસવી જોઈએ. તો જ બાળઉછેર વિશેની આપણી સમજનો વિકાસ થાય, બાળઉછેર વિશેના મા-બાપના જ્ઞાનમાં વૃદ્ધિ થાય. આ યુગની માતાઓ બાળઉછેરના વિષયમાં જાણકાર થઈ જાય તો બાળ/માનવ ઘડતરમાં બહુ મોટું કામ થઈ શકે. આપણે બધા જ એ વાતનો સ્વીકાર કરીએ જ છીએ કે "બાળક એ કૂમળો છોડ છે. કુમળા છોડને જેટલા જતનપૂર્વક ઉછેરવો પડે તેથી વિશેષ જતન અને કાળજીથી બાળકને ઉછેરવું પડે. બસ, આ પાયાની સમજને બાળઉછેરના વિજ્ઞાનનો સહયોગ મળે તો સોનામાં સુગંધ જ ભળે ને ?

કોઈ માતા-પિતાને એવું લાગતું હોય કે બાળઉછેર જેવા વિષયમાં શું શીખવાનું હોય ? એટલું તો આવડતું જ હોય ને ! તો એમની આ માન્યતા ભૂલભરેલી છે. બાળઉછેર એટલે માત્ર ફરજપાલન જ નથી. બાળઉછેર એક વિજ્ઞાન છે. આ વિજ્ઞાનના અભ્યાસક્રમના આપણે ઠોઠ વિદ્યાર્થી સાબિત થતા આવ્યા છીએ. સમાજમાં આપણે નજર દોડાવીશું તો ખબર પડશે કે બાળઉછેરના વિજ્ઞાનના આપણે વિદ્યાર્થી ખરા પણ કેવા ? બાળકો આપણી અંગત માન્યતાઓ અને અંધશ્રધ્ધાની કસોટી કરવાની પ્રયોગશાળા સમજીએ એવા ! તેથી તો આપણે બાળકના જન્મથી જ બીજી જ ક્ષણે પ્રયોગો શરૂ કરી દઈએ છીએ અને આ પ્રયોગો પણ કેવા હાસ્યાસ્પદ !

(૧) ગળથૂથી તો પીવડાવીએ જ... કારણ કે એમાં આપણા ગુણ ઉતરે. અહીં કયા ગુણ ઉતરે, એ પૂછવાનું મન થાય. બાળકના પેટમાં ગુણ કે રોગના જંતુ ઉતરે ?

(૨) કોઈની નજર ન લાગે તે માટે ગાલ પર મેશના ટપકાં તો કરીએ જ... આંસુઓ કે પરસેવા સાથે મેશ ચહેરા પર છવાઈ જતાં તે બાળકમાંથી બિલાડો થઈ જાય.

(૩) બાબો રડે છે. કોઈની નજર લાગી હશે, લાવો નજર બાંધીએ. નજર બાંધવાની ક્રિયામાં બાળકના રડવાના મૂળ કારણો નજર અંદાજ થાય, સારવાર ચૂકી જવાય અને બાળક નંદવાઈ પણ જાય.

(૪) છોકરું ધૂળ ખાય છે. બન્ને હાથ પર કોથળી બાંધીએ. ન રહે બાંસ, ન બજે બાંસુરી. ધૂળ ખાતું બાળક વાસ્તવમાં એમ કહેવા માંગે છે કે મને પૌષ્ટિક ખોરાક આપો.

(૫) ઓરી નીકળ્યા છે, માતાજીએ વધાવો દીધો છે. નમે નહીં ત્યાં સુધી દવા ન અપાય. ભલું કરશે માતાજી.

ઓરીના રોગમાં દવા ન અપાય એવું એકેય ગ્રંથમાં લખાયું નથી. આવી મનઘડત માન્યતાને આધારે બાળકને ભગવાનને ભરોસે છોડી દેવાનો અધિકાર આપણને કોઈએ આપ્યો નથી.



Scanned with CamScanner

(૬) બાળક તોફાન કરે છે, આપી દો બે થપ્પડ.

બાળકને મારપીટરૂપે સજા કરવી એ બાળઉછેરના વિષયમાં આપણે મેળવેલા થોડાં ઘણાં માર્ક્સ ઉપર જાતે જ ચોકડી મારવા જેવું ગણાય.

આવાં ઘણાં બધાં ઉદાહરણો એ સૂચવે છે કે બાળઉછેરના જ્ઞાનનો વિષય પ્રગટાવવો હોય તો પ્રથમ આપણાં દિમાગમાં પથરાયેલાં અંધશ્રધ્ધાના અંધારા ઉલેચવાં પડે.

કવિ ગેટે કહ્યું છે કે, "બીજમાં જેમ આખું વૃક્ષ છુપાયેલું હોય છે એમ, દરેક બાળકમાં મહાન વિભૂતિ બનવાની ભરપૂર શક્યતાઓ છુપાયેલી છે, પરંતુ અપૂરતી માવજતને કારણે આ શક્યતાઓ મૂરઝાય જાય છે. પરિણામે જગત અનેકવિધ ગુણોથી મહેકતા રંગબેરંગી બગીચાને બદલે ઘાસિયા મેદાન જેવું દેખાય છે." તેથી જ બાળઉછેરના કર્તવ્યને પ્રાથમિકતા આપવી જ પડે. જેમ કડવી દવાઓ સુગર કવોટેડ બનાવી ડૉકટરો આપતા હોય છે, તેમ પ્રસ્તુત લેખમાં બાળઉછેરના વિજ્ઞાનની કઠિન-ગંભીર બાબતો આપ સૌ સમક્ષ રજૂ કરવાનો પ્રયત્ન કરું છું.

(૧) બાળ આરોગ્ય અને બાળઉછેરના બારામાં આપણે પછાત છીએ. બાળમૃત્યુ દરના નીચેના આંકડા આપણી આંખ ઉઘાડે તેવા છે. ૨૦મી સદીની શરૂઆતમાં ૧ વર્ષથી નીચેની ઉંમરના ૨૦૪ બાળકો મરણ પામતા હતા. દર એક હજાર જીવતા જન્મેલા બાળકોમાંથી ૧૯૪૬ થી ૧૯૫૦ દરમ્યાન આ દર ૧૩૪ થયો અને આજે આ દર ૬૮ નો થયો છે. સ્વીટ્ઝરલેન્ડ, ન્યૂઝીલેન્ડ અને જાપાન જેવા દેશોનો બાળમૃત્યુ દર માત્ર ૧૦-૧૫ છે. બાળઉછેર બાબતમાં આપણામાં શું ખૂટે છે ? શું કરવાથી આપણા બાળકોનું આરોગ્ય વિકસિત દેશોના બાળકોના આરોગ્ય સમકક્ષ બનાવી શકીએ ? તો જવાબ છે.... માતા-પિતાની જાગૃતિ, સરકારની કટિબધ્ધતા અને બાળકોમાં ઈશ્વર દર્શન. આ ત્રણ દિશામાં ઠોસ પ્રયત્નો થાય તો આ પ્રશ્ન કંઈક ઉકલે.

(૨) આપણો સમાજ ગેરસમજમાં રાચે છે કે બાળઉછેરનો હવાલો માત્ર માતાનો છે. બાળક માતા અને પિતા બંનેના સંસાર બાગનું પુષ્પ હોય તો તેની માવજતની જવાબદારી પણ બંનેના હિસ્સે આવે. સંયુકત કુટુંબમાં બધા સભ્યો, ખાસ કરીને દાદા-દાદી પણ સંસ્કારની બાબતમાં ઘણો મોટો ફાળો આપી શકે. મા-બાપ બની જવું એ ઘટના માત્ર છે, વાલી બનવું તે એક સાધના છે. જેના નામ અને અટક વચ્ચે જેમનું નામ રહેવાનું છે તેવા પિતાએ અઠવાડિયાની દશ હજાર ને એંશી મિનિટોમાંથી માત્ર એંશી મિનિટ પણ પોતાની રીયલ એસ્ટેટ પાછળ ફાળવી તેની સાથે સંવાદ કરવો જોઈએ. જો માં ને "એક મા, સો શિક્ષક સમાન"ની ઉપમા મળી હોય તો તેને માથે કેટલી મોટી જવાબદારી છે તે સમજીને બાળઉછેરની સોનેરી બાબતોની સમજ મેળવી પ્રામાણિકતાથી અમલ કરવો જોઈએ.

(૩) એક રિસર્ચ રીપોર્ટના તારણ મુજબ "કોઈપણ વ્યકિતના માનસ ઘડતરની પ્રક્રિયા તેની ૨૩ વર્ષની ઉંમર પૂર્ણ થાય છે ત્યાં સુધીમાં તેની પ્રકૃતિ, માન્યતાઓ, રસ, શ્રધ્ધા, સંવેદનશીલતા વગેરે બાબતોમાં ધાર્યા ફેરફારો કરી શકાય છે." આજે બાળકો-વિદ્યાર્થીઓ આ ૨૩ વર્ષ દરમ્યાન શિક્ષણક્ષેત્રમાં હોય છે તેથી મા-બાપ, સમાજ, સરકાર વગેરેનું "બાળઉછેર" એ સંકલિત મિશન બનવું જોઈએ. આ બધાની જવાબદારી હાઈવે પરના ખાસ ડ્રાઈવર કરતાં જરાય ઓછી નથી.



Scanned with CamScanner

(૪) કદાચ માનવામાં અઘરી લાગે પણ એક મનોવૈજ્ઞાનિક સચોટતા ધરાવતી હકીકત એ છે કે વ્યકિત જીવનભરમાં જે કાંઇ પણ શીખે છે તેમાંનું અડધાથીયે વધુ તો તે પોતાની ત્રણ વર્ષની ઉંમર પૂર્ણ થતા સુધીમાં જ શીખી લેતો હોય છે. બાળક ત્રણ વર્ષની ઉંમર પૂર્ણ કરે તે પહેલાં તેને સંસ્કૃતના શ્લોકો, સ્ત્રોતો, બોધકથાઓ, તેજસ્વી હાલરડાંઓ, ગીતો જાગૃત અવસ્થા કે ઊંઘતો હોય ત્યારે સંભાળવા જોઇએ.

(૫) બાળકને જો આપણે આવતી કાલનું નાગરિક સમજતા હોઇએ તો એ તંદુરસ્ત શરીર અને સ્વસ્થ મનનું માલિક પણ હોવું જોઇએ. તંદુરસ્ત બાળકો જ તંદુરસ્ત ભારતનું નિર્માણ કરી શકે. બાળકોની તંદુરસ્તી આપણી સમૃધ્ધિ છે. વિશ્વ આરોગ્ય સંસ્થા WHO પણ સંદેશ પાઠવે છે કે "Childrens' health tomorrows weath."

આ માટે બાળપણથી જ વ્યાયામ, રમતોમાં દિલચશ્પી લે તે માટે મા-બાપે બાળકોને પ્રોત્સાહિત કરવાં જોઇએ. યોગ, ધ્યાન, સૂર્યનમસ્કાર અને ભારતીય રમતો પ્રત્યે તેનું ધ્યાન કેન્દ્રિત કરવું જોઇએ.

(૬) બાળઉછેરમાં પરિવારનું ભાવાવરણ સૌથી મહત્ત્વનું પરિબળ રહ્યું છે. પરિવારનું ભાવાવરણ મૈત્રીપૂર્ણ, હળવાશભરેલું અને ખુશીઓથી છવાયેલું હોવુ જોઇએ.

પરિવારમાં વર્તન અંગેના ધોરણો પ્રસ્થાપિત હોય, વર્તન અંગેના નિયમો સૌ સ્વેચ્છાએ સ્વીકારે-પામે, તો કોઇ પ્રશ્નો ઊભા જ ન થાય. પરિવારમાં મતભેદો સર્જાય ત્યારે તેના ઉદ્‌ભવના કારણો શોધી ઉકેલ જલ્દીથી શોધવો જોઇએ. વડીલો વચ્ચે ઠંડું યુધ્ધ, ગંદુ રાજકારણ ખેલાય તો બાળકોના ઘડતરમાં માઠી અસર પહોંચે છે.

(૭) બાળઉછેરમાં મહત્ત્વનું પરિબળ ''બાળકને અભિપ્રેરિત કરતા રહો'' તે છે. બાળકોને પ્રારંભે અભિપ્રેરિત કરવા અને એ થકી ક્રમશઃ આત્મપ્રેરણા તરફ વાળવા એ મા-બાપનું પરમ કર્તવ્ય છે. બાળક પોતે પોતાના ઉદ્દેશો અને હેતુઓથી પ્રેરાઇને ઊંચી સિધ્ધિ મેળવવા અધ્યયન કરતું થાય તો સમજવું કે તે આત્મપ્રેરિત બન્યું છે. આપણે મા-બાપોએ આપણી અપેક્ષા તેમના પર ઠોકી બેસાડવી ન જોઇએ. તેમને અભિપ્રેરિત કરવા નીચેની બાબતોનું પાલન કરીએ.

બાળકોને આદર આપીએ. તેમનું સ્વમાન ન ઘવાય તેની કાળજી લઇએ. આદર આપવાથી એમનો આત્મવિશ્વાસ વધે છે અને સફળ થવા અંગે શ્રધ્ધા જન્મે છે.

તેમને શાંતિથી સાંભળીએ. તેમને અભિવ્યકત થવાની તક આપવી એ તેને પ્રેરિત કરવાનો સફળ નીવડેલો અભિગમ છે.

બાળકે જે કામ કરવાનું છે તે જાતે કરવા દઇએ. તેને મદદરૂપ બનીએ પણ તેના વતી બધું કામ કરી તેને પરાવલંબી ન બનાવીએ.

બાળક સમક્ષ પડકારરૂપ પરિસ્થિતિ ધરવાનું રાખીએ. તેને જણાવીએ કે આ કામ સફળતાપૂર્વક કરવાની શકિત તારામાં છે જ.

(૮) બાળઉછેરમાં ઇ-કયુ (ઇમોશનલ કવોશન્ટ)ને મહત્ત્વ આપીએ. બાળકો જીવનમાં કે વ્યવસાયમાં સફળ થાય તેમ ઇચ્છતા હોય તો તેમનો ઇ-કયુ વધે તે માટેના પ્રયત્નો કરવા જોઇએ.



Scanned with CamScanner

ગઇકાલ સુધી આઇ-ક્યુ (ઇન્ટેલિજન્સ ક્વોટેશન-બુદ્ધિઆંક)ની બોલબાલા હતી. સંશોધનો થકી પુરવાર થયું છે કે માણસની સફળતામાં બુદ્ધિઆંકનું પ્રદાન વીસ ટકા હોય છે જ્યારે એંશી ટકા જેટલો ફાળો સાંવેગિકતા આંક (ઇ-ક્યુ)નો છે. જેમનો ઈ-ક્યુ ઊંચો છે તે વ્યક્તિ અન્ય વ્યક્તિ, વસ્તુ અને વાતાવરણ સાથે અનુકૂલન સાધવામાં સફળ પુરવાર થાય છે. તેથી ઈ-ક્યુને સમજી લઇએ અને બાળકનો ઈ-ક્યુ પ્રયત્ન અને તાલીમથી ઊંચો લઇ જવાનો પ્રયત્ન કરીએ.

(૯) પિતાએ પરિવારના મેનેજર (સિસ્ટમ મેનેજર) તરીકે તકેદારી રાખી ફેમિલીને મેનેજ કરતા રહેવું જોઇએ. ફેમિલીને મેનેજ કરવાના પ્રોજેક્ટ માટે દરરોજના ધોરણે કામગીરી કરતા રહેવું જોઇએ. પિતાએ પોતે પરિવારના વડીલ તરીકે બની રહેવું જોઇએ.

(૧૦) બાળકો સાથે પ્રત્યાયનમાં સક્રિય રહેવું જોઇએ. સમસ્યારૂપ બાળકોના કારણોમાંનું એક કારણ કુટુંબમાં પ્રત્યાયનનો અભાવ છે. બાળકોને સાંભળો, તેમની સાથે વાત કરો, તેમની સમજવાની કોશિશ કરો. પ્રત્યાયન માટે અલાયદો સમય ફાળવી શકતા હોય તો ઉત્તમ. અન્યથા પ્રાર્થનાના સમયે, ભોજન સમયે, લેશનના સમયે પ્રત્યાયન કરતા રહીએ. બાળકો આતુર હોય તે સમયે પ્રત્યાયન શરૂ કરો. મહત્ત્વ નહીં ધરાવતી બાબતો અંગે ચર્ચા કરો, કટોકટીના સમયને કેવી રીતે પહોંચી વળવું તે શીખી લો તે અંગે ચર્ચા કરતા રહો.

બાળઉછેર એ નસીબદાર માનવીઓના જ જીવનનો એક અધ્યાય છે. આ સદ્‌નસીબી આપણને, આપણાં બાળકો જન્મ્યાં એટલે, એમના દ્વારા પ્રાપ્ત થયું છે. આ અર્થમાં બાળકોના આપણે ઋણી કહેવાઇએ અને બાળઉછેર એ ઋણમુક્ત થવાનો એક દુર્લભ અવસર ગણાય. આ અવસરને વધાવી લઇએ.

---

બધા બાળકોમાં જો એમનામાં રહેલી શક્યતાઓ પ્રમાણે વિકાસ થાય, તો આ જગત વિભૂતિઓથી ભરાઇ જાય. બીજમાં જેમ વૃક્ષ છૂપાયેલું છે, એમ દરેક બાળકમાં તેના ભાવિની મહાન શક્યતાઓ છુપાયેલી જ હોય છે.

- ગેટે

એ એક અજાયબભરી ઘટના છે કે માણસોને વકીલ કે દાક્તર થવા માટે ભારે કેળવણી આપવામાં આવે છે, જ્યારે મા-બાપ થવાના અતિ મહત્ત્વના કાર્ય માટે, તેને લાયક થવા માટે એમને કોઇપણ પ્રકારની તાલીમ અપાતી નથી !

- જે. કૃષ્ણમૂર્તિ



Scanned with CamScanner

# Growing up of Special Learners

## (a complied note)

- Pravinchandra Master

A school is a place for all types of learners. For special learners we have a provision of inclusive education. Sometimes children having physical or mental disability are ignored in a family and also in a school. Inclusive education is a hope for such children/students. At home it is possible that the parents could not pay right attention towards such children but a school is a right place where such children/students can grow with other normal children/students.

Inclusive education is both a philosophy and educational practice. Philosophically, inclusive education is based on rights of all students, regardless of ability level, to have access to a quality educational programme. Causton - Theohais and Theoaris (2008) describe inclusive school as "place where students, regardless of ability, race, language and income are integral members of classroom, feel a connection to their peers, have access to rigorous and meaningful general education.

From the philosophical perspective, there are four assumptions underlying inclusive education (Peters, 2007):

1. All students come to school with diverse needs and abilities, so no students are found mentally different.
2. It is the responsibility of the general education system to be responsive to all students.
3. A responsive general education system provides high expectations and standards, equally academic curriculum and instruction that are flexible and relevant, an accessible environments, and teachers who are well prepared to address the educational needs of all students.
4. Progress in general education is a process evidence by school and communities working together create citizens for all inclusive society who are educated to enjoy the full benefits, rights and experiences of societal life.

Generally we found students with the following kinds of disabilities :

- intellectual disabilities/mental retardation
- hearing impairments (including deafness)
- speech or language impairments
- visual impairments
- (including blindness)
- serious emotional disturbance



Scanned with CamScanner

- orthopedic impairments
- autism, traumatic brain injury
- other health impairments

When a teacher has to work with such students he has to play different roles so that he can :

* Create a relaxed environment where students share ideas more freely, and participate more fully in the subject / topic.
* Advocate for students with disabilities when they are in general education classrooms and in special programmes.
* Counsel and interact with parents of students with disabilities.
* Encourage students to share ownership for the learning environment of the class.
* Establish positive report with students and foster a productive learning environment.
* Support content learning by creating a direct experience with course content using different TLM.
* Prepare students for collaborative group work (Barkley, Cross & Major 2005).
* Think about the activity keeping in mind the group size, levels of knowledge, risk of the activity.
* Individualize instructions for such students.
* Be innovative in providing equal educational opportunities for all students, including those with disabilities.

While a teacher is in the classroom he can facilitate the students with disabilities with different ways like :

* Introduce the activity to the group. Explain 'why ?' about your activity.
* Help students fina a partner. Do not assume that everyone will match up easily as some students are shyer than others, some may be resistant, or there may simply be an odd number in the class.
* Ask students to raise their hands if they need a partner and then help them find one.
* Indicate who will start first. For example, the student with the blue school bag or the student whose birthday is closest, etc.
* Announce when the activity is halfway finished. That way if only one student talked, the other will have a chance to participate as well.
* Debrief by asking a few pairs to share with the group what they learned about their partner, or one thing they discovered that they have in common with each other.

How can you teach inclusively ?

To a teacher teaching inclusive learners the following modalities can be helpful :



Scanned with CamScanner

* Motivation, engagement and learning are components which can be reflected with the help of the students past experiences.
* Modified teaching content, activities, assignments and examinations could be more accessible to different types of students in your class.
* Incorporate diversity into your overall curriculum.
* Be intentional about creating a safe learning environment by utilizing basic rules.
* Be proactive in connecting with and learning about your students.
* A variety of teaching strategies, activities and assignments that will accommodate the needs of students with diverse learning styles, abilities, backgrounds and experiences.

If a teacher gets a chance to inquire about students' experience with the course materials, readings and assignments for him/her it would be easy to work with the students. The following activities could help for such objective :

Reading Rating Sheets :

* Ask students to fill out short questionnaires on the class readings.
* Questions can address the clarity and usefulness of the reading, how closely the student read it, how interesting it was, and if students think the reading should be used again next term (why or why not ?).
* Ask students to fill out the small questionnaires directly after they have read, or at the beginning of the next class.
* Explain that their response will be taken into consideration in your course design decisions.

Group Work Evaluations :

* If you had students working in groups and want to know whether you facilitated that process effectively, you can conduct a group work evaluation.
* Create a short survey asking how effectively the group worked together.

Questions may include :

* How well do you think your group worked together on this assignment ?
  (Provide Likert scale options, i.e., "Strongly Agree" to "Strongly Disagree.")
* Out of x members, how many contributed adequately ?
* Out of x members, how many were prepared to do this assignment well ?
* Give an example of something you learned from another member in the group.
* Give one example of something you taught other members in the group.
* What is one change your group could make to improve ?



Scanned with CamScanner

Answering these questions also had the benefit of increasing students' meta-cognitive skills in relation to working with groups.

Assignment Assessments :

* Choose an assignment that your plan to use again.
* Create a few questions regarding this assignment's value in relation to student learning.
* Create a short assessment form for students to fill out in class or electronically through an online survey service.

Reading Disabilities and Classroom activities :

Phonemic Awareness :

The ability to hear, identify and manipulate the individual sounds in spoken words.

Example : Blending : Combining individual spoken sounds to form a word

Segmentation : Separating a spoken word into individual sounds.

Phonics :

Understanding to relationship between the letters of written language and the individual sounds of spoken language and using these relationships to real and spell words.

Example : Letter-sound correspondences : Knowing the sounds that correspond to letter and the letters that correspond to sounds. E.g. the letter *p* represent the sound /p/; the sound /aaa/ is represented by the letter a.

Regular word decoding/spelling words in which each letter represents its most common sound. E.g. mat, fast.

Advanced phonic skills : Reading/spelling words that include more advanced spelling patterns and multiple syllables. E.g. make, train, music.

As teachers if we consider teaching as a noble profession it is our duty to look after the growth and development of such students and bring them to the main stream of the society.

Reference :

Smith T. E. C., Polloway E. A. Patton J. R., Dowdy C. A., (2011) Teaching Students with Special Needs in Inclusive Settings PHI Learning Private Limited New Delhi, India.



Scanned with CamScanner

# સંતાનો સાથે મા-બાપનો વ્યવહાર

- પ્રા. ડૉ. જયંત એ. શાહ

એક માણસને કોશેટામાંથી પતંગિયું કેમ બને ? તે જોવું હતું. થોડા દિવસ બાદ કોશેટામાંથી એક છિદ્ર વાટે પતંગિયું પોતાના શરીરને બહાર લાવવા સંઘર્ષ કરી રહ્યું હતું. ઘણીવાર સુધી પતંગિયાને બહાર નીકળવા માટે મહેનત કરતું જોઈ તે માણસને દયા આવી. તેણે કોશેટાને કાળજીથી કાપી પતંગિયાને બહાર કાઢ્યું હતું. એટલે પતંગિયું ઊડયું નહીં, ચિમળાયેલી પાંખો સાથે ઢસડાયું. પેલા માણસની દયાવૃત્તિને લીધે એ સમજ્યો નહીં કે નાના છિદ્ર વાટે બહાર આવવા માટે પતંગિયાએ સંઘર્ષ કરવો જરૂરી હતો. એ સંઘર્ષ દરમિયાન એના શરીરમાંથી જે પ્રવાહી પાંખમાં ધકેલાય, એનાથી એને શક્તિ પ્રાપ્ત થાય અને તે ઊડવા માટે સક્ષમ બને. પરંતુ પેલા માણસની મદદે તેને જીવનભર પંગુ બનાવ્યું. આપણે યાદ રાખવું જોઈએ કે બાળકની પણ વધારે પડતી કાળજી લેવાથી તે પંગુ બની શકે છે. થોડોઘણો અવરોધ, સંઘર્ષ બાળકમાં રહેલી પ્રતિભાને ખીલવવામાં આશીર્વાદ સમાન હોય છે. વિપરીત સંજોગોમાં જ બાળક નવો માર્ગ કંડારીને સફળતાના શિખરો સર કરે છે.

બાળકના ઉછેર દરમિયાન માતા-પિતા દ્વારા અપાતું વધુ પડતું રક્ષણ બાળકના વિકાસને રૂંધે છે. વધુ પડતા લાડકોડ એના વિકાસને અટકાવે છે. જો બાળકને પાંગળો બનાવવો હોય તો તેની વધુ પડતી કાળજી લો.... "નહીં, બાબા રહેવા દે, એ તારાથી નહી થાય, લાવ હું કરી આપું. ના તારા એકલાનું કામ નથી. તારા એકલાથી ન જવાય. ભૂલો પડી જઈશ. હું છું ને, હું તારી સાથે આવીશ. લાવ આટલું બધું લેશન તું કયારે કરી રહેશે. તું સૂઈ જા હું અને તારી મમ્મી કરી દઈશું." આ "લાવ હું કરી આપું ની દયા ખાવાની વૃત્તિ" આપના સંતાનને પાંગળું બનાવી દેશે. તમારી આ મનોવૃત્તિ આપના બાળકનું અહીત કરશે. પેલા પતંગિયા જેવો ઘાટ થશે. એનામાં જે આત્મવિશ્વાસ પ્રગટવો જોઈએ તે પ્રગટશે જ નહીં. હંમેશા તે પોતાને પરાધીન અનુભવશે. એ કોઈપણ નવી બાબતમાં આરંભે ડર અનુભવશે. એને દરેક બાબતમાં આરંભમાં જ જોખમ લાગશે. કોઈ કાર્યની સિદ્ધિ કે સફળતા મેળવવા માટે નિર્ભય થઈને કાર્ય નહીં કરી શકે. એને એની રીતે કાર્ય કરવા દો. તેના પર નજર રાખો. અનિવાર્ય જણાય તો જ એને મદદ કરો. બાળકને એની જાતે ઊગવા દો.

બીજી બાબત જોઈએ તો દરેક માતા-પિતાની એ ઝંખના હોય છે કે એમનું સંતાન સંસ્કારી બને, પરંતુ આ વાત અંગે એમણે વિચારવું જોઈએ કે પોતે કેટલા આદર્શ સંસ્કારી માતા-પિતા છે ? સંતાનને સંસ્કારી બનાવવા સૌ પ્રથમ તમને ના ગમે એવું વર્તન બાળક સામે તમે ના કરો. જો તમે ઇચ્છતા હો કે આપનું બાળક ધીમેથી ચાવીને ખાય તો આ બાબતે તમારે ઉત્તમ આદર્શ પૂરો પાડવો જોઈએ. તમે ખૂબ ઉતાવળે ખાતા હો અને બાળક પાસે આદર્શ વર્તનની અપેક્ષા રાખો તે ન ચાલે. આપણા જેવા સંસ્કાર જુએ એવું જ એ કરે. બાળક વ્યવહારમાં એને મૂંઝવતા પ્રશ્નો પૂછવા આવે તો એને અટકાવો નહિ. એના મનને ખુલ્લું થવા દો. એની વાત ધ્યાનથી સાંભળો. બાળક માટે પૂરતો સમય આપો. બાળકનો યોગ્ય ઉછેર એ આપણી પ્રાથમિકતા હોવી જોઈએ. આ પ્રકારની કાળજીની હકારાત્મક અસર જરૂર પડશે.

આપણે સૌ જાણીએ છીએ કે કુમળા છોડને જેમ વાળીએ તેમ વળે. બાળક જોડે કઠોર

તમે બાળક જેવા થાઓ વાંધો નથી, પણ તમારાં બાળકને તમારા જેવું કરવામાં ફાંફાં મારશો નહી. -ખલીલ જિબ્રાન

Scanned with CamScanner

વ્યવહાર ટાળો. બાળકની સાથે પ્રેમથી અને ધીરજથી કામ લેવું જોઇએ. તમારામાં સહનશકિત કેળવવી પડશે. બાળક છે ભૂલો કરશે. એની ભૂલોને ક્ષમા કરી જરૂરી સમજ પ્રેમથી અને લાગણીથી આપવાનો પ્રયત્ન કરો. શારીરિક સજા દ્વારા તમે વર્તનમાં ફેરફાર લાવવા માંગશો તો એ રસ્તો તદ્દન અયોગ્ય છે. આ જ બાબત પ્રેમથી થઇ શકે છે. ઈનામ પ્રોત્સાહન દ્વારા પણ તમે બાળ વ્યવહારમાં અપેક્ષિત સારું પરિણામ લાવી શકો છો. જૈન ઉપાશ્રયોમાં ધાર્મિક શિક્ષણ માટે શારીરિક સજા આપવામાં આવતી નથી. ઉપાશ્રયમાં જવા બદલ દરેકને ચોકલેટ અને હરીફાઈમાં સારી રજૂઆત કરનારને ઈનામ મળતું હોય છે. આમ શારીરિક સજા વગર પણ અપેક્ષિત પરિણામ મળી જતું હોય છે. એટલે બાળકને તેની ભૂલ બદલ શારીરિક સજા કોઈપણ સંજોગમાં ટાળવી જોઈએ. શારીરિક સજાને કારણે બાળકના વ્યવહારમાં તિરસ્કાર, ઘૃણા જેવા દુર્ગુણોના બીજ નંખાય છે. તે પરિવારને અને સમાજને નુકશાન કરવા પ્રેરાય છે. દુરાનુકૂલનના અનેક પ્રશ્નો એનાથી જ સર્જાય છે.

મા-બાપ તરફથી સંતાનોને ભણતર, ગણતર અને ઘડતર ત્રણેય આપવા જરૂરી છે. મા-બાપના વ્યવહારથી બાળક ઘણું શીખે છે. કયાં કરકસર કરવી ? કયાં (એન્કરેજ) પ્રોત્સાહિત કરવા ? કયાં (ડિસ્કરેજ) રોકવા ? એનું બેલેન્સ કરતા જો મા-બાપને આવડી જાય તો બાળકનો ઉછેર ઉત્તમ કક્ષાનો થઈ શકે. આનાથી બાળક બગડતું અટકશે. એટલું યાદ રાખો કે આજનો આપનો ઓવરવાઇઝ વ્યવહાર બાળકની આવતી કાલ બગાડશે. નૉર્મલિટીનો વ્યવહાર આપના બાળકની આવતી કાલ સુધારશે.

સંદર્ભ :

દાદાવાણી સામયિક - ''બાળકના પાલક બનો, માલિક નહીં.'' -જૂન ૨૦૧૬



Scanned with CamScanner

# બાળવિકાસ અને રમત

- પ્રા. પારૂલ બી. ટંડેલ

૪ વર્ષનો સિમ્મી ઈંટનો નાનો ટુકડો પોતાનાં ઘરનાં મુખ્ય પ્રવેશદ્વારનાં પગથિયે ક્યારનોય ઘસ્યા કરતો હતો. તેના નાનકડાં હાથ, પગ, પગના તળિયા, ગાલ, કપડાં બધું જ રાતા રંગે રંગાઇ ગયું હતું. સિમ્મીની મમ્મા એટલે હું વારંવાર ત્યાં આંટો મારી આવતી અને સિમ્મીને ગુસ્સાથી કહેતી કે 'શું મજા આવે છે તને આવી રીતે લાદી બગાડતા ?', જો તું અને તારા કપડાં કેવા ગંદા થઇ ગયા છે ? ચાલ ઊઠ, નહીં તો હું તને મારીશ. આ તે કંઈ રમત છે તારી ? મારો ગુસ્સો સાતમા આસમાને હતો. પરંતુ હું પોતે બીજા કામમાં રોકાયેલી હતી. એટલે સિમ્મી પર માત્ર શાબ્દિક ગુસ્સો કાઢું એટલો જ સમય હું ફાળવી શકતી હતી. અને સિમ્મી.... એની દુનિયામાં મસ્ત. નીચું જોઇ, ઉપરનાં દાંતથી નીચેનો હોઠ દબાવી, તાનમાં આવી, વારંવાર ઈંટના ટુકડાને હાથ ફેરવી બધી બાજુ જોઇ લેતો ને ફરી ઘસવા માંડી પડતો. સિમ્મીની આવી તો બીજી કેટલીયે રમતો જોઇ મને થતું કે 'આ તે કંઈ રમત છે ?' તદ્દન અર્થ વગરની અને તદ્દન બિનઉપયોગી આવી રમત રમવાનો કોઇ ફાયદો ખરો ?!!!

મિત્રો રમત એ રમત છે. આપણને બાળકની કેટલીયે પ્રવૃત્તિઓ ભલે તદ્દન અર્થ વગરની અને બિનઉપયોગી લાગે, પરંતુ બાળકને મન એ અતિપ્રિય પ્રવૃત્તિ છે. બાળકના સમગ્ર વ્યકિતત્વ ઉપર એ ખૂબ સ્થાયી અસર જન્માવે છે. બાળકોની રમત એક એવી આકર્ષક ઘટના છે કે તેને સમજવા માટે ઘણા મનોવૈજ્ઞાનિકોએ પોતાના તરફથી પ્રયત્નો કર્યા છે. તેમણે આ બાબતે ઘણા સિદ્ધાંતો આપી રમતને સમજવાનો પ્રયત્ન કર્યો છે. જેમ કે.....

★ **'બાળકની વધારાની ફાજલ શકિત રમત દ્વારા ખર્ચાય છે.'** -હર્બર્ટ સ્પેન્સર

આ સિદ્ધાંત ઉપર જરા ધ્યાન આપીએ. બાળકની વધારાની ફાજલ શકિત અર્થાત્ બાળક પાસે તેની ક્ષમતા કરતાં વધારે શકિત હોય તો તે રમત માટે વાપરે. એનો અર્થ એ કે જે બાળકો શકિતહીન મતલબ માંદા છે, શારીરિક રીતે અશકત છે, તેઓ પાસે ફાજલ શકિતનો અભાવ હશે. તેથી તેઓ રમી નહીં શકે, પરંતુ આપણે એ ન ભૂલવુ જોઇએ કે કેટલીક રમતોમાં શારીરિક તાકાતની જરૂર પડતી નથી. માનસિક તાકાત જ ત્યાં ઉપયોગી બને છે.

★ **'બાળકો ભાવિ જીવનની તૈયારી માટે રમે છે.'** -કાર્લ ગ્રૂસ

આ સિદ્ધાંત કાર્લ ગ્રૂસે ઘણા બાળકોની રમતનું અવલોકન કર્યા પછી આપ્યો. તેમના મતે ઢીંગલી સાથે રમતી બાળકી, મોટી થઇને પોતાના બાળકોની કાળજી કઇ રીતે રાખવી તે શીખી રહી છે, પરંતુ મનોવિજ્ઞાન કહે છે કે બાળક રમત રમતમાં ઘણી વાતો શીખી જાય છે. ફકત શીખવા માટે રમતું નથી.

★ **'રમત હેતુપૂર્વકની હોવી જોઇએ.'** -ડૉ. મેકડૂગલ

મિત્રો, કેટલીક પ્રવૃત્તિઓ તદ્દન હેતુ વગરની હોય છે. જેમ કે, શરૂઆતમાં વર્ણવેલ કિસ્સો. બાળકને ફકત અમુક ક્રિયાનું વારંવાર પુનરાવર્તન કરવાથી એક જાતની ન સમજાય તેવી મજા આવે



Scanned with CamScanner

છે. તેથી કહી શકાય કે રમત એ બાળકની સાહજિક પ્રક્રિયા છે. તેથી ડૉ. મેકડૂગલે આપેલ આ સિદ્ધાંત પણ બંધબેસતો નથી.

★ 'સતત વ્યસ્ત, ભાગદોડવાળી જીંદગીમાંથી રાહત મેળવવા રમત તરફ વળવું જોઇએ.' -પેટ્રિક

ઉપરોક્ત બધા સિદ્ધાંતોથી જરા અલગ રીતે પોતાની વાત સમજાવતા અમેરિકન શિક્ષણશાસ્ત્રી જહોન ડયુઇ કહે છે કે 'કુદરતી રીતે જ બધાં જીવતા પ્રાણીઓ ક્રિયાશીલ હોય છે. આમ છતાં આપણે એવા આરામપ્રેમી પણ છીએ કે જે ક્રિયાથી દુઃખ થાય એ કરવાની ઇચ્છા રાખતા નથી. રમત દ્વારા જે કાંઇ ક્રિયા કરવી પડે છે તેથી આનંદ થાય છે.'

અર્થાત્

★ **'રમતનો હેતુ આનંદ મેળવવાનો છે.'**

ઘણી વ્યકિતઓ પોતાના કાર્યને રમત માને છે. દા. ત. મહાન વૈજ્ઞાનિક એડિસન રાત-દિવસ જોયા વગર પોતાની પ્રયોગશાળામાં માનવજાતિને ઉપયોગી નીવડે એવા પ્રયોગો કરતો હતો. તે તેનાં કાર્યને મહત્વનું ગણવાને બદલે તેમાંથી આનંદ મેળવવાનો પ્રયત્ન કરતો હતો. આમ, કાર્ય એ અહીં મહત્વની બાબત નથી, પરંતુ તેના પ્રત્યેનું માનસિક વલણ ઘણું અગત્યનું છે અને જે ક્રિયા માટે માનસિક વલણ હકારાત્મક બને તે ક્રિયામાંથી આનંદ નીપજે ત્યારે તે રમત બને છે.

સામાન્ય રીતે સ્વસ્થ બાળકોને રમવા માટે આગ્રહ કરવો પડતો નથી. ઊંઘવા સિવાયના બાકીના સમયમાં ઘણાં કલાકો એ રમતમાં પસાર કરે છે. રમત દ્વારા એમનાં મનને સંતોષ મળે છે અને વધારે વખત મળે તો વધારે રમવાનું એમને મન થાય છે. ઘણાં બાળકો એવા હોય છે કે જેમની ઊંઘ તેમના મગજ પર પૂરેપૂરી છવાઈ જાય, આંખો મિંચાઈ જાય અને બેઠાં બેઠાં વારંવાર ઢળી પડે છતાં અમુક રમતો રમવાનું ચાલુ જ રાખે છે. તેઓ ઘણીવાર ઊંઘમાં પણ પોતાનાં પ્રિય રમકડાંને ફીટ છાતી સરસું પકડી રાખે છે. જો તમે એની પાસેથી એ રમકડું છોડાવવાનાં પ્રયત્નો કરો તો એ જાગી જાય અથવા રડી પડે છે.

'A Philosophy of play' નામનાં પુસ્તકમાં રમતની વ્યાખ્યા આ પ્રમાણે છે.

★ **'રમત એટલે આપણને જે કરવું હોય છે તે કરીએ તે.'** -એલ.એચ.ગુલીક

સૃષ્ટિ પરનો દરેક જીવ રમત રમે છે. એટલે કે રમત સર્વ સામાન્ય ઘટના છે. ઉંમર, જાતિ, બુદ્ધિ અને વાતાવરણ જેવા પરિબળો રમત પર અસર કરે છે. બાળક રમત દ્વારા પોતાને જીંદગીમાં આગળ ઉપયોગમાં આવે તેવું ઘણું મેળવે છે. બાળકને રમત દ્વારા મળતા ફાયદાઓ નીચે પ્રમાણે છે.

* રમવાથી બાળકનું શરીર મજબૂત થાય છે. કારણ કે તે દોડે છે, કૂદે છે, ઝાડ કે ટેકરી કે ઓટલા પર ચઢે છે, ફેંકે છે..... અને આ બધી ક્રિયાઓ એના અવયવોને સ્ફૂર્તિવાળા બનાવે છે.
* અંગોના સ્નાયુઓ મજબૂત બને છે.
* લોહીનું પરિભ્રમણ સુધરે છે.



Scanned with CamScanner

- શરીરમાંથી કચરો બહાર ફેંકવાની ક્રિયા પણ સારી રીતે થાય છે.
- શારીરિક વૃદ્ધિ પ્રમાણસરની બને છે.
- બાળકની માંસલ તાકાત તથા કાર્ય કુશળતા વધે છે.
- જે બાળક રમતમાં સક્રિય છે તેવું બાળક શરીર પરનો કાબુ પ્રાપ્ત કરી શકે છે.

આ ઉપરાંત, બાળકોને ક્રિયા દ્વારા આપોઆપ શિક્ષણ મળે છે અને રમત દ્વારા એ જે સાધનોના પરિચયમાં આવે છે એનાથી એના મનમાં માનસિક પ્રતિમાઓ રચાય છે. અમુક જાતનાં રમકડાં રમતાં રમતાં વાસ્તવિક સૃષ્ટિનો એનો ખ્યાલ સ્પષ્ટ થાય છે. બાળકની સર્જનશકિત પણ ખીલે છે. આ રમતની મન ઉપર થતી અસર છે. વળી, બાળકની બુદ્ધિ પણ રમત સાથે પરિપકવ થાય છે. રમત રમતા કાયદાનો ભંગ ન કરવો, બીજાનો વારો આવે કે તરત જ તેને દાવ આપી દેવો જેવાં સામાજિક મૂલ્યો અંગેનું ભાન પણ એને થાય છે. રમતમાં જીતવા સાથે મળતી શાબાશી એના ઉત્સાહને વધારે છે.

રમત એકલાં એકલાં રમવા કરતાં બીજા સાથે સમૂહમાં રમવાથી વધારે આનંદ મળે છે. તે માટે સમૂહમાં કેમ વર્તવું, બીજાનો સહકાર કેવી રીતે મેળવવો.... તે બધી જ બાબતો બાળકો રમત દ્વારા જ શીખે છે. જ્યારે આવું ન કરનાર બાળક દીવાસ્વપ્નો જોયા કરતું તરંગી બને છે. વધુ પડતી લાગણીશીલતા, શરમ, સંકોચ અને મૂંજીપણું બાળકમાં જોવા મળે છે અને તે આગળ જતા આત્મવિશ્વાસ ગુમાવે છે. સહનશીલતા, સર્જનાત્મકતા, સંજોગોને પારખી અનુકૂળ થવાની કળા, સ્વનિયંત્રણ જેવા ગુણો તેનામાં જોવા મળતાં નથી. આમ, રમત વગર બાળકનો સર્વાંગી વિકાસ કયારેય કરી શકાતો નથી.

બાળકની ઉંમર પ્રમાણે રમતની વસ્તુ બદલાય છે. ખૂબ કિંમતી કે અત્યંત મોંઘા રમકડાં ખરીદવાને બદલે તેની ઉંમર પ્રમાણે અને જીવનની વાસ્તવિકતાનો પરિચય આપે તેવાં રમકડાં તેને રમવા માટે આપવા જોઇએ. જીવનની બધી જ સપાટીએ રમતનું મહત્વ સરખું જ રહે છે. આથી, શિક્ષણશાસ્ત્રીઓએ તથા નગરપાલિકાઓએ રમતને તથા તેનાં મહત્વને સ્વીકારીને એવા બાલભવનો બનાવવા જોઇએ કે જયાં બાળકની શારીરિક, માનસિક, ઉર્મિલ અને સામાજિક જરૂરિયાતો સંતોષાય અને તેનો સર્વાંગી વિકાસ સધાય.

અંતે હું એટલું જ કહીશ કે, 'બાળકોને રમત રમતાં અટકાવશો નહિ. એ રમત દ્વારા પોતાને પામતાં હોય છે, પોતાની શકિતઓમાં આત્મવિશ્વાસ કેળવતાં હોય છે.'

ચાલો આપણે પણ બાળક બની, થોડું રમી લઇએ, જાતને પામી નિજાનંદમાં મસ્ત બની જઇએ.



Scanned with CamScanner

# આપણે બાળકો સાથે કેવી રીતે વર્તવું જોઈએ

- ડૉ. ઈન્તેખાબ અનસારી

કોઈક ચિંતકે એવું કહ્યું હતું કે પૃથ્વી પર અવતરનાર પ્રત્યેક બાળક એવો સંદેશો લઈને આવે છે કે હજી ઈશ્વરે માણસ જાતમાંની શ્રદ્ધા ગુમાવી દીધી નથી. આમ માનવતાનો સંદેશો લઈને જન્મ લેનાર પ્રત્યેક બાળક ઈશ્વરની મૂલ્યવાન ભેટ હોય છે. વળી, પ્રત્યેક બાળક વિશિષ્ટ હોય છે, આગવું હોય છે અને એકબીજાથી ભિન્ન હોય છે, એ વાત આપણે યાદ રાખવી જોઈએ. જ્યારે આપણે આવી મૂળભૂત બાબત ભૂલી જતા હોઈએ છીએ ત્યારે બાળઉછેર સામે પ્રશ્નાર્થ ચિન્હો ઊભા થતા હોય છે. વાસ્તવમાં જ્યારે બાળકનો જન્મ થાય છે ત્યારે જ માતા-પિતાનો પણ 'જન્મ' થતો હોય છે. એટલે એક માતા-પિતા તરીકે આપણે આપણા બાળકો સાથે કેવી રીતે વર્તવું જોઈએ એ શીખવાની પણ જરૂર પડતી હોય છે. જે માતા-પિતા બાળકો સાથે વર્તવાના સિદ્ધાંતો સમજી જાય છે, એમના બાળકોનો વિકાસ યોગ્ય રીતે થઈ શકે છે. જ્યારે જે માતા-પિતા બાળકો સાથે કેવી રીતે વર્તવું જોઈએ એ શીખવામાં નબળા પડે છે, એમના બાળકોનો વિકાસ પણ નબળો રહી જવા પામે છે. તેથી આપણે આપણા બાળકો સાથે કેવી રીતે વર્તવું જોઈએ એ જેમ બને તેમ જલદીથી અને બરાબર શીખી લેવું જોઈએ.

બાળકો સાથેના આપણા વર્તન સંદર્ભે આપણામાંના મોટાભાગના લોકો એક ગંભીર સ્વરૂપની ભૂલ કરતા હોય છે. મોટાભાગે આપણે બાળકોને આપણા જેવા જ માની લેતા હોઈએ છીએ. આપણે ભૂલી જઈએ છીએ કે આપણી કક્ષા અને બાળકોની કક્ષામાં બહુ મોટો તફાવત હોય છે. આપણે બાળકોને પણ આપણા જેવા જ માનીને એમની પાસે આપણા જેવાં જ પુખ્ત વર્તન-વ્યવહારોની અપેક્ષા રાખતા હોઈએ છીએ. જે વાસ્તવમાં ક્યારેય શક્ય હોતું નથી. વાસ્તવમાં આપણે બાળકોને આપણા જેવા બનાવવાને બદલે આપણે જ બાળકો જેવા બનવાના પ્રયત્નો કરવા જોઈએ. જો આપણે આવું કરી શકીએ તો જ બાળકો સાથે યોગ્ય રીતે વર્તી રહ્યા છે એવું કહી શકાય.

પ્રત્યેક મા-બાપે પોતાના બાળકને બરાબર ઓળખવા જોઈએ. બાળકમાં કઈ શકિત અને આવડત પડેલી છે તે ઓળખવા માટેના પૂરતા પ્રયત્નો કરવા જોઈએ. અહીં એ નોંધનીય છે કે બાળકના વિકાસમાં માતા-પિતા ઉપરાંત તેના શિક્ષકનો પણ બહુ મોટો ફાળો રહેલો હોય છે. ત્યારે શિક્ષકે પણ એની સમક્ષ આવેલા બાળકોને યોગ્ય રીતે ઓળખવા જોઈએ. માતા-પિતા અને શિક્ષકોએ બાળકોને ઓળખીને એમની સાથે તદ્અનુસાર વર્તન વ્યવહાર કરવા જોઈએ. દા. ત. જો બાળકને નાનપણથી જ ચિત્રકામમાં રસ હોય તો તેને ચિત્રકામ કરવા માટે વધુને વધુ અભિમુખ કરવા જોઈએ. સામાન્ય રીતે એવું જોવાયું છે કે આપણે ત્યાં આવું થતું નથી. બાળક ચિત્રકામ કર્યા કરતું હોય તો મોટાભાગના મા-બાપ બૂમાબૂમ કરી મૂકે છે અને ચિત્રકામ ઉપરાંતના બીજા વિષયો શીખવાનો દુરાગ્રહ સેવતા જોવા મળે છે. આવું કરવાને બદલે ખરેખર બાળકને જેમાં રસ હોય એ કરવા દેવું જોઈએ.

પ્રત્યેક મા-બાપ અને શિક્ષકે બાળક જેવો હોય તેવો તેનો સ્વીકાર કરવો જોઈએ. આદર્શ તરીકે આ વાત ખૂબ સાચી છે. પરંતુ સામાન્ય રીતે વ્યવહારમાં આવું બનતું હોતું નથી. આપણે



Scanned with CamScanner

બાળકોને તે જેવો છે તેવો ક્યારેય પણ સ્વીકારી શકતા નથી. તેને લીધે અનેક પ્રશ્નો સર્જાતા હોય છે. આપણે તો જાણે નાનપણથી જ બાળકને આપણે જેવા ઇચ્છીએ છીએ તેવા બનાવવાની હોડમાં લાગી જતા હોઈએ છીએ. જે બાળક બિચારો કવિ બનવા સર્જાયેલો છે તેને જબરદસ્તી ગણિત અને વિજ્ઞાન ભણાવ ભણાવ કરીએ છીએ. શું એ કોઈ કવિનું ખૂન નથી ? એવી જ રીતે જે બાળકને રમત-ગમતમાં રસ હોય, જે મેદાનો પર પરાક્રમો કરવા સર્જાયેલો છે તેને વર્ગખંડમાં ગોંધીને સમાજવિજ્ઞાન કે ગુજરાતીના પાઠો ભણાવ્યા કરીએ છીએ. એટલે કે આપણે બાળક જે બનવા સર્જાયો હોય તે બનવામાં આપણી ભૂમિકા અદા કરવી જોઈએ. આ દ્રષ્ટિએ વિચારીએ તો આપણાંમાંથી કેટલાને બાળકો સાથે યોગ્ય રીતે વર્તતા આવડે છે તેનો સાચો ઉત્તર મળી રહે.

નાનપણમાં બાળકો ખૂબ જ કલ્પનાશીલ અને સર્જનશીલ હોય છે. તેઓ આપણે કલ્પી પણ ન શકીએ એવી અદ્દભૂત સર્જનાત્મક શકિત ધરાવતા હોય છે. પરંતુ આપણે એમની આ સર્જનશીલતાને પણ રુંધી મારીએ છીએ. નાના બાળકોના મનમાં જાત જાતના અને ભાત ભાતના પ્રશ્નો ઉદ્દભવતા હોય છે. તેઓ આપણને આવાં પ્રશ્નો પૂછતા પણ હોય છે. પરંતુ આપણે તેમની જોઈએ તેટલી દરકાર કરતા નથી અને પછી કોઈ એક તબક્કો એવો આવે છે કે બાળકો આપણને પ્રશ્નો પૂછવાનું જ બંધ કરી દે છે. તેથી જ્યારે પણ બાળકો પ્રશ્ન પૂછીને એમની સર્જનશીલતાને પ્રગટ કરે ત્યારે "એ તો એવું જ હોય" એવો ઉત્તર આપવાનું ટાળવું જોઈએ. જો આપણે બાળકો સાથેના વર્તન વ્યવહારમાં આટલું શીખી શકીએ તોયે ઘણું છે.

બાળકોને એમની શકિત અને ક્ષમતાઓને ઓળખ્યા બાદ પડકારો ઝીલવાની તાલીમ નાનપણથી જ આપવી જોઈએ. આજે એવું અવલોકન હેઠળ આવે છે કે ઘણા માતા-પિતા પોતાના બાળકોની કાળજી લેવામાં અતિરેક કરે છે અને એમને "સુંવાળા" બનાવી મારે છે. પરિણામે આવા બાળકો મોટા થાય અને જ્યારે એમના જીવનમાં તકલીફો કે મુશ્કેલીઓ આવે ત્યારે તેને પહોંચી વળી શકતા નથી. તેને પરિણામે કેટલાક બદનસીબ બાળકો તો આત્મહત્યા સુધી પહોંચી જતા હોય છે. કોઈપણ વ્યકિત આત્મહત્યા કરે તો તે માટેની મુખ્ય જવાબદારી તેના મા-બાપની જ બનતી હોય છે. જો આપણે બાળકોને નાનપણથી જ પડકારોને ઉપાડવાની તાલીમ આપી શકીએ તો બાળક આવી કમનસીબ દુર્ઘટનાઓથી બચી શકે છે.

આ ઉપરાંત પણ બાળકો સાથે વર્તતી વખતે આપણે કેટલીક વિશેષ કાળજી રાખવી જોઈએ. જેમ કે માતા-પિતા પોતે જૂઠું બોલતા હોય અને બાળકે સત્ય બોલવું જોઈએ એવી અપેક્ષા રાખતા હોઈએ તો એ ક્યારેય શકય બનતું નથી. માતા-પિતાએ પોતે પોતાના જીવનમાં શિસ્ત અને સંયમ ન કેળવ્યા હોય અને પોતાના બાળકો પાસે શિસ્ત અને સંયમની અપેક્ષા રાખતા હોય તો એ પણ શકય બનતું નથી. જો બાળકને ટેલિવિઝનનો વિવેકપૂર્વક ઉપયોગ કરતા શીખવવો હોય તો તેની પૂર્વશરત એ છે કે માતા-પિતાએ સ્વયં ટેલિવિઝનનો વિવેકપૂર્વક ઉપયોગ કરતા શીખવું પડે. એવું જ અન્ય બાબતોમાં પણ થવું જોઈએ. બાળકો માતા-પિતાનું અવલોકન કરીને અને તેમનું અનુકરણ કરીને શીખતા હોય છે. એવી જ રીતે તેઓ એમના શિક્ષકોનું અને એમની કાર્યપદ્ધતિનું પણ અનુકરણ અને અવલોકન કરતા હોય છે. તેથી એ જરૂરી છે કે આપણે સ્વયં આદર્શ વર્તન-વ્યવહારો કેળવીએ. તો જ આપણે આપણા બાળકોનો યોગ્ય વિકાસ સાધી શકીશું. મૂળ વાત આપણે બાળકો સાથે અને બાળકો સમક્ષ કેવી રીતે વર્તવું જોઈએ ? એ શીખવાની છે.



Scanned with CamScanner

# બાળઉછેર એક મૂડીરોકાણ

- કવિતા અરવિંદભાઈ રાઠવા
(ગ્રંથપાલ)

મૂડીરોકાણ શબ્દ સાંભળતાવેંત જ આપણા સૌની નજરમાં શેર, શેરબજાર, સ્થાવર અને જંગમ અસ્કયામતો કે મિલકત પર કરવામાં આવેલાં નાણાકીય રોકાણ વિશે જ ખ્યાલ આવે, પણ મારે તો તમારી સાથે એવા મૂડીરોકાણની વાત કરવી છે, જે પેઢી દર પેઢીનું મૂડીરોકાણ છે. કદાચ આપણે કરેલું નાણાકીય મૂડીરોકાણ ફક્ત નાણાકીય સદ્ધરતા આપે છે, પરંતુ મનુષ્યમાત્રનું સર્વશ્રેષ્ઠ મૂડીરોકાણ બાળઉછેર માટે આપેલો સમય જ છે. બાળઉછેરમાં સંસ્કારનું મૂડીરોકાણ, સુરક્ષાનું મૂડીરોકાણ, સંસ્કાર ઘડતર અને ગણતર માટે સમયના મૂડીરોકાણની જરૂર છે. આપણે સૌએ નાણાકીય મૂડીરોકાણ વિશે ખૂબ જ ચિંતન, મનન અને સલાહ સાથે કર્યું હશે. પણ તમારા ઘરમાં પદાર્પણ કરનાર તમારા આત્મસ્વરૂપ બાળકો જે સમાજ અને દેશના ભાવિ નાગરિકો છે તેવા આપણા જ અંશ સમાન, હૃદયના ટૂકડા સમાન બાળકો માટે કદીયે આટલું ચિંતન કે મનન કર્યું છે ખરું ? જો હા હોય તો ખૂબ જ સરસ ! પણ જવાબમાં ના હોય તો વિચારવું જ રહ્યું ?

બાળ ઉછેરમાં મૂડીરોકાણ એટલે - બાળકોના ઉછેર માટે આપેલો સમય, બાળકોની જિજ્ઞાસાને સંતોષવા માટે આપેલો સમય, બાળમાનસને સમજવા માટે આપેલો સમય, બાળકોમાં સંસ્કાર અને મૂલ્યોનાં સિંચન માટે આપેલો સમય, તે અંગેનું સુયોગ્ય વાતાવરણ પૂરું પાડવા માટે આપેલો સમય. આ દરેકમાં સમયનું તત્ત્વ ખૂબ જ અનિવાર્ય છે.

બાળક પરમાત્માનું શુધ્ધ, નિર્દોષ અને પવિત્ર સ્વરૂપ છે. બાળક એ શકિતનો ફુવારો છે, તરવરાટનો દરિયો છે. બાળક કુમળા છોડ સમાન છે, જેમ વાળે તેમ વળે. પણ શું આ કુમળા કાચા ઘડાને આકાર આપવા માટે આપણે કુંભારની જેમ પુરૂષાર્થ કર્યો છે ખરો ? બાળકની આ શકિત અને તરવરાટને મા-બાપે યોગ્ય દિશા તરફ વાળ્યો છે કે નહીં એ મહત્વનો મુદ્દો છે. આ તરવરાટ તો બધી દિશામાં પ્રસરી શકે છે. તમે કઇ દિશામાં લઇ જવા માંગો છો તે દિશામાં મા-બાપ દ્વારા કરવામાં આવેલા સાહજિક પ્રયત્નોથી જ મળતો હોય છે.

આધુનિક સમાજમાં પરિવારની વ્યાખ્યા જ બદલાઇ ગઈ છે. આધુનિક કહેવાતા ડેડ-મોમ અસ્તિત્ત્વના સંઘર્ષમાં કે કારકિર્દીને આગળ ધપાવવાની દોડમાં અથવા પ્રતિસ્પર્ધાની દોડમાં બાળકોના ઉછેરનું ખૂબ જ અગત્યનું અને જવાબદારીભર્યા જીવનના કર્તવ્યને હળવાશથી લે છે. એ બાબતે બેદરકાર બન્યા છે. માતા-પિતા અને પરિવારજનો બાળકને હાઇફાઇ દેખાતા પ્લે-ગ્રુપ, એ-ગ્રેડ ધરાવતી અંગ્રેજી માધ્યમની સ્કૂલમાં પ્રવેશ તેમજ Story Telling, Swimming, Painting, Music અને Tution Classes જેવાં અનેક વર્ગોમાં પ્રવેશ અપાવી સંતાનનો સારો ઉછેર કર્યો છે તેનાથી હાશકારો અનુભવે છે. આ તો બાહ્ય ચળકાટનો ભ્રમ છે. સગવડ અને સાધન બાળકને સુસંસ્કારિત કરશે જ એવું માનવાને કોઇ કારણ નથી. માતા-પિતાએ પોતાની હૂંફ, પ્રેમ, આચરણ અને સહવાસના માધ્યમ દ્વારા જ તેમાં સંસ્કારોનું સંક્રમણ કરવાનું છે.

ભારતીય સંસ્કૃતિમાં સોળ સંસ્કારોના શાસ્ત્રોક્ત વિધાન છે. એમાંનો એક ગર્ભધારણ સંસ્કાર ખૂબ જ પવિત્ર અને મહત્વનો સંસ્કાર ગણાતો. મહાભારતના અભિમન્યુની વાતથી બધા



Scanned with CamScanner

વાકેફ છે. જીજાબાઇના હાલરડાં અને શૌર્યગીતોની વાત પણ જાણીએ છીએ. આધુનિક વિજ્ઞાને પણ ગર્ભસંસ્કારને સમર્થન આપ્યું છે. ગર્ભસંસ્કાર કેન્દ્રો પણ જોવા મળે છે. જેમાં, નવજાત શિશુનું આ પૃથ્વી પરના આગમન માટે પૂર્વ તૈયારીરૂપે ગર્ભવતી માતાઓને પ્રાર્થના, ધ્યાન, આનંદિત અને પ્રફુલ્લિત વાતાવરણ, સાત્વિક આહાર-વિહારનું જ્ઞાન, જુદાં જુદાં મહાન ચરિત્રોનું વાચન, સદગ્રંથોનું વાચન, સાહસિક અને વીરકથાઓનું વાચન અને શ્રવણ વગેરે જેવી પ્રવૃત્તિઓથી ગર્ભસ્થ શિશુમાં સંસ્કાર સિંચન કરવામાં આવે છે. પહેલાંના સમયમાં સંસ્કારી કુટુંબોમાં આ બાબત પર સવિશેષ ધ્યાન આપવામાં આવતું હતું. માતા-પિતાએ બાળકને શારીરિક, માનસિક તેમજ સંસ્કાર વારસો આપી આચાર-વિચારને સંક્રમિત કરવાનું છે.

બાળક અનેક જિજ્ઞાસાના ઘોડાપૂરમાં વહેતો હોય છે. એની જિજ્ઞાસા અને પ્રશ્નોને વાચા મળી રહે એવું વાતાવરણ પૂરું પાડવાનું કાર્ય કરવાનું છે. બાળકને સંતોષ મળે તેવી પ્રવૃત્તિ, માહિતી અને કઇ રીતે તેને મેળવી શકાય તેવો માહોલ સર્જવાનું કાર્ય માતા-પિતાએ કરવાનું છે.

બાળકની મનોસ્થિતિ સમજવામાં અને સમજ્યા પછી આ સ્થિતિને સુયોગ્ય રીતે હલ કરી શકાય તેવું વાતાવરણ કે પરિસ્થિતિ પણ સર્જવી પડશે. નહીં તો તેની વિપરીત અસર કુમળા બાળ માનસ પર જોવા મળે છે.

સમયની ખેંચ અનુભવતા શિક્ષિત અને અતિવ્યસ્ત આજના મોમ-ડેડએ બાળકોને રોજ નિયમિત તમારો સમય આપો એ જ એમના માટે અતિ મૂલ્યવાન ભેટ ગણાશે. તમારા શબ્દો, વ્યવહાર, દૈનિક કાર્યો, ઉઠવું, બેસવું વગેરેનું અનુકરણ બાળક કરે છે. બાળક અનુકરણ દ્વારા જ મોટા ભાગનું શીખતો હોય છે.

બાળક તમારી વાતનું સૂક્ષ્મ નિરીક્ષણ કરતું હોય છે. તમે એની આગળ એક મોડેલ, એક આદર્શ બનો.

માતા-પિતાએ સંતાનનો ઉછેર એક સાધના સમજીને કરવાનું છે. બાળકના ઉછેર માટે સમય આપીને ખોવાતાં જતાં બાળપણને સાચવવાનું છે.

બાળ ઉછેર એ ચેતનાની ખેતી છે. બાળઉછેરમાં માવજતની જરૂર છે. માળીની જેમ ભૂમિકા ભજવવાની છે. બાગમાં માળી એક બીજનું બીજારોપણ કરે છે, પણ તેને અંકુરિત અને વૃદ્ધિગત કરવા માટે જરૂરી સંતુલિત અને યોગ્ય માત્રામાં ખાતર પાણી આપશે, એવી જ રીતે માતા-પિતાએ સમયરૂપી ધનનું મૂડીરોકાણ કરીને પોતાના સંતાનનું યોગ્ય દિશામાં યોગ્ય રીતે જોઇએ તેવા સ્વરૂપમાં બાળકનું નિર્માણ કાર્ય કરશે તો જ તે પોતાના જીવન બગીચામાં ફૂલોને ખીલતાં જોઇ શકશે.

- *"The attention & environment you provide, shapes your child's brain development of life."*
- *"Every child is a different kind of flower and all together make this world a beautiful garden."*
- *"Childhood is a small window of time to learn and develope at a pace that's right for each individual child."*



Scanned with CamScanner

# બાળવિકાસની સંકલ્પના

- રંજિતાબેન એ. ગામીત
(રોલ નંબર-૩૮)

પ્રત્યેક સજીવના જીવનનું પ્રત્યક્ષ કે પરોક્ષ ધ્યેય વિકાસ જ હોય છે. દરેક બાળક વિકાસ પામે છે. આ વિકાસ એટલે બાળકનો શારીરિક, માનસિક, સાંવેગિક, સામાજિક, આધ્યાત્મિક, સૌંદર્યલક્ષી અને નૈતિક વિકાસ. જીવન એટલે જ પરિવર્તન. દરેક વ્યકિત પરિવર્તનથી જ વિકાસ પામે છે. દરેક બાળકની જેમ જેમ વૃદ્ધિ થાય છે, તેમ તેમ તે વિકાસ સાધતો જ રહે છે. દરેક બાળકનો વિકાસ તેના ગર્ભાધાનથી સતત થતો રહે છે. બાળક ગર્ભસ્થ હોય છે, ત્યાંથી તે જન્મ પામે અને મોટો થાય ત્યાં સુધી તેની વિકાસયાત્રા નિરંતર ચાલતી રહે છે. વિકાસ એટલે બાળકના શરીરમાં થતા ફેરફારોથી તેના વિવિધ ગુણોમાં થતો ફેરફાર. બાળકના મગજની વૃદ્ધિ થવાની સાથે તેનામાં યાદશકિત, તર્કશકિત, ખ્યાલોની સમજ અને કલ્પનાશકિત વધતાં તેનો વિકાસ થાય છે, જેને ''બાળવિકાસ'' તરીકે ઓળખાવી શકાય. દરેક બાળકનો વિકાસ ચોકકસ દિશામાં થાય છે. બાળકનો વિકાસ માથાથી પગની દિશામાં થાય છે. એટલે કે સૌ પ્રથમ બાળકના મસ્તકનો વિકાસ થાય છે અને ત્યારબાદ પગ પરિપકવ બને છે. જન્મ સમયથી જ બાળક પ્રથમ સપ્તાહમાં પોતાનું માથું ઉઠાવી શકે છે. ત્યારબાદ ધીરે ધીરે તેના હલનચલનનો વિકાસ થાય છે. બાળકના વિકાસનો આધાર વારસા અને વાતાવરણ પર પણ છે. બાળકનો વિકાસ એકલા વારસાને આધારે કે કેવળ વાતાવરણને આધારે થઇ શકતો નથી, પરંતુ બાળકનો વિકાસ વારસો અને વાતાવરણની આંતરક્રિયાને આધારે થાય છે. વ્યકિતનું વ્યકિતત્વ તેના વારસો અને વાતાવરણથી ઘડાય છે. આ બંને પરિબળો બાળકના વિકાસની દિશા નકકી કરે છે.

બી.એફ. સ્કિનરના મંતવ્ય મુજબ,

"Development is the continuous and gradual process." એટલે કે ''વિકાસ એ નિરંતર અને ક્રમિક રીતે ચાલતી પ્રક્રિયા છે.''

વૃદ્ધિ અને વિકાસનો આરંભ બાળકની ગર્ભાવસ્થાથી થાય છે. બાળવિકાસ વૃદ્ધિને અનુસરે અને તે વૃદ્ધિ કરતાં વધારે સંકુલ ઘટના છે. બાળવિકાસ એ વૃદ્ધિને લીધે વ્યકિતને પ્રાપ્ત થતું સામર્થ્ય છે.

હરલોક બાળવિકાસ વિશે નીચેનું મંતવ્ય રજૂ કરે છે,

"Development is not limited of larger, instead it consists of progressive and series of changes towards the goal of maturity. Development results in new characteristics and new abilities on the part of the individual."

''વિકાસ એ વૃદ્ધિ પૂરતો મર્યાદિત નથી, તેને બદલે તે પરિપકવતાના લક્ષ્ય તરફ દોરી જતી પ્રગતિશીલ પરિવર્તનોની શૃંખલા છે. વિકાસ એ વ્યકિતના સંદર્ભે નવીન વિશિષ્ટતાઓ અને નવીન શકિતઓમાં પરિણમે છે.''

આમ, બાળવિકાસની પ્રક્રિયામાં અનેક પરિબળો અને કૌશલ્યોનું સંયોજન ભાગ ભજવે છે.



Scanned with CamScanner

પૂર્ણતા તરફની ગતિ એ બાળવિકાસનું લક્ષ્ય છે. બાળવિકાસને પરિણામે જ વ્યક્તિમાં નૂતન વિશિષ્ટતાઓ અને વિશિષ્ટ યોગ્યતાઓ આકાર લે છે. વિકાસની પ્રક્રિયા સતત અને ક્રમિક હોવાથી ક્રમિક રીતે જ વ્યક્તિમાં યોગ્યતાઓ અને શક્તિઓ પ્રગટે છે અને વિકસે છે.

એન્ડરસનના મતે, "બાળવિકાસ એ માત્ર શારીરિક કે માનસિક શક્તિની વૃદ્ધિનો ઉલ્લેખ કરવા ઉપરાંત બીજું ઘણું સૂચવે છે. બાળવિકાસ એ અનેક કાર્યોના એકીકરણની જટિલ પ્રક્રિયા છે."

આમ, જોતાં વિકાસ એ માત્ર શારીરિક ઘટના નથી, પરંતુ તેની સાથે માનસિક વ્યાપાર સંયોજાય અને તેને પરિણામે વ્યક્તિમાં ઈષ્ટ અને ઈચ્છિત વ્યવહાર કરી શકવાનું સામર્થ્ય પ્રગટે તે વિકાસ છે. બાળવિકાસ એ સંકુલ ઘટના એટલા માટે છે કે વિકાસની ક્રિયાઓમાં અનેક પરિબળો અને કૌશલ્યોનું સંયોજન થાય છે. આથી એમ કહી શકાય કે વિકાસ એ વ્યક્તિમાં થતું પરિવર્તન છે.

આ રીતે, બાળક જેમ જેમ મોટું થાય છે તેમ તેમ તેમાં પરિવર્તન થતું રહે છે અને તેના વર્તનમાં પણ પરિવર્તન આવે છે. બાળકની ઉંમર અનુસાર તેની પાસે જે વર્તનતરાહની અપેક્ષા રાખવામાં આવે છે તેને તેની વિકાસતરાહ કહેવામાં આવે છે. જેને બીજા શબ્દોમાં "બાળવિકાસ" તરીકે ઓળખી શકાય.

---

યહૂદીઓના સંસારી ધર્મગુરુઓ રબ્બાઈ તરીકે ઓળખાય છે. એક દિવસ રબ્બાઈના ઘરે મહેમાન પધાર્યા. ઘરમાં એક ટેબલ અને ખુરસી સિવાય બીજું કશુંય ન હતું. મહેમાને રબ્બાઈને પૂછ્યું : "તમારા ઘરમાં ફર્નિચર નથી ?" રબ્બાઈ શાંત રહ્યા. ધીમે અવાજે એમણે મહેમાનને પ્રશ્ન કર્યો : "તમારી પાસે પણ અત્યારે ફર્નિચર ક્યાં છે ?" મહેમાને આશ્ચર્ય સાથે કહ્યું : "પણ હું તો અહીં મહેમાન છું." રબ્બાઈએ તરત કહ્યું : "હું પણ અહીં મહેમાન જ છું." જવાબ સાંભળીને મહેમાન મૌનમાં ગરકાવ થઈ ગયા !



Scanned with CamScanner

# બાળપણનું મહત્વ

- શીતલ વી. પંડયા
(રોલ નંબર-૦૮)

દરેક માણસનું જીવન વિવિધ તબકકાઓમાં વહેંચાયેલું હોય છે. આ તમામ તબકકાઓમાં બાળપણ એ દરેક માણસના જીવનનો પ્રથમ અને યાદગાર તબકકો હોય છે. કેમ કે બાળપણનું જીવન આનંદમય અને હર્ષ-ઉલ્લાસથી ભરેલું હોય છે. બાળપણ એ જવાબદારી વગરનું હોય છે. દાખલા તરીકે, બાળક સવારે દૂધ સાથે બ્રેડ ખાય છે પણ એને એ ખબર નથી કે દૂધ અને બ્રેડ કયાંથી આવે છે. એ તો બસ નિરાંતે કોઈપણ પ્રકારના વિચાર વગર માત્ર દૂધ અને બ્રેડ એન્જોય કરે છે.

આમ બાળકને કોઇ જવાબદારી હોતી નથી. બાળક તો આખો દિવસ આનંદ અને મોજથી રમતું હોય છે. તે નવા નવા ક્રિયા કલાપો કરતું હોય છે. તેમજ તેના મનમાં અલગ અલગ તરંગો ઉત્પન્ન થતાં હોય છે. જેમ કે, (૧) ખિસ્સામાં હાથ નાખી લોકોને કહે છે કે મારા હાથ કયાં ખોવાઇ ગયા ? (૨) બારણા પાછળ સંતાઇને બધાને બીવડાવે છે. વગેરે.... આમ બાળકો અલગ અલગ રમતો રમીને પોતાની શકિતનો વિકાસ કરે છે.

બાળક જન્મે છે ત્યારે કોરી સ્લેટ જેવું અને નાસમજ હોય છે. બાળકમાં પોતાની જૈવિક ક્રિયાઓ સિવાય બીજી કોઇ સમજ હોતી નથી. ભૂખ, તરસ, ઠંડી, ગરમી અને પીડા સિવાય બીજી વિશેષ અનુભૂતિઓ એને થઇ શકતી નથી. ધીમે ધીમે બાળક મોટું થાય છે અને પોતાની આજુબાજુના વાતાવરણમાંથી અનુભવો ગ્રહણ કરતું રહે છે. બાળક જોઇને, સાંભળીને, સ્પર્શીને, સૂંઘીને, ચાખીને પોતાના અનુભવોનું ભાથું એકઠું કરે છે. આ બધું કરતાં બાળકનું અનુસંધાન માતાના ચહેરા સાથે થાય છે. આમ બાળક સૌથી પહેલા પોતાની માતાને ઓળખે છે અને તેનો બધો આધાર માતા પર રહે છે.

બાળપણમાં બાળક સવારે ઊઠે ત્યાંથી રાત્રે સૂઇ જાય ત્યાં સુધીની તમામ જવાબદારી માતા-પિતાની હોય છે. એટલે બાળપણ જેવું બિન્દાસ જીવન માણસને એક જ વાર જીવવા મળે છે. કારણ કે બાળપણ પૂરું થાય પછી એનાં જીવનમાં વિવિધ જવાબદારીઓ સતત વધતી જાય છે પછી એની 'જાગવાની' અવસ્થા આવી જાય છે.

બાળપણનો સમય એ અતિ મહત્ત્વનો તબકકો ગણાય છે. કારણ કે એ સમયમાં બાળકને કોઇ ચિંતા હોતી નથી. તે ચિંતામુકત હોય છે. મુકત આનંદ અને ઉલ્લાસમાં તેનો સમય જતો હોય છે અને આ સમય દરમિયાન બાળકના જીવન ઘડતરનો પાયો નંખાવાનું શરૂ થાય છે. આમ 'બાળક એ ભગવાનનું સ્વરૂપ' હોય છે. એમને મારા-તારાની ખબર હોતી નથી. આથી તેમનામાં સારા સંસ્કારોનું સિંચન માતા-પિતાએ કરવાનું હોય છે. જેમ કે, સવારે જલ્દી ઊઠવું, વડીલોનો આદર કરવો, ભગવાનનું સ્મરણ કરવું, વગેરે....

ત્યારબાદ બાળકના જીવનમાં વારસો અને વાતાવરણ પણ અસર કરે છે. જેવું વાતાવરણ હોય તેની સીધી અસર બાળક ઉપર પડે છે. આ સાથે મહત્ત્વનો ભાગ ભજવનાર કોઇ હોય તો તે છે બાળકના દાદા-દાદી. બાળકનો સર્વગ્રાહી વિકાસ કરવાની સૌથી અગત્યની વાત બાળકોને રોજ



Scanned with CamScanner

રાત્રે સૂતી વખતે વાર્તાઓ કહેવામાં આવે છે. દા.ત. રામાયણની વાત, મહાભારતની વાત, ગણેશજીની વાત, પંચતંત્રની બોધકથાઓ, વગેરે....

આ ઉપરાંત, બાળકને બાળકાવ્યો પણ સંભળાવવામાં આવે છે. આ સાથે સારી રીત-ભાતની વાર્તાઓ પણ કહેવામાં આવે છે. આવું કરવાથી બાળક વિવેકી બને છે. વાર્તાઓ સાંભળવાથી બાળકની કલ્પનાશકિત ઉપરાંત બોલવાની, લખવાની આવડતમાં પણ વધારો થાય છે. આમ આ બધી બાબતોનું ધ્યાન બાળપણમાં જ રાખવામાં આવે છે.

બાળકના જીવનમાં તેનું ઘર પણ ખૂબ મહત્ત્વનો ભાગ ભજવે છે. કારણ કે બાળક ઘરમાંથી ઘણું બધું શીખતો હોય છે અને ઘણું બધું જોતો પણ હોય છે. દા.ત. માતા જૂઠું બોલે તો બાળક પણ જૂઠું બોલતા શીખે છે. માતા ચોરી કરે તો બાળક પણ એવું કરે તેવી શકયતા છે. આમ બાળક જેવું જોવે, જેવું ગ્રહણ કરે તેવું જ શીખે છે. તેથી કોઈપણ કામ બાળકને ધ્યાનમાં રાખીને કરવાનું હોય છે. બાળકને પ્રેમ, હૂંફની જ જરૂર હોય છે. આમ કરતાં બાળકમાં વિશ્વાસ, પ્રેમ, અને સલામતીની લાગણીઓ બંધાય છે.

એક સંતની વાત જોઈએ તો એક માતા પોતાનું બાળક ગોળ ખૂબ ખાતો હોવાથી તેને એક સંત પાસે લઈ જાય છે ત્યારે એ સંત એ માતાને બાળકને બીજા દિવસે લઈને આવવાનું કહે છે. માતા બીજા દિવસે બાળકને લઈને સંત પાસે જાય છે અને સંત કહે છે, બેટા ગોળ ન ખાવો જોઈએ. ત્યારે માતા કહે છે કે સંતજી તમે આટલી વાત કહેવા માટે બીજા દિવસે કેમ બોલાવ્યા ? કાલે જ કહી દીધું હોત તો ? ત્યારે સંત કહે છે કે કાલે હું પોતે જ ગોળ ખાતો હતો એટલે હું સલાહ આપી શકું એમ ન હતો.

આમ, આ વાત પરથી એ જાણવા મળે છે કે જ્યાં સુધી આપણે પોતે કોઈપણ વાતનું પાલન ન કરીએ અથવા કોઈની સલાહ ન માનીએ ત્યાં સુધી આપણે કોઈને પણ સલાહ ન આપી શકીએ. કારણ કે તેની સીધી અસર બાળકના જીવન ઉપર પડે છે.

"કુમળા છોડને જેમ વાળવું હોય તેમ વાળી શકાય છે." તેવી જ રીતે બાળકને નાનું હોય ત્યારે જેમ વાળવું હોય એમ વાળી શકાય છે. બાળક શરૂઆતમાં કાલી ઘેલી ભાષા બોલે છે. જેમ કે 'દા-દા', 'મા-મા' વગેરે.... આ ઉપરંત તે 'કાતર' ને બદલે 'કાતલ' જેવા શબ્દો બોલે છે અને તે પા-પા પગલી કરતું ચાલતું થાય છે ત્યારે તેની મજા કંઈક અલગ જ હોય છે. બાળક એટલું સ્વતંત્ર હોય છે કે તે નાનું હોય ત્યારે કોઈની પણ પાસે જતું રહે છે. કારણ કે તેને કોઈ ચિંતા કે ડર હોતો નથી. જો કોઈ બાળક ડરતું હોય તો તેનામાં આત્મવિશ્વાસ વધારવાનો છે અને ડગલે ને પગલે તેને સાથ આપવાનો છે કે જેથી બાળક પોતાની દિશામાં આગળ વધતું જાય.

બાળક શાળાએ જવાનું હોય છે ત્યારે તે રડે છે, પરંતુ ધીમે ધીમે તે શાળાએ જવા લાગે છે અને તેને મજા પણ આવવા લાગે છે. બાળક તેમજ માતા-પિતા માટે એ શાળાના દિવસો અનેરા હોય છે. એ શાળાના દિવસો તેને જીવનભર યાદ રહે છે. આથી બાળકનાં જીવનમાં મોજ-મસ્તી સિવાય તેની અંદર ઘણું બધું રહેલું હોય છે. જે ધીરે ધીરે બહાર લાવવાનો પ્રયત્ન બાળક કરતું રહે છે. આમ બાળપણ જેવી કોઈ અવસ્થા નથી. એક શેર જોઈએ તો,



Scanned with CamScanner

"ન એને ચવાયેલો ઈતિહાસ આપો,
દિશાઓ ખૂલે એવો અભ્યાસ આપો,
તમારી સીમાઓ ન દેખાડો એને
એ બાળક છે, એને તો પ્રકાશ આપો !"

આમ બાળકને પોતાની રીતે જ રહેવા દેવું જોઈએ. બાળકને ફક્ત પ્રેમ આપવાનો છે. બાળક પાસે પોતાના વિચારો છે. આથી બાળક પોતાના વિચારો વિસ્તારે એવો પ્રકાશ તેને આપવાનો હોય છે. તેમજ બાળક જે બનવા માંગે છે તે એને બનવા દેવું જોઈએ.

આજે સોનાની ખૂબ કિંમત છે એવી રીતે બાળકની પણ એટલી જ કિંમત છે. નાનપણમાં બાળકોને જે કહેવામાં આવે તેનાથી તે ઊંધુ જ કરતાં હોય છે. બાળકો એટલા હોંશિયાર હોય છે કે મા-બાપ પોતાની કેટલી કાળજી લે છે, કઈ કઈ કાળજી રાખે છે આ બધું જ જોતા હોય છે. આમ, બાળક ઘરમાં જે બોલવામાં આવે છે તે સાંભળે છે અને તેનો બોધ ગ્રહણ કરે છે.

કહેવાય છે કે "બાળક વિનાનું ઘર સ્મશાન જેવું હોય છે." આથી દરેક ઘરમાં એક બાળક હોવું જરૂરી છે. જે ઘરમાં બાળક હોય એ ઘરની રોનક જ કંઈ અલગ હોય છે અને બાળકને જોઈને આપણને પણ બાળપણના દિવસો યાદ આવી જાય છે.

બાળકો કેટલીકવાર ગુસ્સો પણ કરતાં હોય છે. જેમ કે, કેટલીકવાર સંતાઈને ખૂણામાં બેસી જાય, ભીંત સાથે માથું અફાડે, વગેરે.... પરંતુ બાળકનો એ ગુસ્સો થોડીવાર જ હોય છે.

સૂરજના કિરણો જેમ સોનેરી સવાર લઈને આવે છે, દીવાની જ્યોત અંધકારમાં પ્રકાશ લાવે છે. એવી જ રીતે બાળપણના દિવસો સોનેરી અને મા-બાપના જીવનમાં પ્રકાશ લાવનારા હોય છે. આથી બાળપણ એ મુક્તપણે મનાવાતી અવસ્થા છે.

આથી કહેવાયું છે કે બાળપણ એ બાળપણ જ છે એના જેવું બીજું કંઈ જ નથી.

આમ બાળપણ એ માણસના જીવનનો અતિ યાદગાર તેમજ જીવન ઘડતર માટે અતિ મહત્ત્વનો તબક્કો છે. મને પણ ક્યારેક એવું થાય છે કે હું ફરીથી બાળક બનું અને મારું શૈશવ કે જે ખોવાઈ ગયું છે એ શૈશવના ખોવાયેલા સ્મરણો તાજા થાય છે ત્યારે મારી આંખ ભીની થઈ જાય છે.

"If you Carry your childhood with you, you never become older."

અંતે એટલું જ કહેવું છે કે,

"બાળપણ એ જીવનનો એક શ્રેષ્ઠ હિસ્સો છે."



Scanned with CamScanner

# બાળવિકાસના સિદ્ધાંતો

- રેશ્મા જે. પરમાર
(રોલ નંબર-૪૧)

જીવિત વ્યકિતનો ક્રમિક અને સતત વિકાસ થાય છે. જન્મ સમયે તે બાળક કહેવાય છે. પછી વૃદ્ધિ અને વિકાસ થતા તે કિશોર કહેવાય. આમ, અવસ્થાઓ બદલાય છે ત્યારે તેનામાં કેટલાક પરિવર્તનો આવે છે અને વિકાસની પ્રક્રિયા ચાલ્યા કરે છે. વૈજ્ઞાનિક નિરીક્ષણના પરિણામે બાળવિકાસના કેટલાક સામાન્ય સિદ્ધાંતો તારવવામાં આવ્યા છે જે મુજબ સામાન્ય સંજોગોમાં વિકાસની પ્રક્રિયા થયા કરતી હોય છે. આવા જ બાળવિકાસના કેટલાક મહત્ત્વપૂર્ણ સિદ્ધાંતો અહીં ચર્ચવામાં આવ્યા છે.

## ૧. વિકાસ-દિશાનો સિદ્ધાંત :-

દરેક જાતના વિકાસને ચોકકસ દિશા હોય છે. વિકાસની દિશા બે રીતે જોવામાં આવે છે. (૧) મસ્તક-પાદક્રમ, (૨) નિકટ-દૂરક્રમ.

મસ્તક પાદ ક્રમમાં બાળકનો વિકાસ મસ્તકથી પગની દિશામાં થાય છે. જન્મ સમયથી જ માથું વધુ વિકસિત હોય એ પહેલી પુખ્તતા પ્રાપ્ત કરે છે અને પગ છેલ્લે પરિપકવ થતા બાળક દોડતું-રમતું થાય છે. જયારે નિકટ-દૂરક્રમ અનુસાર વિકાસ શરીરના મધ્યભાગથી પરિઘના ભાગો તરફ આગળ વધે છે. આ મુજબ બાળક પહેલા ખભાના સ્નાયુઓ પર કાબુ મેળવી પછી ક્રમશઃ કોણી, કાંડુ, હથેળી આંગળાં અને છેવટે ટેરવા પર અંકુશ મેળવે છે.

## ૨. વિકાસ સાતત્યનો સિદ્ધાંત :-

સ્કિનરના જણાવ્યા મુજબ, "Development is a continuous process" ગર્ભધાનથી શરૂ થયેલી આ પ્રક્રિયા આજીવન ચાલ્યા જ કરે છે. બાળકોનો સતત વિકાસ થતો જ રહે છે. અલબત્ત, તેની ગતિ સદાય એકસરખી હોતી નથી. કયારેક તે ઝડપી હોય છે તો કયારેક મંદ હોય છે. પરંતુ સાતત્યપૂર્વક વિકાસ થતો રહે છે એ નિશ્ચિત છે.

## ૩. સામાન્યથી વિશિષ્ટ પ્રતિક્રિયાનો સિદ્ધાંત :-

હરલોકના જણાવ્યા અનુસાર, "વિકાસની બધી અવસ્થાઓમાં બાળકની પ્રતિક્રિયાઓ વિશિષ્ટ થતાં પહેલા સામાન્ય પ્રકારની હોય છે." અર્થાત્ બાળક પ્રારંભમાં સમગ્ર શરીરને હલાવે છે, આ પછી આખા હાથને અને છેવટે બે કે ત્રણ આંગળીથી ચીજ પકડવા સમર્થ બને છે.

## ૪. સમાન તરેહનો સિદ્ધાંત :-

કુદરતની લીલા અનુપમ છે. એ સત્ય છે કે દરેકની વિકાસની ગતિ એકસમાન હોતી નથી, પરંતુ દરેકની વિકાસ તરેહ તો સમાન જ હોય છે. ગોરું બાળક હોય કે શ્યામ, ઠીંગણું હોય કે ઊંચું પણ સમાન વયજૂથની વિકાસ તરાહ તો સરખી જ હોય છે. જેમ કે દાંત નીકળવાની શરૂઆત છઠ્ઠા મહિનાથી જ થાય છે અને પહેલા વર્ષે લગભગ ૮ અને ચોથા વર્ષની ઉંમર સુધીમાં બાકીના બધા દાંત ફૂટી જાય છે.



Scanned with CamScanner

**૫. પરસ્પર સંબંધનો સિદ્ધાંત :-**

બાળક દ્વારા સાધવામાં આવતો વિકાસ એકાંગી નથી હોતો, પરંતુ જુદાં જુદાં પાસાનો પરસ્પર સંબંધિત વિકાસ થતો હોય છે. એમ નથી બનતું કે પ્રથમ શારીરિક વિકાસ થાય પછી માનસિક વિકાસ અને અંતે સાંવેગિક વિકાસ થાય, પરંતુ બધા વચ્ચે પરસ્પર સંબંધ હોય છે. બાળકનો વિકાસ પરસ્પર સંબંધિત છે. ચેષ્ટાવિકાસ અને ભાષાકીય વિકાસ સાથે જ થતો હોય છે. વિકાસને અલગ અલગ રીતે જોઈ શકાય નહીં.

**૬. વારસો અને વાતાવરણ આંતરક્રિયાનો સિદ્ધાંત :-**

બાળકના વિકાસનો પૂરો આધાર ન તો કેવળ વારસા પર છે ન કે કેવળ વાતાવરણ પર આધારિત છે. વિકાસ એ બંને વચ્ચે આંતરક્રિયાનું પરિણામ છે. બાળકના વિકાસમાં વારસો અને વાતાવરણ ખૂબ જ અસર કરે છે. ક્રો અને ક્રોના જણાવ્યા મુજબ વ્યકિતનું નિર્માણ માત્ર વારસાથી જ થતું નથી કે માત્ર વાતાવરણથી થતું નથી, પરંતુ વ્યકિતનું નિર્માણ એ બંને વચ્ચેની આંતરક્રિયાથી થાય છે.

**૭. વિકાસક્રમનો સિદ્ધાંત :-**

વિકાસ એ નિરંતર ચાલતી પ્રક્રિયા છે એ ખરું પરંતુ આ પ્રક્રિયા પણ ક્રમિક છે. વિકાસ ચોક્કસ ક્રમ અનુસાર થાય છે. બાળક જન્મે કે તરત બોલતું નથી કે ચાલતું નથી તે ક્રમે ક્રમે બોલતું અને ચાલતું થાય છે અને તેમાં મહિનાઓ લાગે છે.

**૮. એકીકરણનો સિદ્ધાંત :-**

એકીકરણનો સિદ્ધાંત એટલે બાળક શરૂઆતમાં પોતાના સંપૂર્ણ અંગને હલાવે છે. પછી ધીરે ધીરે તે અંગના ઉપાંગોને હલાવે છે. બીજા શબ્દોમાં કહીએ તો શરૂઆતમાં તે આખા હાથને હલાવે છે. પછી કોણીવાળા ભાગને, ત્યાર બાદ પંજો તથા અંતે વસ્તુને પકડતા કે છોડતા શીખે છે. કુપુસ્વામીના મતે વિકાસની ગતિ પૂર્ણથી અંગ તરફની અને પછીથી અંગથી પૂર્ણ તરફની થતી હોય છે.

**૯. વ્યકિતગત ભિન્નતાનો સિદ્ધાંત :-**

બાળકના વિકાસની તરાહ એકસરખી હોય છે, પરંતુ આ સિદ્ધાંત અનુસાર વિકાસની ગતિ-સ્થિતિમાં વ્યકિતગત ભિન્નતા જોવા મળે છે. જેમ કે કુમાર અને કન્યાઓના શારીરિક વિકાસની તરાહ એક હશે પણ વિકાસની ગતિ-સ્થિતિમાં તફાવત જોવા મળશે.

આમ, બાળવિકાસના કેટલાક ચોક્કસ સિદ્ધાંતો છે જે અનુસાર બાળવિકાસની પ્રક્રિયા સતત આગળ વધતી હોય છે. આપણે બાળવિકાસના આ તબક્કાઓને સમજીએ તો બાળવિકાસમાં યોગ્ય પ્રદાન કરી શકીએ એમ છે.



Scanned with CamScanner

# બાળવિકાસના તબક્કાઓ

- મીના ડી. પટેલ
(રોલ નંબર-૧૫)

- બેલા આર. ટંડેલ
(રોલ નંબર-૪૭)

**પ્રસ્તાવના :**

જીવન છે તો વિકાસ છે. જે કંઇ જીવંત છે તે વિકસે છે. જીવનનું પ્રત્યક્ષ કે પરોક્ષ ધ્યેય વિકાસ જ હોય છે. કેળવણી એ બાળકનાં સર્વાંગીણ વિકાસની પ્રક્રિયા છે. આ સર્વાંગીણ વિકાસ એટલે બાળકનો શારીરિક, માનસિક, સાંવેગિક, સામાજિક, આધ્યાત્મિક, સૌંદર્યલક્ષી અને નૈતિક વિકાસ. બાળકનો વિકાસ એ સાહજિક છે. જીવન એટલે જ પરિવર્તન. બાળકનો વિકાસ તેના ગર્ભાધાનથી સતત થતો રહે છે. બાળક ગર્ભસ્થ હોય છે ત્યાંથી તે જન્મ પામે અને મોટો થાય ત્યાં સુધી તેની વિકાસયાત્રા નિરંતર ચાલતી રહે છે. વિકાસની પ્રક્રિયામાં અનેક પરિબળો અને કૌશલ્યોનું સંયોજન ભાગ ભજવે છે. વિકાસને પરિણામે જ વ્યકિત નૂતન વિશિષ્ટતાઓ અને વિશિષ્ટ યોગ્યતાઓ આકાર લે છે.

વિકાસ એ વૃદ્ધિ પૂરતો મર્યાદિત નથી. તેને બદલે તે પરિપકવતાના લક્ષ્ય તરફ દોરી જતી પ્રગતિશીલ પરિવર્તનોની શૃંખલા છે. વિકાસ એ વ્યકિતના સંદર્ભે નવીન વિશિષ્ટતાઓ અને નવીન શકિતઓમાં પરિણમે છે.

આપણે જાણીએ છીએ કે ગર્ભ બંધાય છે ત્યારથી તે છેક મૃત્યુ થાય ત્યાં સુધી મનુષ્યનો વિકાસ સતત ચાલ્યા કરે છે. પરંતુ એક વર્ષના ગાળામાં કે પાંચ વર્ષના ગાળામાં વિકાસ એકસરખો ઝડપી હોતો નથી. વિકાસની ઝડપમાં ચઢ-ઉતર આવ્યા કરે છે. કંઇક એકધારાપણું હોય તેમને મનોવિકાસની અવસ્થાઓ કે તબક્કાઓ તરીકે ગણી શકાય.

- મનોવૈજ્ઞાનિકો દ્વારા વિકાસના વિવિધ તબક્કાઓ નીચે પ્રમાણે દર્શાવવામાં આવ્યા છે :

(૧) ગર્ભાવસ્થા (Pregnatal Stage)
(૨) શૈશવ (શિશુ અવસ્થા) (Infancy)
(૩) કિશોરાવસ્થા (Childhood)
(૪) તરુણાવસ્થા (Adolescence)
(૫) યુવાવસ્થા (Youth)
(૬) પ્રૌઢાવસ્થા (Adulthood)
(૭) વૃધ્ધાવસ્થા (Old Age)

આ અવસ્થાઓનો ક્રમશઃ આપણે અભ્યાસ કરીશું. આ અવસ્થાઓ દરમિયાન થતો વ્યકિતનો શારીરિક, ચેષ્ટાત્મક, માનસિક, સાંવેગિક અને સામાજિક વિકાસ શિક્ષણનું આયોજન કરવામાં મદદરૂપ નીવડે છે.

**(૧) ગર્ભાવસ્થા (Pregnatal Stage) :-**

માતા ગર્ભ ધારણ કરે ત્યારથી આ અવસ્થાની શરૂઆત થાય છે. આ ગાળો જન્મ પૂર્વેથી



Scanned with CamScanner

નવ માસનો હોય છે.આ અવસ્થા દરમિયાન બાળકની શારીરિક વૃદ્ધિ ઝડપથી થાય છે. શારીરિક વૃદ્ધિનો આધાર માતાના સ્વાસ્થ્ય પર રહેલો છે. માતાની ભોજન ટેવો, વ્યસનો, પરિપક્વતા આ બધી અસર બાળકનાં ગર્ભ ઉપર થતી હોય છે.

દા. ત. ૧. ગર્ભાવસ્થા દરમિયાન વ્યસન કરે, ડ્રગ્સનું સેવન કરે વગેરે....

૨. ઘર કરતાં બહારની વસ્તુ વધારે ખાવામાં પસંદ કરે. જેમ કે, નુડલ્સ, ચાઈનીઝ, કોલ્ડ્રીંક્સ કે જે બાળકના સ્વાસ્થ્ય માટે હાનિકારક હોય છે.

આ અવસ્થા દરમિયાન માતાની સારી-ખરાબ ટેવોની અસર માતાનાં ગર્ભ ઉપર પડે છે.

**(૨) શૈશવ (શિશુ) અવસ્થા (Infancy) :-**

આ અવસ્થા જન્મથી પાંચ કે છ વર્ષની ઉંમર સુધી ચાલે છે. આ અવસ્થા દરમિયાન બાળકની શારીરિક વૃદ્ધિ ખૂબ ઝડપથી થાય છે.

દા. ત., બાળક જન્મે ત્યાર પછી પાંચ થી છ વર્ષનાં સમયગાળામાં તેનું વજન, ઊંચાઇ, મસ્તક, હાડકાં, દાંત તથા અંગો વિકસવા લાગે છે. આ અવસ્થા દરમિયાન બાળક હાલતા, ચાલતા, પકડતા, દોડતા, કુદતા, ફેંકતા, તોડતા શીખે છે. બાળકમાં શારીરિક વૃદ્ધિની સાથે સાથે માનસિક તેમજ સાંવેગિક વિકાસનો પણ આરંભ થાય છે. જો કે માનસિક વિકાસની શરૂઆત એસ્ટર્નના મતે, જન્મ પહેલાંના ત્રણેક માસથી થઇ જાય છે. ને ચૌદ-પંદર વર્ષની ઉંમરે પૂર્ણ થઇ જાય છે. શિશુ અવસ્થાના આરંભે બાળક બે-ચાર શબ્દો બોલવા લાગે છે. તેનામાં સામાજિકતાની ક્ષિતિજો ધીરે ધીરે ખૂલે છે. બાળકનું શરીર સમતોલન આ અવસ્થા દરમિયાન કેળવવા માંડે છે.

**(૩) કિશોરાવસ્થા (Childhood) :-**

કિશોરાવસ્થાનો પ્રારંભ છ વર્ષની ઉંમરથી થાય છે. આ સમયગાળો છ થી બાર વર્ષ સુધીનો હોય છે. આ અવસ્થામાં શારીરિક વિકાસની ગતિ થોડી મંદ થાય છે. શારીરિક વિકાસમાં સ્થિરતા પ્રાપ્ત થાય છે. તેની અંતઃસ્ત્રાવી ગ્રંથિઓ સક્રિય બને છે. તેમની જિજ્ઞાસાવૃત્તિ જાગ્રત થાય છે. તર્કશકિત વિકસે છે. તેમની સામાજિકતામાં પણ વિકાસ પામે છે. આ અવસ્થા દરમિયાન માંસપેશીઓનો વિકાસ નોંધપાત્ર હોય છે. તેથી તમામ કાર્યો સ્વતંત્રપણે કરવા તે સક્ષમ બને છે.

દા. ત. દોડ, સ્કેટિંગ, સાઇકિંલગ, તરવું, પર્વતારોહણ, વ્યાયામ અને યોગ વગેરે. આ અવસ્થા દરમિયાન કિશોરો પોતાના આદર્શરૂપે સ્પોર્ટ્સ સ્ટારને સ્થાપે છે. તે હવે સચિન કે સાયના નેહવાલ થવા ઝંખે છે.

**(૪) તરુણાવસ્થા (Adolescence) :-**

તરુણાવસ્થા એ ૧૨ વર્ષથી ૨૦ વર્ષનો વયગાળો છે. આ અવસ્થાને ઝંઝાવાત અને સંઘર્ષનો ગાળો Period of storm and stress કહેવામાં આવે છે. આચાર્ય વિનોબા 'તરુણાવસ્થાને જીવનની વસંત કહે છે.' તે જીવનનો સંઘર્ષમય સંક્રાંતિકાળ છે. આ અવસ્થા દરમિયાન વ્યકિત કિશોર-કિશોરી મટીને પ્રજનની ક્ષમતા ધરાવતાં યુવક-યુવતી બને છે. આ અવસ્થા એવી વિશિષ્ટ અવસ્થા છે કે વ્યકિતના જીવનમાં નવા પરિવર્તનો અને નવાં વળાંકો લાવે છે તેથી જ તેને જીવનનો સંક્રાંતિકાળ કહેવામાં આવે છે. માનવ જીવનની ભાવિ ઇમારત ઘડતરમાં આ અવસ્થા અતિ મહત્ત્વનો ભાગ ભજવે છે. એમણે પોતાની શૈક્ષણિક તેમજ વ્યવસાયિક કારકીર્દી



Scanned with CamScanner

નક્કી કરવાની હોય છે.

'ઘટમાં ઘોડા થનગને અને આતમ વીંઝે પાંખ' ની આ ઉંમર છે. આ ઉંમરે તરૂણોનો સ્વભાવ થોડો ચીડીયો હોય છે. જેથી વાતે વાતે તરત જ ગુસ્સે થઈ જાય છે.

**(૫) યુવાવસ્થા (Youth) :-**

આ અવસ્થા ૨૦ વર્ષથી ૪૦ વર્ષની ઉંમર સુધીનો હોય છે. આ અવસ્થામાં શારીરિક તેમજ બૌદ્ધિક પરિપક્વતા સિદ્ધ થઈ જાય છે. વૃદ્ધિની પ્રક્રિયા લગભગ અટકી ગઈ હોય છે. આ અવસ્થામાં વ્યકિત લગ્ન અને કારકિર્દી વિશે ગંભીર બને છે. આદર્શો અને મૂલ્યો માટે ઝઝૂમવાનું તેમને ગમે છે. 'ડુ ઓર ડાઈ' ના સિધ્ધાંતને તેઓ વરેલા હોય છે.

આજ સુધી દિવાસ્વપ્નમાં રાચતો તરુણ હવે યુવાન થતા નક્કર પરિણામો ઝંખે છે. અંગ કસરતો કરી શરીરને દેખાવડું કરે છે. બીજા વ્યકિત કરતા કંઈક નવું કરવાનું તે વિચારે છે. જીવનમાં આગળ વધવાની વૃત્તિ તે ધરાવે છે. સમાજમાં ચોક્કસ સ્થાન કે મોભો મેળવવાની ઝંખના તેમનામાં જાગે છે. તેઓ સ્વસાક્ષાત્કાર અને આત્માભિવ્યકિત કરવા પ્રયાસ કરે છે.

**(૬) પ્રૌઢાવસ્થા (Adulthood) :-**

પ્રૌઢાવસ્થાનો ગાળો ૪૦ થી ૬૦ વર્ષ સુધીનો હોય છે. આ અવસ્થા એટલે પરિપક્વતાની અવસ્થા. પ્રૌઢો અને પ્રૌઢાઓ સામાજિક ક્ષેત્રે પોતાનું સ્થાન નિશ્ચિત કરે છે. જાતીયવૃત્તિ મંદ થાય છે. ઉત્સાહ ઓસરે છે. સારાસારનો નિર્ણય કરવાની શકિત વધે છે. પોતાનાં માતા-પિતા, સંતાનો તેમજ સમાજના સભ્યો સાથે તેઓ અનુકૂલન સાધવાનો પ્રયાસ કરે છે. આ અવસ્થા દરમિયાન પ્રૌઢ સામાજિક સલામતી સવિશેષ શોધે છે.

**(૭) વૃદ્ધાવસ્થા (Old Age) :-**

સાઈઠ વર્ષ પછીનો ગાળો વૃદ્ધાવસ્થાનો ગાળો ગણાય છે. શારીરિક, માનસિક બધી રીતે પતનનો ગાળો, અંગં ગલિતં જાતં તુંડનો સમય તેમની જ્ઞાનનેન્દ્રિયોની શકિતઓમાં ઘટાડો થાય છે. વૃદ્ધાવસ્થામાં અન્ય લોકો પાસેથી સહાનુભૂતિની ઝંખના વધે છે. તેમની માનસિક શકિતઓ ક્ષીણ બને છે. આ અવસ્થા દરમિયાન સ્વકેન્દ્રિયતા અને સંવેદનશીલતામાં વધારો થાય છે. પરિવાર કે સમાજ સાથે સંતુલન કરવામાં મુશ્કેલી અનુભવે, નિરાશ થાય. સહાનુભૂતિની તીવ્ર ભૂખ લાગે. કયારેક જીવન બોજારૂપ બની જાય. તેમને કયારેક આર્થિક બાબતોની ચિંતા સતાવે છે.

***It is easier to build strong children than to repair broken men.***

*- Frederick Douglass*

આમ, બાળવિકાસના વિવિધ તબકકાઓનાં વિવિધ પ્રકારના લક્ષણો જોવા મળે છે. જો આપણે આ લક્ષણોને સમજવાનો પ્રયત્ન કરીએ તો એ ઘણી રીતે આપણને ઉપયોગી બની રહે.



Scanned with CamScanner

# કઈ કક્ષાએ બાળક શું શીખે છે ?

- મીરાં જી. ઠાકર
(રોલ નં. ૪૮)

બાળકોની દુનિયા જ અલગ હોય છે. તમારી લાઈફમાં શું ચાલી રહ્યું છે તેનાથી તેમને કોઈ મતલબ નથી. તેના માટે તો તમે જ દુનિયા છો અને બાકી એમની બાલનગરી એટલે ફેન્ટસી વર્લ્ડ. કેટલાક પોથીપંડિતો બાળકોને ફેન્ટસી વર્લ્ડથી દૂર રાખવા અને અસલી દુનિયામાં જ જીવવાની સલાહો આપતા હોય છે. આ પોથી-પંડિતોને ખબર નથી કે બાળકોના ઘડતર માટે ફેન્ટસી વર્લ્ડ કે વાર્તાની દુનિયા એ પેલી સુગર કોટેડ કેપ્સૂલ જેવી છે. તેમાં તેના યોગ્ય જીવન ઘડતર માટેની બધી શિખામણોને આમ વાર્તા સ્વરૂપે પીરસવામાં આવે છે. આ કેપ્સૂલ તેઓને કેન્ડી જેવી લાગે છે.

જ્યારે તમારી ઢીંગલી તમને જુએ છે કે તમે કેવી રીતે એને નવડાવી ધોવડાવીને તૈયાર કરો છો ત્યારે તેવી જ કાળજીથી એ તેની રમકડાની ઢીંગલીને રાખશે. જેવી રીતે તમે ઘરમાં કામ કરતાં હશો તેવું જ બધું એને પણ જોઈએ કે મને પણ રમકડાંનો કિચન સેટ લઈ આપો. હું પણ રસોઈ બનાવીશ. તમે જેવી રીતે કારને પાર્ક કરશો તેવી જ રીતે તમારો ટેણિયો પણ પોતાની હથેળી જેવડી ગાડીને એ સ્ટાઈલમાં પાર્ક કરશે. જો તમે બાળકોને પંચતંત્રની વાર્તા કહો તો તેને એમાંથી કંઈક શીખ મળશે અને ખ્યાલ આવશે કે આ પ્રકારની પરિસ્થિતિ આવે તો તેનો સામનો આ રીતે કરી શકાય.

વટેમાર્ગુએ કેટલું અંતર કાપ્યું એ રસ્તાની બાજુએ ખોડેલા કિ.મી. દર્શાવતા પથ્થરો (માઈલસ્ટોન) દ્વારા જાણી શકાય છે, તે રીતે બાળકે પુખ્ત મનુષ્ય બનવાની દિશામાં કેટલી પ્રગતિ કરી અને આ પ્રગતિ તેણે સમયસર કરી કે કેમ ? તેનો અંદાજ ઉંમર પ્રમાણે તેણે પ્રાપ્ત કરેલાં કૌશલ્યો દ્વારા લગાવી શકાય છે. ઉદાહરણનો આધાર લઈ સમજીએ તો; સાત માસની ઉંમર થયે ટેકા વગર બેસવાની આવડત ધરાવતા અને ૧૩ માસની ઉંમર થયે ચાલવા લાગતા બાળકનો વિકાસ નિશ્ચિત વયમર્યાદામાં, સંતોષકારક રીતે થઈ રહ્યો છે એમ કહી શકાય. એટલે જ તો, બાળકોનાં દર્દીનાં નિષ્ણાંત ડોક્ટર બાળકની તપાસ કરતી વખતે તે હસતાં ક્યારે શીખ્યું ? બેસતાં ક્યારે શીખ્યું ? વગેરે પ્રશ્નોના જવાબ મેળવવાનો આગ્રહ રાખતા હોય છે. ઉંમર વધવાની સાથે બાળકે હાંસલ કરેલ આવાં કૌશલ્યોને અંગ્રેજીમાં માઈલસ્ટોન ડેવલપમેન્ટ (Milestone Development) કહેવાય છે.

વટેમાર્ગુઓએ એક પછી એક માઈલસ્ટોન પસાર કરી વહેલાં કે મોડાં મંઝિલ સુધી પહોંચવાનું હોય છે. તે રીતે બાળકે પણ, પુખ્ત બનવાના માર્ગમાં એક પછી એક કૌશલ્યોરૂપી માઈલસ્ટોન પસાર કરી તેના યોગ્ય વિકાસના વેગની સાબિતી આપવાની હોય છે અને તે પણ નિષ્ણાંતો દ્વારા નક્કી કરેલ સમય મર્યાદામાં. આટલી ચોખવટ કર્યા બાદ આપણે ઉંમર પ્રમાણે બાળક કેવાં કેવાં કૌશલ્યોરૂપી માઈલસ્ટોન પસાર કરે છે એ વિશે વિસ્તારથી માહિતી મેળવીશું.

**ઉંમર : એક-દોઢ માસ :**

* નવજાત બાળકને સ્તનપાન કરવાની કળા જન્મતાં જ હસ્તગત હોય છે. તેના ગાલ ઉપર આંગળીનું ટેરવું ઘસવામાં આવે તો તે આંગળીને મોઢામાં લઈ ચૂસવાનો પ્રયત્ન કરે છે.



Scanned with CamScanner

* ચત્તું સુવડાવવામાં આવે તો મોઢું-માથું વચ્ચોવચ્ચ સીધું રાખવાને બદલે જાણે કે આખા ઘરથી રીસાયેલું હોય એમ, એક બાજુ ફેરવેલું જ રાખે છે.
* બાંધી મુઠ્ઠી લાખની, એવું સમજાવવા માંગતું હોય એમ હાથની મુઠ્ઠી બંધ જ રાખે છે ! બળજબરીથી મુઠ્ઠી ખોલી તેમાં ઘૂઘરો (કોઇ પણ વસ્તુ) પકડાવવામાં આવે તો તે પકડી જ રાખે છે, કારણ કે તે મુઠ્ઠી ખોલી શકતું નથી.
* તેની સામે ઘૂઘરો વગાડવામાં આવે તો ઘૂઘરા સામે તે ટીકીટીકીને જુએ છે. ઘૂઘરાને એકથી બીજી તરફ લઇ જવામાં આવે તો આંખોને તેની સાથે સાથે ઘુમાવે છે પણ માથું ઘુમાવી શકતું નથી.
* માતાના અવાજને ધ્યાન દઇ સાંભળે છે. અચાનક થતાં મોટા અવાજથી તે ચોંકી ઊઠે છે. કાનની બાજુમાં ઘંટડી વગાડવામાં આવે તો તે ચોંકીને સાવધાન થઇ એકચિત્તે સાંભળે છે.
* આ ઉંમરે તે સ્વકેન્દ્રિત હોય છે અને તેને માટે એ જ વસ્તુ અસ્તિત્વ ધરાવે છે કે જે તેની નજર સામે હોય છે.

**બે માસ :**

* માતા સામે નજર માંડી પૂર્વ જન્મની ઓળખાણ કાઢતું હોય એમ ટગરટગર જોયા કરે છે.
* માતા તેની સામે હાઉકલી કરી હસે તો તે મોઢું મલકાવી પ્રતિભાવ આપે છે. માતાએ તેની સામે વારંવાર હસી તેને હસાવવું જોઇએ.

**ચાર-છ માસ :**

* ચત્તું સુવડાવવામાં આવે તો, માથું-મોઢું વચ્ચોવચ્ચ રાખી હાથ-પગ મોટા માણસની જેમ લંબાવીને સૂઇ શકે છે. જરૂર પ્રમાણે ડાબી કે જમણી બાજુ માથું ફેરવી શકે છે.
* આંગળીઓ છૂટથી હલાવી શકે છે.
* તેની સામે ઘૂઘરા જેવી વસ્તુ ધરવામાં આવે તો તેને જોયા કરે છે. વસ્તુને ડાબી કે જમણી બાજુ ફેરવવામાં આવે તો તે માથું તેની સાથે ઘુમાવે છે.
* તેને કોઇ પણ વસ્તુ આપવામાં આવે તો તે હાથ લંબાવી પકડી સ્વીકારે છે અને તે વસ્તુ મોઢામાં મૂકવાની કોશિશ કરે છે.
* કાનની બાજુમાં ઘૂઘરો વગાડવામાં આવે તો તે શાંતચિત્ત થઇ સાંભળે છે. આવા અવાજનો પ્રતિભાવ આપવા તે આંખો પટપટાવે, ભવાં ચડાવી નારાજગી વ્યકત કરે કે હાસ્ય પણ કરે.
* સમતોલ સપાટી ઉપર ઊંધુ સુવડાવવામાં આવ્યું હોય તો હાથના ટેકા વડે ધડ અને માથું ઊંચાં કરી શકે છે.
* ચત્તું સુવડાવી બંને હાથ પકડી ઉપર ખેંચવામાં આવે તો માથું, ધડની રેખામાં, ટટ્ટાર પકડી રાખે છે.

**૬ માસ :**

* માતાને ઓળખી શકે છે.
* ટેકો લઇ બેસી શકે છે. બંને હાથનો ઉપયોગ ટેકો લેવા માટે કરે છે.

બાળકના અશ્રુ કડવા છે. એને મીઠાં ન કરો પણ બાળકનુ હૃદય કુમળું છે એને કઠોર ન કરશો. -પામેલા ગ્લેનર

Scanned with CamScanner

* ચત્તું સુવડાવ્યું હોય તો ઊંધું થઈ શકે છે અને ઊંધામાંથી પણ ચત્તું થઈ શકે છે. બેઠું હોય અને તેનો હાથ પકડી ઊભું કરવાનો પ્રયત્ન કરવામાં આવે તો પગનો ટેકો લઈ ઊભું થઈ શકે છે.
* ઝીણી વસ્તુ ધ્યાનથી જોઈ શકે છે.

૭ માસ :

* ટેકા વગર બેસી શકે છે.
* ચત્તું સૂઈને હાથ-પગ ઊંચા કરી રમે છે. પગનો અંગૂઠો હાથ વડે પકડી મોઢામાં મૂકવાના પ્રયત્ન કરે છે.
* એક હાથમાંથી બીજા હાથમાં રમકડું ફેરવી શકે છે.
* એક કાનની બાજુમાં ઘૂઘરો વગાડવામાં આવે અને તુરંત બીજા કાનમાં વગાડવામાં આવે તો માથું ઝડપથી ફેરવે છે.
* માતા અને કુટુંબીજનોને સારી રીતે પારખી શકે છે. પોતાના અને પારકા વચ્ચે ભેદ પારખે છે. કોઈ અન્ય દ્વારા તેડવામાં આવે તો રડી પડે છે અથવા નારાજ થાય છે.

૯ માસ :

* ભાંખોડિયાંભેર ચાલી શકે છે.
* બંને હાથ પકડીને અથવા ફર્નિચરનો ટેકો લઈ ઊભું રહી શકે છે અથવા ચાલી શકે છે.
* એકદમ રમતમાં વ્યસ્ત હોય તો તેને બોલાવવામાં આવે તો ચોંકીને સામે ધ્યાન આપે છે.
* બેઠું હોય ત્યારે તેની થોડી નજીક લખોટી મૂકવામાં આવે તો તેને આંગળીથી સ્પર્શ કરીને ઊઠાવે છે.
* એક રમકડું આપવામાં આવે તો બીજું રમકડું માંગે છે.

૧ વર્ષ :

* જમીન પર બેઠું હોય ત્યારે શરીર ચારે તરફ ફેરવી શકે છે.
* હાથમાં બોલ આપવામાં આવે તો પકડી લે છે અને ફરી પાછો માંગવામાં આવે તો પાછો આપવાની કોશિશ કરે છે, પરંતુ હાથમાંથી છુટ્ટો કરી શકતું નથી.
* ઘૂઘરો આપવામાં આવે તો પકડીને હલાવીને વગાડે છે.
* અરીસા સામે લઈ જવામાં આવે તો ખુશ થઈને પોતાના પ્રતિબિંબને ધ્યાનથી જોયા કરે છે અને અરીસાને હાથી થપથપાવે છે.
* વસ્તુને ફેંકે છે અને ફરી ઉપાડીને ફરી ફેંકે છે.
* બોલાવીએ તો તે આવે છે.
* સંતાડેલી વસ્તુ શોધી આપે છે.
* હાથ હલાવી બાય બાય કરે છે.
* રોટલીના ટુકડાને જમીન પરથી ઉઠાવી શકે છે.



Scanned with CamScanner

* ફર્નિચર પકડી આમતેમ ધીમેધીમે આંટા મારે છે.
* એક હાથ પકડી ચલાવવામાં આવે તો રીંછની જેમ ડોલતાં ડોલતાં ચાલી શકે છે.
* અમુક એક્શન કરે છે. એક્શનને બિરદાવવામાં આવે તો ફરી કરે છે.
* ટોળામાં રહેવું ગમે છે.
* તાળીઓ વગાડી આનંદ મેળવે છે.

**૧૩ માસ :**

* ટેકા વગર ઊભું રહે છે.
* જાતે ચમચીથી ખાઈ શકે છે, સાથે સાથે ઢોળે છે તે પણ વધારે પ્રમાણમાં.

**૧૫ માસ :**

* ટેકા વગર, ધીરે ધીરે થોડાં પગલાં માંડે છે.
* બેઠું હોય તો જાતે ઊભું થઈ શકે છે.
* હાથમાં પકડેલો બોલ માંગવામાં આવે તો છુટ્ટો કરીને આપે છે.
* શરીર ઘસડીને પગથિયાં ચડી શકે છે.
* બચી કરાવવા ગાલ આગળ ધરે છે.

**૧૮ માસ :**

* ઝડપથી ચાલી શકે છે.
* મોટા ભાઈ કે બહેન વડે પકડવાની રમત રમાડવામાં આવે તો દૂર ભાગવાના પ્રયત્ન કરે છે.
* પગથિયાં ચડી શકે છે. અન્યનો હાથ પકડીને પગથિયાં ઊતરી પણ શકે છે.
* નાના બાળકોની નીચી ખુરસી પર બેસી શકે છે.
* નાક, હાથ, આંખ જેવા અંગો આંગળીથી બતાવે છે.
* ચા અને દૂધ ભરેલો કપ ઊંચકી તે પી ફરી મૂળ જગ્યાએ મૂકી શકે છે.
* એક જ સમયે ચોપડીનાં ત્રણ-ચાર પાનાં ફેરવી શકે છે.
* પેન્સિલથી કાગળ પર લીટાં કરી શકે છે.
* નવાં નવાં રમકડાંથી રમવું ગમે છે.

**૨ વર્ષ :**

* પગથિયાં જાતે ચડી ઊતરી શકે છે.
* ચિત્રબુક આપવામાં આવે તો ચિત્રોનાં નામ આપી શકે છે.
* પેન્સિલથી ઊભા અને ગોળગોળ લીટાં કરી શકે છે.
* બટન વગરનાં કપડાં જાતે ઉતારી શકે છે.



Scanned with CamScanner

* આદત પાડવામાં આવી હોય તો કુદરતી હાજતે જવા માટે માતાને દોરી જાય છે.
* હાથમાં કંઇક આપવામાં આવે તો બીજો હાથ ધરે છે.
* ઢીંગલીથી રમવું ગમે છે.
* બાળકોની ટોળીમાં રમવું ગમે છે.
* કુટુંબના અન્ય સભ્યો દ્વારા કરવામાં આવતાં વર્તનનાં ચાળા પાડે છે.

૩-૪ વર્ષ :

* ત્રણ પૈડાંવાળી સાયકલ ચલાવી શકે છે.
* બંને પગે કૂદકા મારી શકે છે.
* સમવયસ્કો સાથે રમત રમવા ઉત્સાહિત હોય છે.
* અત્યંત ક્રિયાશીલ હોય છે અને અન્ય લોકોનું અનુકરણ કરે છે.
* છોકરો કે છોકરીમાં ભેદ પારખી શકે છે.
* હાથ જાતે સાફ કરી શકે છે. નિશાન તાકી દડો ફેંકી શકે છે.
* બટન ખોલી શકે છે. વિવિધ રંગોને ઓળખી શકે છે.
* ચિત્રમાં દોરેલ વસ્તુ આંગળી ચીંધી ઓળખી બતાવે છે.
* લોકોને એનાં નામ અને તેના સંબંધે બોલાવે છે, જેમ કે હરેશ મામા, શીતલ માસી, વર્ષા કાકી, વગેરે....

આમ, ત્રણ-ચાર વર્ષની ઉંમર થતાં બાળકના વિવિધ પાસાંઓ મજબૂત થઇ જાય છે અને ભવિષ્યની ઇમારતના પાયા પણ ખૂબ મજબૂત થઇ જાય છે. આ ઉંમરે વૃક્ષની દરેક ડાળીને ફૂલ મહેકે તેમ અને ફળ આવે તેમ બાળક પણ મહેંકવા લાગે છે. માનસિક વિકાસ અને શારીરિક વિકાસ ગતિશીલ બને છે. માત્ર પરિપકવતા આવવાની બાકી હોય છે. તે રીતે આપણા ઘરમાં, કુટુંબમાં કે આજુબાજુમાં વિકસતા બાળકોનું અહીં નોંધવામાં આવ્યા છે તે મુદ્દાઓ અનુસાર અવલોકન કરવાની ખૂબ મજા આવશે.

---

નૂર ઉસકા, ઝહુર ઉસકા
ફિર ન દેખે તો કુસૂર કિસકા ?
- સૂફી કહેવત



Scanned with CamScanner

# બાળવિકાસ - વારસો અને વાતાવરણ

- ફ્રીલાહ એમ. શેખ
(રોલ નં. ૩૪)

"વડ જેવા ટેટા, ને બાપ જેવા બેટા" એ કહેવત અનુસાર જેવા ગુણો માતા-પિતામાં હોય તેવા જ ગુણો સંતાનમાં આવે છે. એટલે કે બાળક તેના માતા-પિતા પાસેથી વારસામાં અનેક ગુણો, ક્ષમતાઓ, ખામીઓ વગેરે મેળવે છે. એવી જ રીતે બાળકનો ઉછેર જેવા વાતાવરણમાં થાય છે તેના આધારે તેનું સમગ્ર વ્યકિતત્વ ઘડાય છે. આમ, વારસો અને વાતાવરણ આ બે પરિબળો દ્વારા જ બાળકમાં વૃદ્ધિ અને વિકાસની સંભાવનાઓ આકારિત થાય છે. આથી આ બંને પરિબળો શું છે ? અને બાળકના વિકાસને કેવી રીતે અસર કરે છે તે સમજવું જોઈએ.

વુડવર્થના મતે, "Heridity covers all the factors that were present in the individual when he began life, not at birth but at the time of conception, about nine months before birth." અર્થાત્ વારસામાં એ બધી બાબતોનો સમાવેશ થઇ જાય છે કે જે જીવનનો આરંભ કરતી વખતે (ગર્ભાધાન સમયથી) વ્યકિતમાં હાજર હતી. સ્ત્રીના ગર્ભાશયમાંના અંડકોષમાં પુરુષના શુક્રકોષનો સમાવેશ થાય છે. આ સંયુકત કોષમાંના રંગસૂત્રોમાં રહેલા જનીન તત્ત્વો બાળકની વિવિધ વિશેષતાઓને નિર્ધારિત કરતાં હોવાથી જનીન તત્ત્વોને વારસાના નિર્ધારક કહેવામાં આવે છે. જનીન તત્ત્વોના સંયોજનના પરિણામને જ વારસો કહી શકાય. આમ, દરેક બાળકનો વારસો જુદો હોય છે. દરેક બાળકને વિશિષ્ટ વારસો પ્રાપ્ત થતો હોય છે.

માત્ર માતા-પિતા તરફથી જ નહી પરંતુ પૂર્વજો તરફથી પણ બાળકને વારસાગત લક્ષણો પ્રાપ્ત થાય છે તેને વંશાનુક્રમ પણ કહેવામાં આવે છે. દા.ત. રોગી માતા-પિતાના સંતાન રોગી હોય અને ઠીંગણા માતા-પિતાના સંતાન ઠીંગણા હોય છે આવું આપણને જોવા મળે છે. વળી, કોઇ પરિવારમાં બધાને ચામડીના રોગો થતા હોય છે કે હૃદયની બિમારી થતી હોય છે. આ બધી વારસાની અસર છે.

**વારસાની અસર :-**

બાળકની શારીરિક વૃદ્ધિ વારસા આધારિત હોય છે. જેમ કે, ક્ષય, કેન્સર, હૃદયરોગ, મધુપ્રમેહ અને રંગના અંધાપા જેવા રોગો વારસાગત હોવાનું મનાય છે. બાળકની બુદ્ધિ પણ વારસાગત હોય છે. તેથી જો પૂર્વજો બુદ્ધિમત્તામાં શ્રેષ્ઠ હોય તો તે જાતિના લોકો પણ બુદ્ધિશાળી નીવડે છે. મનોવૈજ્ઞાનિક કેટલના મંતવ્ય અનુસાર, વ્યકિતની વ્યાવસાયિક યોગ્યતા પર વારસાની અસર હોય છે તો વળી તેના ચારિત્ર્ય પર પણ વારસાની અસર હોય છે એવું સંશોધનોએ સાબિત કર્યું છે.

ગેલ્ટનના મંતવ્યાનુસાર, "વ્યકિતની મહાનતાનું કારણ તેનો વારસો છે. વારસાને લીધે વ્યકિતઓના શારીરિક અને માનસિક લક્ષણોમાં ભિન્નતા જણાઇ આવે છે." અર્થાત્ વ્યકિતના કદ, વર્ણ, વજન, સ્વાસ્થ્ય, બુદ્ધિ અને માનસિક શકિતઓ વારસા પર આધારિત છે. ગેલ્ટન એવું પણ કહે છે કે, "મહાન ન્યાયાધીશો, રાજનીતિજ્ઞો, સેનાપતિઓ કે રમતવીરોના જીવન ચરિત્રનો



Scanned with CamScanner

અભ્યાસ કરતાં જણાય છે કે તેમના પરિવારમાં આ ક્ષેત્રમાં વિશિષ્ટ સ્થાન ધરાવનાર વ્યકિતઓએ જન્મ લીધો છે.''

**વાતાવરણ અને તેની અસર :-**

વ્યકિતની ચારેબાજુ જે કંઇ છે તે તેનું વાતાવરણ, પર્યાવરણ છે. પર્યાવરણ = પરિ + આવરણ. પરિ એટલે ચારેબાજુનું આવરણ. આમ, વ્યકિતની ચારેબાજુ જે આવરણ છે તેનો વાતાવરણમાં સમાવેશ થાય છે. વાતાવરણના બે પ્રકાર છે : (૧) જન્મ પહેલાનું વાતાવરણ અને (૨) જન્મ પછીનું વાતાવરણ. જન્મ પહેલાના વાતાવરણમાં માતાનો દેહ, ગર્ભાવસ્થા દરમિયાન માતાનો ખોરાક, માતાના રોગો, માતાની ઉંમર તેમજ માતામાં થતા આવેગાત્મક અનુભવોની ગર્ભ પર પ્રત્યક્ષ કે પરોક્ષ અસર પડયા વગર રહેતી નથી.

જન્મ પછીનું વાતાવરણ ત્રણ ભાગમાં વહેંચાયેલું છે : (૧) આંતરિક, (૨) ભૌતિક અને (૩) સામાજિક.

**(૧) આંતરિક વાતાવરણ :** વ્યકિતનું શારીરિક ઉષ્ણતામાન, દેહમાંની રાસાયણિક પ્રક્રિયાઓ, ચયાપચયની ક્રિયા, હોર્મોન્સ, પ્રજીવકો, હોજરીનું સંકોચન-પ્રસરણ અને વ્યકિતના વિચારો તેનાં આંતરિક વાતાવરણને વ્યકત કરે છે.

**(૨) ભૌતિક વાતાવરણ :** વ્યકિત જે વિસ્તારમાં રહેતી હોય ત્યાંની આબોહવા, તે સ્થળ શહેર હોવું કે ગામડું હોવું, જંગલ, રણ, શાંતિ-ઘોંઘાટ વગેરે બાબતોનું બનેલું ભૌતિક વાતાવરણ વ્યકિતના વિકાસ પર અસર કરે છે.

**(૩) સામાજિક વાતાવરણ :** તેમાં કુટુંબ, સગા, પાડોશી, મિત્રો, શાળા, જ્ઞાતિ, વ્યવસાય, આર્થિક સ્થિતિ, સંસ્કૃતિ, ખાનપાન, રહેણીકરણી વગેરે બાબતોનો સમાવેશ થાય છે. આ બધી જ બાબતો બાળકના વિકાસને અસર કરે છે.

ઉદાહરણ તરીકે, એક બાળકને વરું ઉઠાવી ગયું, તેનો ઉછેર પશુઓ વચ્ચે થયો. આથી, આ બાળક પશુ જેવું બની ગયું. આ વાતાવરણનો પ્રભાવ હતો. તેની આકૃતિ પશુ જેવી હતી, તે પશુઓની જેમ ચાલતું હતું અને પશુઓની માફક ખોરાક લેતું. આને 'વરુ-બાળ' કહેવામાં આવે છે. વાતાવરણની ઘેરી અસર વ્યકિત પર કેવી પડે છે તેનું આ જીવંત દ્દષ્ટાંત છે.

વુડવર્થના મતે, ''વાતાવરણ એ એવા બાહ્ય તત્ત્વોનું સંમિશ્રણ છે કે જે વ્યકિતને તેના જીવનના આરંભથી અસર કરે છે.'' તો આપણે વાતાવરણની અસરો વિશે જાણીએ.

કેટલાક મનોવૈજ્ઞાનિકોના મંતવ્યાનુસાર, વિભિન્ન પ્રજાતિઓની શારીરિક વિભિન્નતાનું કારણ વાતાવરણનો પ્રભાવ હોય છે. જેમ કે, જાપાનના લોકો ઠીંગણા હોય છે, પરંતુ અમેરિકામાં વસનાર જાપાની લોકોની ઊંચાઇ અમેરિકામાં વસવાથી વધી ગઇ છે. વ્યકિતનો માનસિક વિકાસ તેના વાતાવરણ પર અવલંબે છે. આથી જો યોગ્ય પ્રકારનું સામાજિક કે સાંસ્કૃતિક વાતાવરણ મળે તો જ વ્યકિતનો માનસિક વિકાસ થાય છે. ઉપરાંત બુદ્ધિનો વિકાસ પણ વારસા કરતાં વાતાવરણથી વધુ થાય છે. જેમ કે, વધારે સુવિધાઓ મળે તે વ્યકિતની જરૂરિયાતો સહેલાઇથી સંતોષાય છે. પરિણામે તેમની બુદ્ધિનો વિકાસ ઝડપથી થાય છે. વ્યકિતત્ત્વના ઘડતરમાં વારસો કરતાં વાતાવરણનો અધિક પ્રભાવ પડે છે, જો વ્યકિતને પ્રસન્ન વાતાવરણ મળે તો એનું વ્યકિતત્ત્વ નીખરી ઉઠે છે.



Scanned with CamScanner

ઉપસંહાર :

વારસો અને વાતાવરણ બંને અલગ અલગ રીતે વ્યક્તિના વ્યક્તિત્ત્વનું ઘડતર કરતાં નથી, પરંતુ બંનેના પારસ્પરિક સંબંધોથી વ્યક્તિના વ્યક્તિત્ત્વનું નિર્માણ થાય છે. બાળકો પરના વિભિન્ન પ્રયોગો અને પરીક્ષણ સિદ્ધ કર્યું છે કે સમાન વારસો ધરાવનારાં બાળકો કે સમાન વાતાવરણમાં સંવર્ધિત થયેલા બાળકોમાં ભિન્નતા જોવા મળે છે. આનો અર્થ એ થયો કે માત્ર વારસો કે માત્ર વાતાવરણ બાળ વિકાસમાં ફાળો આપતાં નથી, પરંતુ બંને પરસ્પર સંકલિત થઈને બાળકનું ઘડતર થાય છે. આમ, બાળકનો વિકાસ વારસો અને વાતાવરણને આભારી છે. આ બંને પરિબળો બાળકના વિકાસમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. તેથી બંનેની સંયુકત અસરો બાળકના વૃદ્ધિ અને વિકાસમાં જોવા મળે છે. આપણે પણ બાળકોના વિકાસમાં વારસો અને વાતાવરણની અસર સમજવાનો પ્રયત્ન કરીએ.

---

માણસની ભીતર
શકયતાનું સરોવર
હિલોળા લેતું હોય છે.
કોઈ પણ માણસ
સામાન્ય નથી હોતો.
કેરીમાં પડેલા વિટામિન-એ
અંગે કેરી
અજાણ છે.

- ડૉ. ગુણવંત શાહ



Scanned with CamScanner

# બાળવિકાસ માટે વાતાવરણ ખૂબ જરૂરી છે

- જેની એન. પરમાર
(રોલ નં. ૦૪)

બાળક જન્મે છે ત્યારે તેને માતા-પિતા તરફથી વારસામાં ઘણું બધું મળે છે અને આ વારસાની સાથે યોગ્ય વાતાવરણ પૂરું પાડવામાં આવે તો બાળકની વૃદ્ધિ સાથે તેનો વિકાસ પણ સુપેરે થાય છે. બાળક પર વારસો અને વાતાવરણ એ ચોક્કસપણે અસર કરે જ છે. બાળ મનોવિજ્ઞાન પણ કહે છે કે બાળકનો સ્વભાવ અને પ્રભાવ તેના વિકાસકાળ દરમિયાન મળેલ વારસો અને વાતાવરણને આધિન છે. માતા-પિતા તરફથી તેને રંગ, રૂપ, બુદ્ધિ તેમજ ઘણું બધું મળે જ છે. આ દરેક હોય પણ યોગ્ય વાતાવરણ વગર બાળકનો વિકાસ શક્ય બની શકતો નથી. બાળકના સામાજિક, માનસિક, વૈયક્તિક વર્તન-વલણ વગેરેના વિકાસ દરમિયાન બાળકને જે વાતાવરણ મળે છે તે વધુ પ્રભાવ પાડે છે. જેમ કે, આપણે જોઈએ જ છીએ કે કલાક્ષેત્રે આગવું પ્રદાન ધરાવતા માતા-પિતાના બાળકો પણ આ ક્ષેત્રે જ આગળ પડતા જોવા મળે છે કારણ કે તેને વારસામાં કળા તો મળી જ હોય છે. સાથોસાથ એ કળાને ખીલવવા યોગ્ય વાતાવરણ પણ મળી રહે છે તેથી તેનો સર્વાંગી વિકાસ થાય છે.

ખરાબ વાતાવરણ એ સારા વારસાને પણ રૂંધાવી શકે છે. રખડું ટોળીના બાળકો, ગંદી ચાલોમાં જીવન વિતાવતા બાળકોનું જીવન, તેઓનો ઉછેર આવા નકારાત્મક વાતાવરણને કારણે અટકે છે. ઘણા બાળકો પ્રભાવશાળી સર્જકો બનવાની ક્ષમતા ધરાવતા હોય છે, પરંતુ વિકૃત વાતાવરણ, શીખવાની તકનો અભાવ, ઠંડું પ્રોત્સાહન તેમજ આર્થિક સંકડામણ બાળકોના વિકાસને કુંઠિત કરે છે.

બાળકના ઉછેરકાળ દરમિયાન તેના વિકાસમાં પરિવારનો ખૂબ જ મોટો ફાળો હોય છે. પરિવાર દ્વારા જ યોગ્ય સંસ્કારોનું સિંચન કરવામાં આવે છે. માતા-પિતા, દાદા-દાદી દ્વારા તેને હૂંફ પૂરી પાડવામાં આવે, જરૂરી પ્રોત્સાહનની સાથે યોગ્ય રાહ દર્શાવવામાં આવે તો તે બાળક ચોક્કસપણે સમાજમાં ખૂબ પ્રતિષ્ઠા તેમજ ઉચ્ચ સ્થાન પામે છે. બાળકને ભલે બુદ્ધિ વારસામાં મળી હોય પણ તેને યોગ્ય રીતે વાળવાનો અને વિકસિત કરવા માટે સંસ્કારો અને બોધપાઠ જો યોગ્ય સમયે મળે તો તેનો વિકાસ શક્ય બને છે. આ તો થઈ સામાન્ય બાળકની વાત. પરંતુ જે વિશિષ્ટ બાળકો હોય છે, જેઓ શારીરિક અને માનસિક રીતે વિકલાંગ છે. જેમને સમાજમાં મોટેભાગે હડધૂત કરાય છે, એમની ઉપેક્ષા થાય છે ત્યારે તેના ઉછેર અને વિકાસ માટે વધુ હૂંફ તેમજ પ્રોત્સાહન જરૂરી બને છે. તેઓને Special Child પણ કહે છે. આવા બાળકો જે શારીરિક રીતે વિકલાંગ હોય તે હંમેશા પોતાની જાતને બીજા બાળક સાથે સરખાવે છે અને પોતાને બીજા કરતાં ઓછો તેમજ ઊતરતો હોય એવું માને છે. આવું થાય ત્યારે પરિવાર દ્વારા જ તેને પ્રોત્સાહન આપી તેની ક્ષમતાઓનો યોગ્ય રીતે ઉપયોગ કરી તે વધુ સક્રિય બને એવા પ્રયત્નો કરીને આગળ વધવાની પ્રેરણા આપવામાં આવે તો તે બાળકનો ખૂબ સારો વિકાસ થાય છે.

આપણા સમાજમાં માનસિક રીતે વિકલાંગતા ધરાવતા બાળકો જેને આપણે Mentally Retared Child કહીએ છીએ તેઓનો Normal બાળકો વચ્ચે વિકાસ અને ઉછેર કરવું એ પડકારરૂપ સાબિત થાય છે. સામાન્ય બાળકો ઉપરાંત આવા વિશિષ્ટ બાળકોને યોગ્ય વાતાવરણ મળે તો એમના યોગ્ય વિકાસ માટેની અંત્યંત આવશ્યક પૂર્વશરત બની રહે છે. આ પૂર્વશરતને પૂર્ણતઃ પરિપૂર્ણ કરવાનો આપણે પર્યાપ્ત પ્રયાસો હાથ ધરવા જોઈએ.

તમારું બાળક જ્યારે પાંચ વર્ષનુ થાય ત્યાં સુધી તેને ખૂબ જ પ્રેમ આપો. બાળક છ વર્ષથી સોળ વર્ષ સુધી કડક શિસ્ત અને નિયમ પાલન શીખવો અને સોળ વર્ષ પછી એના મિત્ર બની જાવ. -ચાણક્ય

Scanned with CamScanner

# સામાજિક વિકાસના સંદર્ભમાં બાળવિકાસ....

- પિયુષકુમાર એમ. ટંડેલ
(રોલ નં. ૨૫)

**પ્રસ્તાવિકા :**

મનુષ્ય જન્મ સમયે ફકત જૈવિક પ્રાણી હોય છે, તે જન્મ સમયે નથી સામાજિક કે નથી અસામાજિક પ્રાણી, પરંતુ ધીરે ધીરે બાળક અન્ય મનુષ્યોની સાથે સંપર્કમાં આવે છે, તેમની સાથે રહે છે અને સામાજિકીકરણની પ્રક્રિયાથી એક સામાજિક પ્રાણી બને છે. બાળક જેમ જેમ સમાજના સંપર્કમાં આવી આંતરક્રિયા કરે છે, તેમ તે સમાજની વાતો શીખે છે, નવા નવા અનુભવો દ્વારા તે ઘણું શીખે છે. તેની શીખવાની ક્ષમતામાં વૃદ્ધિ થાય છે. પરિણામે માનવ સમાજે બનાવેલ નિયમો, માન્યતાઓ, રીત-રિવાજો શીખીને માનવસમાજનું અભિન્ન અંગ બની જાય છે. આ જે પ્રક્રિયા થાય છે તે માધ્યમથી માનવી સામાજિક પ્રાણી કહેવાય છે.

બાળકના સામાજિક વિકાસની સમજ :

कस्त्वम् कोऽहम् ?

कुत आयातः

બાળકનો આ ચરાચર જીવસૃષ્ટિમાં જન્મ થાય છે ત્યારે હું કોણ ? હું કોનો ? હું કયાંથી આવ્યો ? એની જાણ તેને હોતી નથી, પરંતુ બાળકની જેમ જેમ વૃદ્ધિ થતી જાય છે તેમ તેમ તેનો વિકાસ પણ થતો રહે છે. અને વિકાસ એટલે.....

"Development is a continuous and gradual process."

વિકાસની પ્રક્રિયા ક્રમિક પણ છે અને સતત ચાલતી પ્રક્રિયા છે.

બાળક જન્મ ધારણ કરે તે પછી તે સતત વિકસતું રહે છે. આ વિકાસ પ્રત્યક્ષ પણ હોઇ શકે છે તેમજ પરોક્ષ પણ હોઈ શકે છે. બાળકનો વિવિધ રીતે ક્રમિક વિકાસ થાય છે. જેમાં શારીરિક વિકાસ, માનસિક વિકાસ, ચેષ્ટા વિકાસ, સાંવેગિક વિકાસ, સૌંદર્યલક્ષી વિકાસ, નૈતિક વિકાસ, આધ્યાત્મિક વિકાસ વગેરેનો સમાવેશ થાય છે. ઉપરાંત સામાજિક વિકાસ એ પણ બાળવિકાસનું મહત્ત્વનું અંગ છે.

બાળકના સામાજિક વિકાસને સમજવા માટે સામાજિકીકરણનો અર્થ - સંકલ્પના, સમજવી જરૂરી છે.

## સામાજિકીકરણ એટલે શું ?

"સામાજિકીકરણ એ એક એવી પ્રક્રિયા છે જેના દ્વારા મનુષ્ય તેના પર્યાવરણ સાથે અનુકૂલિત થાય છે અને પોતે પર્યાવરણને સ્વીકૃત, સહકારયુકત અને કાર્યક્ષમ સભ્ય બને છે."

- ડ્રેવર

"જૈવિક વ્યકિતનું સામાજિક વ્યકિતમાં રૂપાંતર કરતી સામાજિક અર્થોના સંચારણની પ્રક્રિયા એટલે સામાજિકીકરણ.

- સોરોકીન



Scanned with CamScanner

ટૂંકમાં સામાજિકીકરણ એટલે....

- સંસ્કારો ગ્રહણ કરવાની પ્રક્રિયા.
- વ્યકિતનું અન્ય જેવા થવાનું વલણ.
- વ્યકિત વ્યકિતનો સામાજિક માળખામાં રહીને થતો મેળ.
- વ્યકિતને સમાજને અનુરૂપ વ્યવહાર કરવા માટે પ્રેરિત કરે છે.

બાળકના સામાજિક વિકાસમાં કેટલાંક પરિબળો મહત્ત્વની ભૂમિકા ભજવે છે, જેનો પરિચય આ પ્રમાણે છે.

### (૧) બાળકના સામાજિક વિકાસમાં પરિવારની ભૂમિકા :

સામાજિક જીવનનો આધાર પરિવાર છે. પરિવારમાં રહીને બાળકના વ્યકિતત્વનું નિર્માણ થાય છે. બાળકના સામાજિક વિકાસમાં સૌથી મોટો ફાળો પરિવારનો છે અને તેમાં પણ બાળકને સામાજિક બનાવવામાં સૌથી મોટો હાથ માતા-પિતાનો છે. માતા-પિતામાં પરસ્પર પ્રેમ-સ્નેહ હોય તો બાળકનું સામાજિકીકરણ સારું થશે. બાળક પરિવારના સભ્યોના સંપર્કમાં આવશે તેમ તેમ તેના વ્યકિતત્વનો વિકાસ થતો રહેશે. જેમ કે, બાળકો પરિવારમાંથી બલિદાન, સહકાર અને સહિષ્ણુતાની ભાવના શીખે છે, તે પરિવારમાં બોલાતી ભાષાનું શિક્ષણ પ્રાપ્ત કરશે અને તે આદર્શો, રીત-રિવાજો, રૂઢિઓ વગેરેનું જ્ઞાન પરિવારમાંથી પ્રાપ્ત કરે છે. બાળકો નૈતિકતાનું શિક્ષણ પણ પરિવારમાંથી મેળવે છે. બાળકને ધર્મ, સંસ્કૃતિ, ઉપરાંત ઔપચારિક શિક્ષણ આપવામાં પરિવારની ભૂમિકા મહત્ત્વની છે. બાળકોના વિવિધ પ્રકારે બૌદ્ધિક વિકાસનો પાયો પરિવાર દ્વારા નાંખવામાં આવે છે. બાળકો વિવિધ પ્રકારના વલણો, ટેવો, રીતભાત, વર્તનની તરેહ પરિવાર નકકી કરી આપે છે. આમ, પરિવાર બાળકોમાં સામાજિક અને સાંસ્કૃતિક વારસાનું સંવર્ધન અને સંક્રમણ કરે છે.

### (૨) બાળકના સામાજિક વિકાસમાં શાળાની ભૂમિકા :

શાળા એ સમાજનું ઘરેણું છે. શાળા પરિવારથી વિસ્તૃત સંસ્થા છે. પરિવારમાંથી નીકળી બાળક શાળામાં પ્રવેશ લે છે. શિક્ષણનું મુખ્ય કાર્ય બાળકના સર્વાંગીણ વિકાસનું છે. સર્વાંગીણ વિકાસ એટલે બાળકોનો શારીરિક, માનસિક, સામાજિક, સાંવેગિક અને નૈતિક વિકાસ. બાળકના સામાજિક વિકાસ માટે શાળાનું સ્થાન મહત્ત્વપૂર્ણ છે. શાળાના મુખ્ય બે હેતુઓ છે : (૧) સામાજિક સંસ્કૃતિનું સંરક્ષણ કરવું, (૨) આપણી સામાજિક તેમજ રાષ્ટ્રીય સંસ્કૃતિ વિશે બાળકોને અવગત કરવા.

બાળક સામાજિક આદર્શો, માન્યતાઓ તેમજ મૂલ્યો શાળામાં રહીને ગ્રહણ કરે છે. શૈશવ અવસ્થાથી લઈને કિશોરાવસ્થા સુધી બાળક શાળામાં રહીને અભ્યાસ કરે છે. બાળક માટે શાળા એજ તેનો સમાજ છે, જ્યાં તેનો સામાજિક વિકાસ થાય છે, તેના ગુણો અને શકિતઓ દ્વારા તે અભિવ્યકત કરે છે અને પોતાના વ્યકિતત્વના વિકાસનો અવસર મળે છે.

શાળામાં વૈવિધ્યપૂર્ણ સમાજ અને પરિવારમાંથી વિવિધ પ્રકારના બાળકો આવે છે તેથી બાળકમાં સહકાર, બંધુતા, સહનશીલતા જેવા ગુણોનો વિકાસ થાય છે.

શાળામાં રહીને બાળક નિયમપાલન, સહયોગ સહાનુભૂતિ, અનુશાસન, હરીફાઈ વગેરેનું



Scanned with CamScanner

શિક્ષણ પ્રાપ્ત કરે છે, જેને પરિણામે બાળકનો સામાજિક વિકાસ થાય છે.

**(૩) સમાજની ભૂમિકા :**

બાળક સમાજમાં જન્મે છે, સંવર્ધન પામે છે. સમાજ વગર વ્યક્તિના જીવનની કલ્પના કરી શકાય નહિ. બાળક એ સમાજનું એક અંગ છે અને સુશિક્ષિત, સંસ્કારિતા, સમાજોપયોગી, ચારિત્ર્યવાન, વિનયી અને રાષ્ટ્રપ્રેમી બનાવવાનું મહત્ત્વનું કામ સમાજે જ શિક્ષણ સંસ્થાને સોંપ્યું છે. બાળકને સુયોગ્ય નાગરિક બનાવવાનું કાર્ય શિક્ષણના માધ્યમથી સમાજ કરે છે.

પરિવાર અને શાળા ઉપરાંત સામાજિક વાતાવરણ બાળકના સામાજિક વિકાસને પ્રભાવિત કરે છે. બાળક, પોતાના મિત્રો, સંબંધીઓ, પાડોશીઓ વગેરે લોકોથી પ્રભાવિત થાય છે. સમાજના લોકોના સંપર્કમાં આવી તેનો સતત સામાજિક થતો રહે છે. બાળક તેના મિત્રો, માતા-પિતા, શાળા, ધાર્મિક જૂથ વગેરે પાસેથી સમાજની રીતભાત, નિયમો, સમાજની શિસ્ત વગેરે શીખે છે. બાળક સમાજથી અલગ ન પડી જાય, તે સમાજનું અંગ બની રહે. સમાજ સાથે સંકળાયેલો રહે તે અંગેની કાળજી સમાજ દ્વારા લેવાય છે.

**(૪) બાળકના સામાજિક વિકાસમાં રાજ્યની ભૂમિકા :**

બાળકોના સામાજિકીકરણમાં રાજ્યની જે ભૂમિકા છે તે પરોક્ષ છે. રાજ્ય દ્વારા સૌથી પહેલાં શિક્ષણની નીતિનું નિર્માણ કરવામાં આવે છે તથા શિક્ષણનું આયોજન કરી શિક્ષણની સુવિધા પુરી પાડે છે. રાજ્ય અભ્યાસક્રમની રચના કરી, અભ્યાસક્રમમાં વિવિધ વિષયોનો સમાવેશ કરી બાળકને સમાજલક્ષી બનાવવામાં આવે છે. બાળકોમાં નીતિ નિયમોનું ઘડતર કરી સામાજિક વિકાસ કરે છે. ઉપરાંત વિવિધ યોજનાઓ, વિવિધ કાર્યક્રમો, પ્રવૃત્તિઓ દ્વારા બાળકના સામાજિક વિકાસ કરવાની ભૂમિકા અદા કરે છે.

**(૫) બાળકોના સામાજિક વિકાસમાં સમૂહ માધ્યમોની ભૂમિકા :**

સમૂહ માધ્યમોને માસમિડિયા તરીકે ઓળખવામાં આવે છે અને આ સમૂહ માધ્યમોમાં ન્યૂઝપેપર, રેડિયો, ટેલિવિઝન, ઈન્ટરનેટ, ફિલ્મ વગેરેનો સમાવેશ થાય છે. એક સાથે મોટા લોકોના સમૂહને એક સાથે માહિતી મોકલતા માધ્યમને સમૂહ માધ્યમ કહેવામાં આવે છે. આ સમૂહ માધ્યમો બાળકના સામાજિક વિકાસમાં મહત્વનો ભાગ ભજવે છે. જેમ કે.... વર્તમાન પત્રો દ્વારા બાળકોમાં સાંપ્રત માહિતી, નવુ જ્ઞાન, વિવિધ પ્રકારના મૂલ્યો, સંસ્કારો વગેરેનું સિંચન થાય છે. બાળક સાંપ્રત પ્રવાહ સાથે પોતાનો વિકાસ સાધે એ અંગેનું જ્ઞાન ન્યૂઝપેપરમાંથી પ્રાપ્ત કરે છે. આ ઉપરાંત રેડિયો પણ ઘણાં વર્ષોથી એક મનોરંજનના માધ્યમ તરીકે કાર્યરત્ છે. રેડિયો પર વિવિધ પ્રકારના બાળકને લગતા કાર્યક્રમો પ્રસારણ થાય છે. જે બાળકના સામાજિક વિકાસમાં મહત્ત્વનું કાર્ય કરે છે. આ રેડિયો પર સામાજિક, સાહિત્યિક તથા સાંસ્કૃતિક મૂલ્યો ધરાવતા કાર્યક્રમો પણ પ્રસારિત થાય છે, જે બાળકના સામાજિક વિકાસમાં ઉપયોગી નીવડે છે. બાળકો ઉપર સૌથી વધારે અસર પાડી શકે એવુ માધ્યમ એ ટેલિવિઝન છે. એ બાળકોનું રસપ્રદ સાધન છે. ટેલિવિઝન પર સતત વૈવિધ્યપૂર્ણ કાર્યક્રમો પ્રસારિત થાય છે અને બાળક પોતાને અનુકૂળ સમયે કાર્યક્રમો નિહાળી પોતાની જ્ઞાનની ક્ષિતિજમાં સતત વધારો કરી પોતાનો વિકાસ સાધે છે.

આમ, બાળકના વિકાસને સમાજ અસર કરે છે, અને બાળકના સામાજિક વિકાસના પાસાંના સંદર્ભમાં તેનો ઉછેર અને વિકાસ થાય એ અપેક્ષિત છે.



Scanned with CamScanner

# બાળકોના જ્ઞાનાત્મક વિકાસની આરપાર

- દર્શના આર. કાયસ્થ
(રોલ નં. ૩૮)

બાળકો પર ભણતરનો અસહ્ય બોજ છે. દિવસે દિવસે ભણતર વધુ સ્પર્ધાત્મક બનતું જાય છે. એથી વધુ શિક્ષણ વિશેનો મા-બાપનો અભિગમ વધારે તણાવયુકત, દાબદબાણભર્યો અને સત્તાવાહી બનતો જાય છે. કદાચ તેથી જ આજે મોટાભાગના બાળકોના બાળપણના શરૂઆતના વર્ષ શિક્ષણજન્ય તણાવમાં, શોષિત અવસ્થામાં પસાર થાય છે અને બાળપણના પાછળના વર્ષ દિશાહીન આનંદપ્રાપ્તિની ખોજમાં, બળવાખોર ઉદ્ધંડતામાં પસાર થાય છે. બાળકો અને માતા-પિતા વચ્ચે જે ન પુરાય એવી મોટી ખાઇ છે, એનું મુખ્ય કારણ બાળકો પર શિક્ષણને નામે કરવામાં આવતો અત્યાચાર છે. એવું ચોકકસ લાગે. ભણતરના ભારને કારણે બાળપણના સાહજિક હર્ષોલ્લાસથી વંચિત રહેલા બાળકો જીવન પ્રત્યે સાચો અભિગમ કેળવી શકતા નથી અને જીવનને ભણતર નામની સજા અને ભણતર સિવાયની મજા એમ બે ભાગમાં વહેંચી નાખે છે. આ વિષયક વિશે દરેક મા-બાપને થોભીને વિચારવાની જરૂર તો ખરી.

બાળકોની પસંદગી, સ્વભાવ અને પ્રવૃત્તિ જુદી જુદી હોય છે. એનો રસ કઇ બાજુ છે, એ બાળપણથી જ જોવા મળે છે. માતા-પિતા કે વડીલોએ બાળકોના રસ પ્રમાણે જ એમને પ્રોત્સાહિત કરવા જોઇએ. જેથી બાળક પોતાને ગમતી પ્રવૃત્તિ અપનાવી શકે અને કંઇક સારું કરી શકે એથી એની કાર્યકુશળતામાં ઘણો વિકાસ થશે.

દરેક બાળકમાં કોઇ આવડત હોય છે, કોઇ ટેલેન્ટ હોય છે. દરેક બાળકની કોઇ રૂચિ હોય છે, કોઇ પસંદગી હોય છે, જેમાં એ મન લગાવી સારું ફળ મળે એવું કામ હોંશપૂર્વક કરી શકે એટલી એની ક્ષમતા હોય છે. જો પૂરતી મોકળાશ અને વૈચારિક સ્વતંત્રતા હોય તો દરેક બાળક યોગ્ય ઉંમરે પોતે શું કરવા માટે સર્જાયો છે અને પોતે શું સારી રીતે કરી શકશે એ જાતે જ ખોળી શકે છે.

'અભ્યાસમાં પણ મજા આવી શકે' એવો અનુભવ પ્રથમવાર મા-બાપ કે શિક્ષક જ કરાવી શકે. બાળકને એવો અનુભવ કરાવવામાં મોટાભાગના મા-બાપ અને શિક્ષકો કરૂણ રીતે નિષ્ફળ જાય છે.

આજના બાળક પાસે સમય સારી રીતે પસાર કરવાના, મનોરંજનના ઘણાં સાધનો છે. ટી.વી. સિરિયલો, કાર્ટૂન, વિડિયો ગેમ્સ, એમ્યુઝમેન્ટ પાર્ક્સ, રમતગમત આ બધું બાળકને આકર્ષે છે. એની સરખામણીમાં બાળકને શિક્ષણ પ્રમાણમાં નીરસ લાગે છે તેથી સારા શિક્ષકની તમામ મહેનત અભ્યાસ સામગ્રીને વધુ રસપ્રદ બનાવવાની દિશામાં ખર્ચાવી જોઇએ.

શિક્ષક વિદ્યાર્થી પર ધ્યાન આપે તો વિદ્યાર્થી વધુ ભણે એવું નથી, વિદ્યાર્થી શિક્ષક પર ધ્યાન આપે તો એ વધુ ભણી શકે.

બાળકને જબરદસ્તીથી ભણવા બેસાડવું પડે એ ભણાવનારની નિષ્ફળતા છે. બાળક જાતે આવીને કહે "મમ્મી ! મને ભણાવને !" એ મમ્મીની શિક્ષક તરીકેની સફળતા છે. બાળક શાળાનો પિરિયડ કે ટયુશનનો સમય શરૂ થવાની રાહ જુએ એ શિક્ષકની સફળતા છે અને સમય પૂરો થવાની રાહ જુએ એ શિક્ષકની નિષ્ફળતા છે.



Scanned with CamScanner

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

- [illegible]

# પ્રત્યેક બાળક વિશિષ્ટ હોય છે !

- ફોજીયા એમ. નાંધલા
(રોલ નં. ૪૨)

બાળક એ કોઇ માટીનું ઢેફું નથી કે ફાવે તે રીતે તેને આકાર આપી શકાય. એ કાંઇ પથ્થરનું પૂતળું નથી કે તેને ફાવે તે રીતે આભૂષણો પહેરાવી શકાય. એ કોઇ યંત્ર નથી કે તેને ફાવે તે રીતે ચાવી આપીને ચલાવી શકાય. એ તો છે એક જીવંત, અત્યંત સૂક્ષ્મ, મૃદુ અને સંવેદનશીલ પંખીડું. આ પંખીડું છે...રહસ્મયતાનો સંપુટ. ખૂબ સમજથી, ખૂબ કોમળતાથી, ખૂબ કાળજીપૂર્વક તેને વિકસાવવાનું છે. પુષ્પની પાંદડીઓ ખૂલતાં પૂર્ણ વિકસિત કમળ બને તેને ખીલવવાનું છે.

Every Child born into the world is a new thought of god, and ever fresh and radiant possibility.

આ દુનિયામાં જન્મ લેતું પ્રત્યેક બાળક ઇશ્વરનો નવો વિચાર લઇને જન્મે છે. અને તે નૂતન અને ઝળહળતી સંભાવનાઓનો પુંજ છે.

લેખિકા જયવંતી કાજી, નેન્સી સેમાલીન નામના ન્યૂયોર્કના લેખિકાના પુસ્તક 'Loving your child is not enough' ના કેટલાક તથ્યો ટાંકીને એક મહત્ત્વનો સિદ્ધાંત સમજાવે છે અને તે છે : 'પ્રત્યેક બાળક અનોખું છે.'

બાળકને ઉછેરવું અને મોટું કરવું એ સહેલું કામ નથી. મા-બાપ માટે એ પડકારરૂપ છે. એવું કહેવાય છે કે છોકરા મોટા કરવા એ તો માથે ઝાડ ઉગાડવા જેવું છે ! દરેક માતા-પિતાને પોતાના સંતાન પ્રત્યે પ્રેમ હોય છે. એને માટે તેઓ અનેક નાનામોટાં ત્યાગ અને સમર્પણ કરતા હોય છે. અનેક અપેક્ષાઓ આશાઓ અને સ્વપ્ના બાળકની આસપાસ મા-બાપ સતત ગૂંથતા રહે છે. પોતાનો દીકરો કે દીકરી જીવનમાં કંઇક બને છે. કંઇક મેળવે છે ત્યારે મા-બાપના આનંદનો પાર નથી રહેતો. કેટલાક સંતાનો સારા નીકળે છે, કેટલાંક ખરાબ !

એક જ માતા-પિતાનાં સંતાનો સમાન વાતાવરણમાં ઊછર્યા હોય, છતાં કેટલા જુદાં હોય છે ! કોઇક મિલનસાર અને આનંદી હોય તો કોઇક શાંત અને શરમાળ ! કોઇક ખુશમિજાજ છે તો કોઇકને વાતવાતમાં ઓછું આવે છે. કોઇક બાળક હસતું-રમતું હોય તો કોઇક અતડું અને ચીડીયું !

બાળકના સ્વભાવની ખાસિયતની અને વર્તણૂંકની આવી અનેક સમસ્યાઓ હોય છે. મા-બાપ મૂંઝાય છે, અકળાય છે. ક્યારેક નિરાશ થાય છે. દરેક વિદ્યાર્થીઓની ક્ષમતા અલગ અલગ હોય છે. વાલીઓએ પોતાના બાળકોને બીજા બાળકો સાથે સરખાવવું ન જોઇએ. બીજા બાળકો સાથે તુલના ન કરવી જોઇએ. એવી જ એક ઘટના મને અહીં યાદ આવે છે.

એક પિતા પોતાના પુત્ર સાથે મિડિયમ એવરેજવાળી ગાડીમાં જતા હતા. ત્યારે એક કાર તેમની ગાડીને ઓવરટેક કરીને આગળ નીકળી ગઇ. તો તેમના પુત્રએ તેના પિતાજીને કહ્યું કે, તમે થોડી ઝડપથી ગાડી ચલાવો. તમને ગાડી ચલાવતા નથી આવડતી. જુઓ પેલી ગાડી આપણને ઓવરટેક કરીને આગળ નીકળી ગઇ. તમને ગાડી ચલાવતા નથી જ આવડતું.

પિતાએ પુત્રને સમજાવ્યું કે આપણી ગાડીની કાર્યક્ષમતા એ ગાડી જેટલી નથી. હું ગીઅર



Scanned with CamScanner

દબાવીશ તો પણ તેમનાથી આગળ નથી વધી શકવાનો. એટલામાં એક સ્પોર્ટ્સ કાર આગળ નીકળી જાય છે. ત્યારે ફરી પાછો પુત્ર બોલે છે. જુઓ, આ ગાડી પણ આગળ જતી રહી. હવે તો તમે માની લો કે તમને ગાડી ચલાવતા નથી આવડતું. હું તને કેટલીવાર સમજાવું કે આપણી ગાડીની કાર્યક્ષમતા ઓછી છે. પણ તું સમજવા જ તૈયાર નથી. પિતાજી ગુસ્સે થઈ જાય છે. આપણે કેટલી ગાડીને ઓવરટેક કરી એ તે ન જોયું ! પુત્ર ચુપ થઈ જાય છે. અને શાંતિથી કહે છે કે તમે કેટલા સમજદાર છો. તમે તરત સમજી ગયા કે આપણી ગાડીની કાર્યક્ષમતા ઓછી છે. તો.... તમે મને બીજા સાથે શા માટે સરખાવો છો ?

મારાથી આગળ હોય એવા વિદ્યાર્થીને જુઓ છો પણ મારાથી પાછળ હોય એવા વિદ્યાર્થીને જુઓને. હું ગમે તેટલી મહેનત કરું તો પણ આગળ ન વધી શકું તેવું તમે કેમ નથી સમજી શકતા ?

અહીં સમજવાની વાત એ છે કે મા-બાપ સમજદારીથી વર્તે તો બાળકોને વહાલસોયા બની શકે છે. મા-બાપ બાળકોના સ્વભાવ સાથે કેવી રીતે વર્તવું અને કામ પાર પાડવું એ જાણી લેવું જોઈએ અને એ પ્રમાણે બાળકો સાથે વર્તવું જોઈએ. બાળકોના વિરુદ્ધ વર્તવાથી બાળકોના મન પરથી માતા-પિતા ઊતરી જાય છે કે વાત વધારે વણસે છે.

દરેક મા-બાપે સ્વીકારી લેવું જોઈએ કે દરેક બાળક એકસરખું હોતું નથી. બધા બાળકો એકબીજાથી જુદાં હોય છે.

દા.ત. એક બાળકને એક રીત કામમાં આવે તો બીજા બાળકને બીજી રીત પણ કામમાં આવી શકે. એટલે કે એક બાળક ગણિતના દાખલામાં એક રીતે દાખલો ગણે તો બીજું બાળક બીજી રીતે પણ દાખલો ગણી શકે. આમ એક બાળકને એક રીત કામમાં આવી તો બીજા બાળકને તે રીત ન પણ કામમાં આવે. તેથી એક બાળકની સરખામણી બીજા બાળક સાથે ક્યારેય ન કરવી. પોતાના બાળકને એમ ન કહો કે જો પેલું બાળક કેટલું હોશિયાર તને કંઈ આવડતું નથી. આવાં બાળકોને મહેણાં-ટોણાં ન મારો. આનાથી બાળકમાં લઘુતાગ્રંથિ બંધાય છે. એક સારું છે, ચડિયાતું છે અને બીજું ખરાબ, નકામું છે. એવા લેબલ ન મારો. એનાથી બાળકો વચ્ચે ભેદભાવ, દેખાદેખી ઊભી થાય છે.

અહીં મારે એટલો જ નિષ્કર્ષ તારવવો છે કે આ પૃથ્વી પર અવતરતું પ્રત્યેક બાળક વિશિષ્ટ હોય છે. પ્રત્યેક બાળકની વિશિષ્ટતા જળવાય એ રીતે આપણે વર્તવું જોઈએ.

---

એક લાખ જેટલાં સ્વર્ગો કરતાં પણ
આપણા હૃદયમાં પડેલો
અલ્લાહ માટેની મોહબ્બતનો એક કણ
વધારે મૂલ્યવાન છે.

- બાયઝિદ-અલ-બોસ્તામી



Scanned with CamScanner

# બાળકોની અપેક્ષાઓને સમજીએ

- આસીફાબાનું એમ. શેખ
(રોલ નં. ૩૩)

આજનો યુગ Technology & Competitionનો યુગ છે. દરેક માતા-પિતા બાળકના સારા ભવિષ્ય માટે પૈસા પાછળ આંધળી દોટ મૂકતા હોય છે તો કેટલાક વાલી ધનસંપત્તિની લાલસામાં ફ્લેટ, બંગ્લોઝ, ગાડીઓ ખરીદીને પોતાની ઘેલછા વધારી, દંભ-દેખાડા કરીને સામાજિક પ્રતિષ્ઠા વધારવાનો પ્રયત્ન કરે છે, પરંતુ પોતાનું બાળક કઇ શાળામાં, કયા વર્ગમાં ભણે છે, શું ને કેવું ભણે છે, કેવું પરિણામ લાવે છે, તેની તકલીફો શી છે, તેની સોબત કેવી છે, તેનો અભ્યાસ કે ઇતર પ્રવૃત્તિઓમાં કેવો પ્રોગ્રેસ છે વગેરે પ્રત્યે ખૂબ બેકાળજી દાખવે છે. વાલીઓ પોતાના બાળકને શક્ય તેટલી દરેક સુખ સુવિધાઓ આપે છે, પરંતુ તેઓ એ જ વસ્તુ નથી આપી શકતા કે જેની બાળક પોતાના માતા-પિતા પાસેથી તીવ્ર અપેક્ષા રાખે છે અને તે છે પ્રેમ, હૂંફ, સ્પર્શ અને સમય.

બાળક અને વાલીના પ્રેમાળ સંબંધનો એક પ્રસંગ કે જે અમેરિકાનો છે તે યાદ આવે છે. અમેરિકામાં વેતન કલાક પર ગણાય છે.

'ડેડી, તમને એક કલાકના કેટલા ડોલર મળે ?' રાત્રે ઘેર પાછા ફરેલા ડેડીને દીકરાએ અહોભાવથી દબાતા સ્વરે પૂછ્યું. પિતાને આશ્ચર્ય થયું. થોડી કડકાઇથી કહ્યું કે - "જો સની, તારી મમ્મીને પણ ખબર નથી કે મને શું પગાર મળે છે, મારું માથું ના ખા, હું થાકી ગયો છું." 'પણ ડેડી, પ્લીઝ મને આટલું તો કહો ને ! તમને એક કલાકનું શું મળે છે ?' દીકરાએ આગ્રહપૂર્વક આજીજી કરી. અંતે, ડેડીએ નમતું મૂકીને કહ્યું કે કલાકના 'વીસ ડોલર'. ઓ.કે. ડેડી ! તમે મને દસ ડોલર ઉછીના આપશો ?' છોકરાએ પૂછ્યું. આ સાંભળી પરેશાન થયેલા પિતાએ ઊંચા અવાજે કહ્યું કે તું આટલા માટે જ મને પૂછતો હતો કે મને શું મળે છે ? જા, સૂઇ જા. હવે મને વધુ હેરાન ન કર.

પછી સની સૂઇ જવા તેના રૂમમાં ગયો. રાત્રિનું અંધારું છવાઇ ગયું હતું. પિતા સૂતાં સૂતાં પૂત્રએ જે કહ્યું તે વિશે વિચારે ચડયા. છોકરાની લાગણી દુભાવ્યાનો પસ્તાવો થયો હશે. છોકરાને કંઇક ખરીદવું હશે એટલે એણે દસ ડોલર માગ્યા હશે. વગેરે.... પછી મનનો ભાર હળવો કરવા પિતા દીકરાના રૂમમાં ગયા અને પૂછ્યું - "સની બેટા, સૂઇ ગયો ?"

અડધી ઊંઘમાં છોકરાએ જવાબ આપ્યો - 'ના ડેડી કેમ ?' લે, આ દસ ડોલર. તારે એ જોઇતા હતા ને ? પિતાએ કહ્યું.

"થેંક્સ ડેડી !" આનંદમાં આવી ગયેલા છોકરાએ પછી તેના ઓશીકા નીચે હાથ નાખી થોડા પૈસા કાઢયા અને પિતાને કહ્યું કે, "હવે મારી પાસે પૂરતા પૈસા થઇ ગયા. વીસ ડોલર." દીકરા સામે એકીટશે જોઇ રહેલા પિતાને દીકરાનું કહેવુ સમજાયું નહિ.

"ડેડી, લો આ વીસ ડોલર." એના બદલામાં તમારો એક કલાક મને આપશો ?

આ પ્રશ્ન દરેક ઘરમાં છે. પૃથ્વી પર સમગ્ર પ્રાણીસૃષ્ટિ વસવાટ માટે કે ભોજન માટે હૂંફાળી જગ્યા કે વસ્તુની શોધ કરવાની જન્મજાત વૃત્તિ ધરાવે છે. બાળકોને સુખ સગવડની નહિ, પરંતુ પ્રેમ લાગણીની જરૂર વધુ હોય છે. મનોવૈજ્ઞાનિક સંશોધનોએ પૂરવાર કર્યું છે કે બાળક મોટું થઇને



Scanned with CamScanner

કેવો માણસ બનશે તેનો સમગ્ર આધાર તેને નાની ઉંમરે કેવો અને કેટલો પ્રેમ, હૂંફ, સહાનુભૂતિ અને સ્પર્શ મળ્યો છે તેના પર રહેલો છે.

ઉમાશંકર જોશી કહે છે કે :

'એક મોટી નવલકથા જેટલી સહેલાઇથી લખી શકાય, એટલી સહેલાઇથી બાળકો માટે એક ઉત્તમ વાર્તા લખી શકાતી નથી.'

આજના ટેક્નોલોજીના યુગમાં બાળકો ટેલિવિઝન અને વિડિયો ગેમનો મહત્તમ ઉપયોગ કરે છે. ભલે ટેલિવિઝન મનોરંજનનું સર્વશ્રેષ્ઠ સાધન હોય, પરંતુ બાળકોમાં માનસિક ક્રૂરતા ઉત્પન્ન કરવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. એક સર્વેક્ષણ મુજબ બાળક ૧૬ વર્ષનું થાય ત્યાં સુધીમાં ૧૫,૦૦૦ કલાક માત્રને માત્ર ટી.વી. જોવા પાછળ ગાળે છે અને શાળામાં માત્ર ૧૧,૦૦૦ કલાક જ હાજરી આપે છે. પરિણામે પ્રાથમિક કક્ષાએથી જ બાળકોનો અભ્યાસ મંદ પડીને બગડે છે.

બાળકોને ટેક્નોલોજીથી દૂર રાખવા તો શક્ય નથી, પરંતુ તેના ઉપયોગમાં સંતુલન જાળવે એ ધ્યાન વાલીઓએ રાખવું જોઇએ. વાલીઓએ બાળકોને ચેસ કે કેરમ કે અન્ય રમત રમવાની આદત પાડવી જોઇએ. જેથી આપોઆપ વીડિયો ગેમ કે ટી.વી.નો ચસકો ઓછો થાય. આ માટે વાલીઓએ સૌ પ્રથમ ટેક્નોલોજી પર કાપ મૂકવો પડે અને પોતાના આઇપેડ, સ્માર્ટફોનને થોડા સમય માટે અલગ મૂકી પરિવાર સાથે બેસીને સમય પસાર કરવો પડે.

આજના મોબાઇલયુગમાં મોટાભાગનો સમય સ્માર્ટફોન પર ગેઇમ રમવામાં અને ચેટ કરવામાં જાય છે. એવો જ એક કિસ્સો મને યાદ આવે છે -

એક શાળામાં શિક્ષિકા મેડમે 'હું ભવિષ્યમાં શું બનવા ઇચ્છું છું.' એ વિષયમાં નિબંધ લખવા માટે આપ્યો અને બધી નોટબુક ઘરે તપાસવા માટે લઇ ગયા. સાંજે બધુ કામ પતાવી શિક્ષિકા મેડમ નોટબુક તપાસવા બેઠા. છેલ્લી નોટબુક તપાસી તેઓ રડવા લાગ્યા. સામે તેમના પતિ સોફા પર પોતાના આઇફોનમાં ગેઇમ રમતા હતા. તેમની પત્નીને રડતા જોઇ તેમણે પૂછ્યું, 'શું થયું ?' તેમની પત્નીએ કહ્યું, 'મેં વિદ્યાર્થીઓને 'હું ભવિષ્યમાં શું બનવા ઇચ્છું છું.' તે વિષય પર નિબંધ લખવા આપ્યો હતો.

પતિ : હા, પણ તું રડે છે શા માટે ?

ત્યારે પત્ની કહે છે કે છેલ્લા વિદ્યાર્થીનો નિબંધ વાંચી મારી આંખ ભરાઇ આવી. મારાથી રહેવાયું નહિ અને રડી પડાયું. તેણે લખ્યું છે કે -

'મારે ભવિષ્યમાં સ્માર્ટફોન બનવું છે. મારા માતા-પિતા આખો દિવસ સ્માર્ટફોન પોતાની સાથે જ રાખે છે. હું જ્યારે કોઇ અગત્યની વાત કરતો હોઉં અને તેમના સ્માર્ટફોન પર રીંગ વાગે તો તેમની સાથે વાતે વળગી જાય છે. મારી વાતને કોઇ મહત્ત્વ મળતું નથી.

મમ્મી રસોઇ કરતી હોય અને તેમના સ્માર્ટફોન પર રીંગ વાગે તો એક જ રીંગ પર ફોન ઉપાડી લે છે એટલી દરકાર તો હું રડતો હોઉં ત્યારે પણ કરવામાં આવતી નથી.

તેમને સ્માર્ટફોનમાં ગેઇમ રમવાનો સમય મળે છે, પરંતુ મારી સાથે રમવાનો સમય મળતો નથી. ભગવાન મને 'સ્માર્ટફોન' બનાવી દે તો કેટલું સારું ? હું ક્યારેય તેમનાથી અલગ ના થઇ શકું.'



Scanned with CamScanner

આમ, વાલીઓએ પણ થોડો સમય બાળકોને આપવો જોઇએ. તેના મનની વાત જાણવી જોઇએ.

"બાળકના માતા-પિતા હોવું એ એક પડકારરૂપ, ગંભીર ને વજનદાર જવાબદારી છે. જેમને બાળઉછેરનું ભાન નથી તેઓ માતા-પિતા થવાને પાત્ર નથી." એવી ગુણવંત શાહ જેવા પ્રખર ચિંતકની ચેતવણી યોગ્ય છે.

આજનો યુગ Competition નો યુગ છે, જે આપણે સૌ જાણીએ જ છીએ. દરેક વાલીનું સપનું હોય છે કે પોતાનું બાળક બીજા બાળકોથી ચઢિયાતું હોય અને પોતે પૂરા ન કરી શકેલ સપનાઓ પોતાના બાળક થકી પૂર્ણ કરવા ઇચ્છતા હોય અને તે માટે બાળકની ક્ષમતા હોય કે ન હોય તેને વિવિધ ટ્યૂશન કલાસીસમાં મોકલવામાં આવે છે અથવા તો દેખાદેખીમાં કે પાડોશનો છોકરો ફલાણો કોર્સ કરે છે તો પોતાના બાળકની રસરુચિ વગર તેને તેમાં જોતરી દેવામાં આવે છે. દરેક બાળક 'સમાન' હોય છે, પરંતુ 'સરખું' હોતુ નથી.

Every child born into the world is a new thought of God and ever fresh and radiant possibility.

- Kate Douglas Wiggin

બાળક જન્મીને આ દુનિયામાં આવે ત્યારે તે સાવ કોરું કે ખાલી હોતું નથી. એ સ્વભાવની કેટલીક ખાસિયતો અને લાક્ષણિકતાઓ લઇને જન્મે છે અને પછી એ પ્રમાણે પોતાના વાતાવરણ સાથે 'ઇન્ટરએક્ટ' કરે છે. બાળક કંઇ સાવ કોરી પાટી કે સ્લેટ નથી કે જેના પર તમે ધારો તે લખી શકો. બાળક માટીનો લોંદો નથી કે તમે ઇચ્છો એ ઘાટ એને આપી શકો. બાળકો એ તો શારીરિક અને માનસિક શકિતનો સ્ત્રોત છે.

ગિજુભાઇ બધેકા સાચું જ કહે છે કે, 'આપણે આપણી ઘડિયાળના ચકકરને પકડી રાખીને આપણી પોતાની આંગળીઓ વડે તેના કાંટાને ફેરવીએ અને પછી સંતોષ લઇએ કે ઘડિયાળ ચાલે છે તેવી જ રીતે આજના વાલી કે શિક્ષક પણ બાળકની સ્વયં ચેતનાના ચકકરને પકડી રાખી, પોતે જેમ ચાહે તેમ બાળકના મનના કાંટાને ફેરવે છે. પોતે જે ઇચ્છે તે બાળકના માનસમાં ઠાંસી ઠાંસીને ભરે છે એ જરાય યોગ્ય નથી. શિક્ષક અને વાલીનું કામ તો ઘડિયાળને હળવા હાથે, મૃદુતાથી ચાવી દઇને માત્ર ચાલુ કરવાનું છે. એકવાર પ્રેમપૂર્વક બાળકમાં સ્વયંસ્કુરણા જાગૃત કરી દો અને પછી તેના વિકાસનું કામ કેવું શરૂ થાય છે તે જુઓ.... બાળકને એક ઘાટ આપવાનું કામ કરવાનું હોય છે. તેને દિશા બતાવવાનું કાર્ય કરવાનું હોય છે.

જેકસન બ્રાઉન નામના એક અમેરિકન પિતાએ વર્ષો પહેલાં કયાંક વાંચેલું કે 'પોતાનાં સંતાનો માટે સડક બાંધી આપવાની જવાબદારી મા-બાપો ઉપર નથી, એમણે તો એ વાટનો નકશો જ પૂરો પાડવાનો છે.

બાળકો પર ભાર લાદવો જોઇએ નહિ. હાલ બાળકોના આત્મહત્યાના કિસ્સાઓ પણ રોજ આપણે સમાચારમાં વાંચીએ છીએ. પરીક્ષા ટાણે કે પરીક્ષાના પરિણામ પછી વધુને વધુ આત્મહત્યા તરફ જઇ રહેલા સંતાનોને બચાવવા હવે સાંપ્રત સમયમાં બાળકોના સાચા ને પ્રેમાળ માતા-પિતા બનીએ, ઉત્તમ કાઉન્સેલર બનીએ અને અભ્યાસક્રમનું ભારણ ઘટાડીએ એ જરૂરી છે. તેમને યોગ્ય 'Feed back' આપીએ, એકલા માર્ક્સ કે ગુણાંકને મહત્ત્વ ન આપીએ, બાળકોને



Scanned with CamScanner

નિષ્ફળતાઓ પણ પચાવતાં શીખવીએ. બાળકોની સૂઝને સમજશકિત, રસ અને રુચિ, બુદ્ધિમતાને અનુરૂપ જ કોઈ કેરિયર કે વ્યવસાયમાં જવા પ્રોત્સાહિત કરીએ. ૧૪ કે ૧૬ વર્ષની વયના આ બાળકોના મિત્ર બની જઈ તેમને પ્રેમ, પ્રેરણા અને પ્રોત્સાહનનું વાતાવરણ પૂરું પાડી તેમને મજબૂત મનનાં બનાવીએ.

હા, જો તે ખરેખર કુસંગે કે અવળા માર્ગે જઈ રહ્યો હોય તો તેની ચકોર નજરે તપાસ કરી તેને પ્રેમથી સમજાવીને સાચા રસ્તે વાળીએ. 'ઘરસભા' અને 'પ્રાર્થનાસભા'નું વાતાવરણ સર્જી સવારે કે સાંજે કુટુંબના સભ્યો સાથે બેસીને, જમીને ચર્ચા દ્વારા પારિવારિક ભાવના પેદા કરીએ.

આખો દિવસ અભ્યાસમાં રત રહેતા બાળકના મસ્તકને જો વચ્ચે વચ્ચે માતા-પિતા, વાલી કે શિક્ષકનો સ્નેહાળ હાથનો સ્પર્શ સાંપડે તો બાળકનું મન મોર બનીને થનગનાટ કરી ઊઠશે. આખરે વાત તો સ્નેહભર હૂંફનું વાતાવરણ સર્જવાની જ છે.

આમ, બાળકો આપણી પાસે ઘણી બધી અપેક્ષાઓ રાખતા હોય છે. એક માતા-પિતા તરીકે કે વડીલ તરીકે આપણી એ સૌથી વધારે પવિત્ર ફરજ છે કે આપણે આપણા બાળકોની આપણા પાસેની અપેક્ષાઓને સમજીએ. જો આપણે આપણા બાળકોની અપેક્ષાઓ સમજી શકીએ તો ઘણા બધા પ્રશ્નો હલ થઈ શકે એમ છે.

ઇયળમાં એવું કશું જ નથી દેખાતું
જેને લીધે માની શકાય કે
એમાંથી પતંગિયું
બનવાનું છે.

\- બક મિસ્ટર ફુલર



Scanned with CamScanner

# બાળવિકાસમાં માતૃભાષાનું મહત્વ

- પ્રિયંકા જે. વરાછીયા
(રોલ નં. ૨૯)

આજકાલ બાળકોનાં વિકાસ માટેનાં ઘણા બધા પ્રયત્નો થઈ રહ્યાં છે. તેમનો શૈક્ષણિક વિકાસ થાય તે સંદર્ભે પણ સરકાર દ્વારા ઘણાબધા પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા છે. મારે અહીં બાળકોના વિકાસમાં તેમની માતૃભાષાનું કેટલું મહત્ત્વ છે એના વિશે કંઈક કહેવું છે.

હાલના અત્યંત ઝડપી અને ટેક્નોલોજીના યુગમાં મોટાભાગના વાલીઓમાં પોતાનું બાળક અંગ્રેજી માધ્યમમાં ભણે તો જ સક્ષમ રીતે આગળ વધશે અને તો જ સમાજમાં તેની પ્રતિષ્ઠા વધશે એવી માન્યતા ઘર કરી ગઈ છે કે જે ખોટી છે. વાલીઓ પોતાની સમજશકિતનો ઉપયોગ ન કરતાં ગાડરિયા પ્રવાહના વહેણમાં વહી જવા માંડયા છે. તો શું આવી રીતે બાળકોનો સફળ વિકાસ શક્ય છે ખરો ?

અમારી સોસાયટીમાં રહેતા એક બહેને થોડાં દિવસો પહેલાં જ એક બાળકને જન્મ આપ્યો હતો. બાળકનાં જન્મ બાદ બર્થ સર્ટિફિકેટ તો કઢાવવું જ રહ્યું. મેં એકવાર સાંભળ્યું. તે તેમના પતિને કહેતા હતા કે આ સર્ટિફિકેટમાં થોડો સુધારો કરાવવાનો છે. તમને જાણીને કદાચ નવાઈ લાગશે ! પેલી બહેનનું કહેવું હતું કે આ સર્ટિફિકેટમાં ગુજરાતીમાં લખાયું છે, અંગ્રેજી માધ્યમની શાળામાં પ્રવેશ વખતે કોઈ સમસ્યા નડે તે પહેલાં આ બધું અંગ્રેજીમાં લખાવી લાવો ! આવું સર્ટિફિકેટ ન ચાલે ! મને સાંભળીને નવાઈ લાગી કે હજુ તો બાળક માંના ગર્ભના અંધકારમાંથી સૃષ્ટિના સૌંદર્યમાં આવ્યું જ છે, તે હજી એક મહિનાનું પણ નથી થયું અને..... આ શું ? આ રીતે થશે બાળકોનો વિકાસ ? બાળકો અંગ્રેજી માધ્યમમાં ભણે તેની સામે કોઈ વિરોધ નથી, પરંતુ જો બાળકના ઘરનું વાતાવરણ, તેની આસપાસનું વાતાવરણ અને શાળાનું વાતાવરણ અલગ પડતું હોય તો આવા સમયે તેને સુમેળ સાધવામાં અડચણો પેદા થાય છે. અફસોસ ! તે પોતાને વર્ણવી શકતો પણ નથી, ન ઘરમાં માતા-પિતાને અને શાળામાં શિક્ષકોને. તેઓનાં માનસિક વિકાસ પર ઘણી નકારાત્મક અસર થાય છે. આમ, તેમનો વિકાસ રૂંધાય છે. અહીં આ સંદર્ભે એક ગીત યાદ કરવા જેવું છે....

**પીંજરે કે પંછી રે..... તેરા દર્દ ન જાને કોઈ, તેરા દર્દ ન જાને કોઈ....**

જેમ પીંજરામાં પૂરાયેલા પક્ષીનું દર્દ કોઈ સમજી શકતું નથી તેમ બાળકનું દર્દ પણ કોઈ સમજી શકતું નથી. તે મુકત રીતે રહી શકતું નથી, કેમકે તેના પર શાળામાં શિક્ષક તથા ઘરમાં તેના માતા-પિતા સતત નજર તાકીને જ બેઠા હોય છે.

ગુજરાતી માતૃભાષા ધરાવતું બાળક અથવા તો કોઈ બીજી માતૃભાષા ધરાવતું બાળક જ્યારે અન્ય ભાષાનાં માધ્યમથી શિક્ષણ લે છે ત્યારે તેને ઘરનો માહોલ યોગ્ય રીતે માફક આવતો નથી. જો તેને અનુકૂળ માહોલ ઘરે ઊભો કરવામાં આવે તો તેનો વિકાસ સફળતાપૂર્વક થઈ શકે, પરંતુ ઘરે આવું વાતાવરણ ન મળતાં તેને તેની શાળાના શિક્ષકો પર મોટી આશા હોય છે. અહીં જ્યારે પોતાનો દીકરો સૌપ્રથમ વાર શાળાનું પગથિયું ચઢી રહ્યો હોય છે ત્યારે અબ્રાહમ લિંકને શાળાના શિક્ષકોને ઉદ્દેશીને કહેલી આ વાત અહીં નોંધવા જેવી છે. લિંકને કહ્યું હતું કે :



Scanned with CamScanner

'તેની આંગળી ઝાલીને દોરજે, તેને ખોટા લાડ ન લડાવીશ પણ મૃદુતાથી શીખવજે.'

પરંતુ, અફસોસ સાથે જણાવવું પડે છે કે અમુક મર્યાદાઓને કારણે શિક્ષક વિદ્યાર્થીને મૃદુતાથી કે ફરી ફરીને, અકથ્ય ધીરજ રાખી ભણાવવામાં અસમર્થ છે. આવા સમયે બાળક ન તો માતા-પિતાને કંઈ કહી શકે છે કે ન તો શિક્ષકને ! આમ, ભણવાનો ડોળ કરતો એ પોતાના બાળપણની મસ્તી, હાસ્ય, ઉત્સાહ, ખુશી વગેરેથી વિમુખ થતો જાય છે. શાળાઓ બાળપણની હત્યા કરી રહી હોય એવો અહેસાસ થાય છે.

બીજું કે, બાળકોની સરખામણી બીજા બાળકો સાથે કરવી એ પણ યોગ્ય નથી. અત્યારે મોટાભાગના વાલીઓ જ્યારે કોઈ મહેમાન ઘરે આવે ત્યારે બાળકને અંગ્રેજીમાં કવિતા કહી સંભળાવવા કહે છે, પરંતુ જ્યારે બાળક આવું નથી કરી શકતું ત્યારે તેને બાજુના કે અન્ય બાળકની સરખામણીમાં 'ડોબો' ગણવામાં આવે છે. તે Intellegent નથી એમ માનવામાં આવે છે. આનાથી બાળકના માનસ પર ગંભીર અસર થાય છે. માતા-પિતા એ વાતથી અજાણ છે કે, "English is a Language, not a measure of Intelligence." એટલે કે અંગ્રેજી એ એક ભાષા છે પરંતુ તે બુદ્ધિમાપક નથી.

આજના આ હરણફાળ હરીફાઈના યુગમાં અંગ્રેજી, કમ્પ્યૂટર અને ટેક્નોલોજી જાણવી જરૂરી બની છે, પરંતુ એ જ સર્વ કંઈ છે અને તેના સિવાયનું બધુ જ નકામું છે એવું માનવું સાવ ભૂલભરેલું છે. આ ભૂલ બાળકોના વિકાસ પર નકારાત્મક અસર કરે છે. જો આપણે ખરેખર આપણા બાળકોનો યોગ્ય વિકાસ સધાય એવી અપેક્ષા રાખતા હોઈએ તો માતૃભાષાનું યથાર્થ મહત્ત્વ સમજવું જ પડશે.

---

વિદ્યાર્થી માટે ઈર્ષ્યા મૃત્યુ છે,
અતિવાદ સંપત્તિનાશક છે.
સેવા કરવાનું છોડી દેવું,
ભણવામાં ઉતાવળ કરવી,
તથા પોતાનાં વખાણ કરવાં
એ ત્રણ લક્ષણો વિદ્યાના શત્રુઓ છે.

\- મહાભારત



Scanned with CamScanner

# બાળવિકાસને અવરોધક પરિબળો

- વિમલ જી. ખલાસી
(રોલ નં. ૨૦)

**પ્રસ્તાવના :**

વિકાસ ક્રમિક અને સતત ચાલતી પ્રક્રિયા છે. વિકાસના ચોક્કસ તબક્કા હોય છે. એને કૂદાવી શકાતા નથી. દા. ત. બાળક જન્મતાની સાથે જ બેસતા કે ચાલતા શીખી જતું નથી. વિકાસની પ્રક્રિયા ચોક્કસ ઢાળને અનુસરે છે. એક ક્રિયા પછી બીજી ક્રિયા, એક તબક્કામાંથી બીજા તબક્કામાં એમ ક્રમિક રીતે વિકાસ થાય છે. વિકાસનો ક્રમ મસ્તકથી પગ તરફનો છે. બાળક સૌ પ્રથમ મસ્તકના સ્નાયુઓનું નિયંત્રણ કરતા શીખે, ત્યારબાદ માથું, ધડ, હાથ-પગના સ્નાયુઓ ઉપર નિયંત્રણ કેળવે છે.

બાળવિકાસની પ્રક્રિયા આપણે જેટલી માની લઇએ એટલી સહજ નથી. બાળ ઉછેર દરમિયાન કેટલાક પરિબળો એવા છે કે જો એની અવગણના કરવામાં આવે તો બાળવિકાસ અવરોધાય છે. અહીં બાળવિકાસની પ્રક્રિયા દરમિયાન ઉપસ્થિત થતા કેટલાક અવરોધક પરિબળોની ચર્ચા કરવામાં આવી છે.

**ગર્ભાધાનથી જન્મ સુધી :**

સામાન્ય રીતે આપણે એવું માનીએ છીએ કે બાળકનો જન્મ થાય પછી વૃદ્ધિ-વિકાસની પ્રક્રિયા ચાલુ થતી હોય છે, પરંતુ બીજ-ધારણથી જ બાળવિકાસની પ્રક્રિયા ચાલુ થઇ જતી હોય છે. બાળક જન્મ લઇ બાહ્ય વાતાવરણના સંપર્કમાં આવે એ પહેલાં ગર્ભાવસ્થા સમયથી જ વિકાસની પ્રક્રિયા શરૂ થઇ જાય છે. આથી ગર્ભાવસ્થા દરમિયાન સ્ત્રીએ ચોક્કસ કાળજી રાખવી પડે છે. લગભગ આ ૨૮૦ દિવસના સમયમાં વિકાસ અત્યંત ઝડપી હોય છે. નવ માસ દરમિયાન સામાન્ય રીતે બાળકનું વજન ૨ થી ૩ કિલોગ્રામ, ઊંચાઇ ૧૬ થી ૨૦ ઇંચ જેટલી હોય છે. પરંતુ સંજોગોવસાત ગર્ભાવસ્થાના આ સમયગાળા દરમિયાન ક્યાંક કેટલાક કારણોસર બાળવિકાસની ગતિ મંદ પડે છે, જેથી બાળવિકાસ અવરોધાય છે. આવા કેટલાક કારણો નીચે મુજબ છે.

૧. ગર્ભાવસ્થા દરમિયાન સ્ત્રી વ્યસન કરે (ખાસ કરીને પછાત વિસ્તારની મહિલાઓ કાં તો ઉચ્ચ વર્ગની મહિલાઓ) દા. ત. તમાકુનું સેવન, ધૂમ્રપાન કરવું, ડ્રગ્સનું સેવન. એની સીધી અસર ગર્ભમાં રહેલા બાળક ઉપર પડે છે અને બાળવિકાસની ગતિ અવરોધાય છે.

૨. ગર્ભાવસ્થા દરમિયાન માતાને કોઇ માંદગી આવી પડે તો સત્વરે એની સારવાર થાય એ જરૂરી છે. પણ જો આ તરફ દુર્લક્ષ્ય સેવાય તો એની અસર ગર્ભમાં ઉછેર પામનાર બાળક ઉપર થયા વિના રહેતી નથી.

૩. ગર્ભવતી સ્ત્રી આ સમયગાળા દરમિયાન પૌષ્ટિક આહાર લે એ જરૂરી છે. કારણ કે કુપોષણની સીધી અસર બાળ ઉપર થતી હોય છે.

૪. ગર્ભાવસ્થા દરમિયાન મહિલા શારીરિક શ્રમ કરે તો એની અસર પણ ગર્ભમાં રહેલ બાળક ઉપર થાય છે.



Scanned with CamScanner

આમ, ગર્ભાવસ્થા દરમિયાન ઉપરોક્ત બાબતો પ્રત્યે કાળજી રાખવામાં આવે તો બાળવિકાસની પ્રક્રિયાને વેગ મળી રહે છે.

**જન્મ સમયે :**

૧. બાળકના જન્મ સમયે ડોક્ટર દ્વારા કોઈ શરતચૂક થઈ જાય એવું પણ બનતું હોય છે અને એને કારણે શરીરના કોઈ એકાદ અંગમાં વિકલાંગતા આવી જાય છે અને એનો ભોગ બાળક બને છે અને આજીવન સહન કરવું પડતું હોય છે.

૨. જન્મતાની સાથે જ બાળકને અનુકૂળ હવા-ઊજાસ ના મળે તો પણ બાળવિકાસ અવરોધાય છે.

૩. જન્મના પ્રથમ દિવસથી શરૂ કરી પહેલા છ માસ સુધી ફરજિયાત માતાનું નિયમિત સ્તનપાન બાળકને કરાવવામાં આવે એ જરૂરી છે. જો આ બાબતની અવગણના કરવામાં આવે તો બાળકના સ્વાસ્થ્ય ઉપર એની સીધી અસર થતી હોય છે.

૪. શરૂઆતના સમયગાળામાં બાળકનું નિયમિત ચેક-અપ થાય એ જરૂરી છે. પોલિયો સહિત કેટલાક રોગો એવા છે કે જેની અસર બાળક ઉપર થવાની સંભાવના રહેલી હોય છે. આથી આવા ચેપી રોગોથી બચવા માટે સમયાનુસાર રસીકરણ કે દવા આપવી જરૂરી છે. જો એના પ્રત્યે ઉપેક્ષા સેવાય તો બાળવિકાસ અવરોધાય છે.

૫. માતા-પિતાને થયેલ રોગની અસર જન્મનાર બાળક ઉપર થાય છે અને તે બાળકના વિકાસ માટે બાધારૂપ સાબિત થાય છે. દા.ત. માતા-પિતાને સિકલસેલ એનિમીયાની બિમારી હોય તો એની અસર બાળક ઉપર થાય છે.

**જન્મથી પાંચ વર્ષની ઉંમર :**

આ સમયગાળો એવો છે જેમાં બાળક પશુ સમાન હોય છે. શરૂઆતમાં બાળક પરાવલંબી હોય છે. આથી બાળકને સ્વાવલંબન તરફ લઈ જવું જરૂરી છે. આ તબક્કા દરમિયાન બાળકને મુક્ત વાતાવરણ આપવામાં આવે એ જરૂરી છે. જો બાળકને રોકવામાં આવે, એના ઉપર નિયંત્રણ મુકવામાં આવે, બાળકને ધમકાવવામાં આવે, કોઈ પ્રકારની રોકટોક કરવામાં આવે તો બાળકનો માનસિક વિકાસ ધીમો પડી જશે. દા.ત. જો બાળકને કહેવામાં આવે કે આમ ના કર, તુ સમજતો કેમ નથી ? વગેરે.... જેનાથી બાળકની વિચારપ્રક્રિયા મંદ થઈ જશે. આ સંદર્ભે કેટલાક મુદ્દા ધ્યાનમાં રાખવા ઘટે.

૧. આ બાળસહજ લક્ષણ છે કે બાળક અનુકરણ દ્વારા શીખતું હોય છે કે ગ્રહણ કરતું હોય છે. આથી પરિવારમાં, માતા-પિતા સહિત અન્ય સભ્યો જે મુજબનું વર્તન કરશે એ મુજબ બાળક પણ ગ્રહણ કરશે. ઘરમાં જો તણાવયુક્ત વાતાવરણ હોય, પરસ્પર સભ્યો વચ્ચે સ્નેહનો અભાવ હોય, વારંવાર ઝઘડો થતો હોય આવી પરિસ્થિતિની સીધી અસર બાળકના વર્તન ઉપર થશે. જેનાથી તેના સાંવેગિક વિકાસની ગતિ ધીમી પડશે. આ સંદર્ભે પૂરતી કાળજી લેવાય એ જરૂરી છે.

૨. બાળકના વર્તનને નિયંત્રણમાં રાખવા માટે પરિવારના સભ્યો એને ધમકાવતા હોય છે કે બાળકમાં ડર ઊભો કરવામાં આવે છે. જેની અસર પણ બાળકના સાંવેગિક વિકાસ પર થતી હોય છે.



Scanned with CamScanner

૩. બાળકના વિકાસમાં ભાષા મહત્ત્વનો ભાગ ભજવે છે. અને બાળક જે સાંભળે છે એ જ બોલે છે. આથી પરિવારમાં જે રીતે ભાષાનું પ્રયોજન થાય છે એ મુજબ બાળક પણ ગ્રહણ કરતું હોય છે. આથી જો પરિવારમાં અપશબ્દો, અભદ્ર ભાષા ઉચ્ચારાતી હોય તો સ્વાભાવિક રીતે બાળક પણ આવી જ ભાષા ઉચ્ચારશે જેને ખરેખર અયોગ્ય કહી શકાય.

૪. બાળકોમાં એક બાબત સામાન્ય જોવા મળે છે અને તે એટલે કે જીજ્ઞાસાવૃતિ. દરેક બાળકને કંઇક નવું જાણવાની ઇચ્છા થતી હોય છે, બાળકના મનમાં જાતેજાતના પ્રશ્નો ઉદ્દભવતા હોય છે. આથી બાળકના પ્રશ્નોનો સંતોષકારક જવાબ મળે એ જરૂરી છે, પરંતુ મોટેભાગે આવું નથી થતું. બાળકના મનમાં ઉદ્દભવેલા પ્રશ્નો પ્રત્યે દુર્લક્ષ્ય સેવાય છે. એની અવગણના થાય છે, જેથી બાળકની જીજ્ઞાસાવૃત્તિ જ નષ્ટ પામે છે.

દા.ત. બાળકના મનમાં પ્રશ્ન ઉદ્દભવે કે દિવસ-રાત કેમ થાય ? પક્ષીઓ કેમ બોલી નથી શકતા ? માણસ કેમ ઊડી શકતો નથી ? બાળ સહજ ઉદ્દભવેલા આ પ્રશ્નો પ્રત્યે પરિવારના સભ્યોની પ્રતિક્રિયા મોટેભાગે કંઇક આવી હોય છે કે, ''તને ખબર ના પડે, ''ચૂપ થઇ જા,'' પરિણામે બાળકમાં લઘુતાગ્રંથિનો ભાવ ઉત્પન્ન થાય છે. બીજી વખત કંઇક કહેવું હોય તો પણ ના રજૂ કરે એવી પરિસ્થિતિ ઊભી થતી હોય છે.

આમ, આવાં કેટલાક પરિબળો છે કે જે બાળવિકાસમાં અવરોધ ઉત્પન્ન કરતા હોય છે.

**ઉપસંહાર :**

આપણે ત્યાં ગુજરાતી કહેવત છે કે,

**'કુમળો છોડ વાળે એમ વળે.'**

**'પાકે ઘડે કાંઠા ન ચઢે.'**

ઉપરોકત કહેવત બાળક અને બાળઉછેરની પ્રક્રિયા સંદર્ભે પ્રયોજવામાં આવી છે. બાળકને શરૂઆતમાં જો અનુકૂળ વાતાવરણ મળી રહે, યોગ્ય દિશા, શિક્ષણ મળી રહે તો એની વિકાસની પ્રક્રિયાને વેગ મળી રહેશે.

મોટાભાગના વાલીઓની ફરિયાદ હોય છે કે એમનું સંતાન નફ્ફટ થઇ ગયુ છે, જીદ્દી થઇ ગયું છે, કહેલું માનતું નથી કે બગડી ગયું છે. વગેરે, પરંતુ ખરેખર બાળક બગડયું નથી, પરંતુ ભટકી ગયું છે. એને યોગ્ય દિશા બતાવવામાં આવે કે સમજાવવામાં આવે તો બાળક નિયંત્રણમાં આવી જાય છે.

વિશ્વનું કોઇ પણ બાળક કદી ખોટું, ખરાબ કે સમસ્યારૂપ હોતું નથી. આ વાત જાણવી જોઇએ. ઉપરાંત આપણે જે કહીએ છીએ તે નહિ, પરંતુ જે કરીએ છીએ તે મહત્ત્વનું છે. દરેક પરિસ્થિતિમાં બાળકને ખુશી-આનંદ મળી રહે એ જરૂરી છે. આમ, બાળઉછેર દરમિયાન કેટલીક ખાસ કાળજી રાખવામાં આવે તો બાળકોનો યોગ્ય વિકાસ થઇ શકે છે.



Scanned with CamScanner

# વિકલાંગ બાળકોના વિકાસ માટે શી કાળજી લેવી ઘટે ?

- વશિષ્ઠકુમાર વી. પરમાર
(રોલ નં. ૪૩)

**પ્રસ્તાવના :**

બાળકને ભગવાનનું રૂપ માનવામાં આવે છે. તેના જન્મથી ઘરમાં આનંદ, ઉમંગ અને ઉલ્લાસ છવાઈ જાય છે. માતા પોતાના બાળકને મમતાનું ધાવણ પીવડાવતી પ્રેમ, સ્નેહ અને લાગણી અનુભવતી હોય છે, પરંતુ કોઈ સંજોગોને કારણે બાળક ખોડ-ખાંપણવાળું જન્મે છે ત્યારે ચિંતામાં મૂકાઈ જતા હોય છે. જેમ કે કોઈ બાળકને આંખે જોવાની તો કોઈને હાથ-પગમાં તકલીફ જોવા મળે છે અને એવા બાળકો જન્મે પણ છે ત્યારે આવા બાળકોનો વિકાસ અટકી રહે છે. આવા ખોડ-ખાંપણ સાથે બાળકો જન્મે છે ત્યારે સમાજમાં કેટલીક અંધશ્રદ્ધાની વાતો થતી જોવા મળે છે. જેવી કે સગર્ભા બહેનો ચંદ્રગ્રહણના દિવસે બહાર ન નીકળી શકે. સૂર્યગ્રહણ કે ચંદ્રગ્રહણના દિવસે બાળકના મામા એટલે કે માતાના ભાઈ દ્વારા કોઈ વસ્તુ કાપવામાં આવી જાય ત્યારે આવા ખોડ-ખાંપણવાળા બાળકો જન્મે છે વગેરે....

આવા ખોડ-ખાંપણવાળા બાળકો જન્મવા માટેના કેટલાક કારણો હોય છે. જ્યારે બાળકને જન્મ આપવાના સમયે સ્ત્રીને કુટુંબ દ્વારા તણાવ આપવામાં આવે, સગર્ભા બહેનો માટે આવા સમયે તેમના શરીરમાં આયોડીનની ખામી જોવા મળે અથવા અપૂરતો આહાર અને નિયમિત દવા અથવા રસીઓ ન લેવાને કારણે પણ આવી ખોડ-ખાંપણ ધરાવતા બાળકો જન્મે છે.

આવા ખોડ-ખાંપણ ધરાવતા બાળકોને વિકલાંગ બાળકો તરીકે ઓળખવામાં આવે છે. વિકલાંગ બાળકોમાં વિવિધ પ્રકારની વિકલાંગતા જોવા મળે છે. જેમ કે શારીરિક વિકલાંગતા, માનસિક વિકલાંગતા, મૂકબધિરતા વગેરે, આવા ખોડ-ખાંપણવાળા બાળકો જન્મે ત્યારે કુટુંબ કે ઘર દ્વારા બાળકોને ત્યજી દેવામાં આવતા નથી. પરંતુ તેમના ભવિષ્યની ચિંતા કરવામાં આવે છે. આવા વિકલાંગ બાળકોનો વિકાસ કેવી રીતે સાધવો તે અંગે કુટુંબ કે વડીલો ચિંતા અનુભવતા હોય છે. અહીં આવા વિકલાંગ બાળકોના વિકાસ માટે શી-શી કાળજી લેવી ઘટે છે તેની થોડી ચર્ચા કરવાનો ઉપક્રમ છે.

(૧) વિકલાંગ બાળકોનો યોગ્ય વિકાસ કરવા માટે પ્રથમ માતા જવાબદાર ગણાય છે. કેમ કે બાળક પ્રત્યે પ્રથમ પ્રેમ, સ્નેહ અને લાગણી અનુભવવી પડે છે. માતા પોતાના બાળકને શેની જરૂર છે તે બાળકના ઈશારા, હાવભાવ પરથી જાણી શકે છે અને તેને સંતોષ મળે તે વસ્તુ આપે છે.

(૨) વિકલાંગ બાળકોને વિકલાંગતાનો અનુભવ ન થાય તે માટે પરિવારના સભ્યોએ આવા બાળકોને વિકલાંગતાની અનુભૂતિ ન થવા દેવી જોઈએ.

(૩) વિકલાંગ બાળકોને માતા દ્વારા શિક્ષણ આપવું યોગ્ય ગણાય છે. કારણ કે આવા બાળકો પોતાની માતાની વાતોને સરળતાથી સમજી શકે છે અને તેનું અનુકરણ કરવા પ્રયત્ન કરે છે.

(૪) વિકલાંગ બાળકો ભવિષ્યમાં આગળ વધે તે માટે કેટલીક વિશિષ્ટ શૈક્ષણિક સંસ્થાઓમાં આવા બાળકોને અભ્યાસ કરાવવામાં આવે છે. તેવી સંસ્થાઓમાં બાળકોને મુકવા જોઈએ કે



Scanned with CamScanner

જેથી તેઓ પોતે પોતાનો વિકાસ સાધી શકે.

(૫) મિત્રોએ આવા વિકલાંગ બાળકો સાથે પ્રેમ, સ્નેહ રાખવા જોઇએ કે જેથી તેમને પોતાની વિકલાંગતાને કારણે તે પાછળ રહી ગયા તેવી અનુભૂતિ ન થાય.

(૬) સરકાર દ્વારા વિકલાંગ બાળકોના વિકાસ માટે કેટલીક સહાય આપવામાં આવે છે. વર્તમાન સરકારે વિકલાંગ બાળકોને દિવ્યાંગ બાળકોનું બિરુદ આપ્યું છે. તેથી આવા વિકલાંગ બાળકો તે સહાયનો ઉપયોગ કરી શકે તે માટે વિકલાંગતાનું પ્રમાણપત્ર લેવું આવશ્યક છે. વિકલાંગતાના પ્રમાણપત્રને આધારે વિકલાંગ બાળકોને ઘણાં લાભો પ્રાપ્ત થઇ શકે છે.

(૭) ઘર-પરિવાર દ્વારા આવા બાળકોને પૌષ્ટિક આહાર આપવો જોઇએ.

(૮) બાળક ૧ થી ૫ વર્ષનો થાય ત્યાં સુધી તેમને પોલિયો પીવડાવવો જોઇએ, ભલે બાળક વિકલાંગ હોય કે ન હોય, પરંતુ પોલિયોની દવા દ્વારા બાળક તંદુરસ્ત રહેતા હોય છે.

(૯) બાળક જન્મે ત્યારે બાળકને બી.સી.જી., ઓરી અને કમળાની રસીઓ એટલે ત્રિગુણી રસી મુકાવવી જરૂરી છે કે જેથી વિકલાંગ બાળકો બીજા અન્ય રોગોનો ભોગ ન બની જાય.

(૧૦) વિકલાંગ બાળકો જે સારા કાર્યો કરતા હોય તેવા કાર્યો તેમને કરવા દેવા જોઇએ, જેથી ભવિષ્યમાં તે જ કાર્યમાં ઉચ્ચ નિપુણતા ધરાવતો જોવા મળે છે અને તે વિકાસની દ્રષ્ટિએ આગળ વધતો જોવા મળે છે.

(૧૧) વિકલાંગ બાળકો સરળતાથી સમજી શકે તેવી રીતે તેમની સાથે વર્તન કરવુ જોઇએ. જેમ કે બાળક સાંભળતું ન હોય તો તેને ઈશારા દ્વારા સમજાવી શકાય. કોઇ બાળક બોલતું ન હોય તો તેને શરીરના હાવભાવ દ્વારા, કોઇ બાળક જોઇ ન શકતું હોય ત્યારે ભૌતિક વસ્તુઓના સ્પર્શ દ્વારા તેમનો વિકાસ કરી શકાય છે.

(૧૨) વિકલાંગ બાળકો માટે દર વર્ષે સરકાર દ્વારા રમતોત્સવ જેવા કાર્યક્રમો હાથ ધરવામાં આવે છે. આવા કાર્યક્રમમાં બાળકોને ભાગ લેવડાવવો જોઇએ જેથી તે પ્રગતિના પંથે પ્રયાણ કરી શકે.

(૧૩) વિકલાંગ બાળકો શેમાં રસ ધરાવે છે તેના આધારે તેને તે માર્ગ પર લઇ જવા જોઇએ. જેમ કે કોઇ બાળક અંધ હોય, પરંતુ તે બાળક સંગીતમાં રસ ધરાવતો હોય તો તેવા બાળકોને સંગીતનું જ્ઞાન આપવું જોઇએ.

(૧૪) વિકલાંગ બાળકોની પૂરેપૂરી દેખરેખ અને કાળજી રાખવી જોઇએ કે જેથી તેનો વિકાસ સાધી શકાય અને તે માટે પૂરતું જ્ઞાન આવશ્યક છે.

આવા વિકલાંગ બાળકોના વિકાસ માટે કેટલીક બાબતોને ધ્યાનમાં રાખવી પડે છે, જેથી તેને કોઇપણ રીતે મુશ્કેલી ન અનુભવવી પડે. બાળકો એ તો ઉપરવાળાએ આપેલી દેન છે, તેથી તેને ભગવાનનું સ્વરૂપ માનવામાં આવે છે. એટલે કે કુદરત દ્વારા જે કંઇ પણ મળે તેનો સ્વીકાર કરવો જોઇએ, જેથી આગળ જતાં પસ્તાવાનો વારો ન આવે. વિકલાંગ બાળકોનો વિકાસ પણ દેશના ઘડતર માટે મહત્ત્વનો ભાગ ભજવતો હોય છે એ વાત આપણે યાદ રાખવી જોઇએ.



Scanned with CamScanner

# જીવન ઘડતરના મૂલ્યો

- પૂર્વી કે. ભાવસાર
(રોલ નંબર-૦૭)

આજના ૨૧મી સદીના યુગમાં દરેક માતા-પિતા પોતાના બાળક-સંતાન માટે મૂંઝવણ અનુભવતા હોય છે કે બાળકનો વિકાસ કેવી રીતે કરવો ? શું સારી શાળાઓમાં બાળકને પ્રવેશ કરાવવાથી આ પ્રશ્નનો ઉત્તર મળી જાય છે. ઉત્તર છે, ના. કારણ કે બાળકના વિકાસમાં દરેક પ્રકારના શિક્ષણની જરૂરિયાત હોય છે.

બાળક જુદા જુદા સમાજ, જ્ઞાતિ, ધર્મમાંથી આવતું હોય છે. બાળક ક્યારેક ધનવાન કુટુંબમાંથી આવે છે તો ક્યારેક તે મજૂરીકામ કરતા કુટુંબમાંથી આવતું હોય છે. ક્યારેક તે સંયુક્ત કુટુંબમાંથી આવે છે તો ક્યારેક તે વિભક્ત કુટુંબમાંથી પણ આવે છે. તો બાળક માટે શિક્ષણ જરૂરી છે. બાળક ગમે તેટલું ભણી લે છે પણ તેનામાં જીવનના મૂલ્યોનો વિકાસ ના થાય તો બાળકનું ભણતર ફોગટ જાય છે. બાળકના જીવનમાં આવા જીવનના મૂલ્યોનો વિકાસ કરવો ખૂબ જરૂરી છે.

જેમ્સ એન્જલ નામના ચિંતક કહે છે કે "બાળકને રોટલો કેમ રળવો તે નહીં પણ દરેક કોળિયાને વધુ મીઠો કેવી રીતે બનાવવો તેનું જ્ઞાન આપવું જરૂરી છે."

બાળક તો પ્રભુની દેણ છે, પ્રભુનું સંતાન છે. તેથી તો બાળક માટે 'God Gift' કહેવાય છે. તો શું આ ઇશ્વરના વરદાનરૂપી બાળકના જીવનનો વિકાસ કરવામાં કચાશ રાખી શકાય ?

દરેક માતા-પિતા પોતાના બાળકને સારા સંસ્કાર, સારા વિચારો આપવાની ઝંખના રાખતા હોય છે. પોતાનું બાળક સમાજોપયોગી બને, સારી નામના મેળવે એવી ઇચ્છા દરેક માતા-પિતાની હોય છે. માતા-પિતા પોતાના બાળકમાં પ્રેમ, આદર, સ્વમાન, સન્માન, સહયોગ, માનવતા, જવાબદારી, પ્રમાણિકતા જેવા ગુણો વિકસાવવા માંગે છે. આ ગુણો વિકસાવવા માત્ર શાળા જ નહીં પણ ઘરના દરેક સભ્યની નૈતિક ફરજ બની રહે છે. બાળકના જીવન ઘડતરમાં જીવનના મૂલ્યો વિકસાવવા ખૂબ જરૂરી છે.

બાળકનો વિકાસ તો માતાના ગર્ભમાંથી જ શરૂ થઇ જાય છે અને જો એ સમય ચૂકી જઇએ તો બાળકના જીવન સાથે અન્યાય થઇ જાય છે. બાળક માટે તો ઘરમાં જ એવા વાતાવરણની વ્યવસ્થા કરવી જોઇએ. ઘરના દરેક સભ્યોએ જવાબદારી નિભાવવી જોઇએ.

"એક માતાએ એક શિક્ષણશાસ્ત્રીને પ્રશ્ન કર્યો : બાળકને કેળવણી આપવાની શરૂઆત ક્યારે કરવી જોઇએ ? શિક્ષણ શાસ્ત્રીએ કહ્યું, બાળકની ઉંમર કેટલી છે ? ચાર વર્ષ માતાએ જવાબ આપ્યો. શિક્ષણ શાસ્ત્રીએ કહ્યું : તો તમે ત્રણ વર્ષ ગુમાવ્યા છે. બાળક સ્મિત કરે ત્યારથી તેને કેળવવાની શરૂઆત કરવી જોઇએ."

એક ફિલસૂફને પૂછવામાં આવ્યું કે બાળકને કેળવણી આપવાની શરૂઆત ક્યારે કરવી જોઇએ ? તો તેમણે જવાબ આપ્યો : સો વર્ષ પહેલાં બાળકને કેળવણી આપવાની શરૂઆત એના દાદા-દાદીને કેળવણી આપવાની પ્રક્રિયાથી શરૂઆત થાય છે.



Scanned with CamScanner

પ્રથમ તો બાળકને દરેક માણસની કદર કરવાની વાત શીખવવામાં આવે છે. આ સંસાર જગતમાં દરેક માણસનું સન્માન કરવું જોઈએ. માણસ નાનો હોય કે મોટો, ગરીબ હોય કે તવંગર, દરેકને માનવીય સંવેદનાઓથી જ જોતા શીખે એવું શિક્ષણ આપવાની જરૂર છે. બાળકમાં જો આદર કરવાની ભાવના વિકસે તો બાળક ક્યારેય ઘાતકી નહી બને, અને ગમે તેટલા મોટા પદ સુધી પહોંચ્યા પછી પણ તે નાના માણસો પ્રત્યે હમેશા પ્રેમ, આદર રાખશે, જે બાળકને જીવનની સફળતાની સીડી ચડાવશે.

તેથી રામકૃષ્ણ પરમહંસ કહે છે કે, ''જેઓ બીજાનો આદર કરતા નથી તેઓ ધીરે ધીરે અહંકારી બની જાય છે અને અહંકારીનો નાશ થતાં વાર લાગતી નથી.''

અહીં કેટલાંક આવશ્યક જીવન મૂલ્યો પર પ્રકાશ પાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

**મદદગાર બનો....**

બાળકનું હૃદય ફૂલ જેવું કોમળ હોય છે તેથી બાળકને કોમળતા જેવા ગુણો શીખવવામાં આવે તો તે બીજાને પણ કોમળતા શીખવી શકે છે. બાળકને મુશ્કેલભરી સ્થિતિમાં મદદ અને સહાનુભૂતિ કેવી રીતે કરવી તે શીખવીશું તો જ આપણો સમાજ પણ સુરક્ષિત રહી શકશે.

એક નાની બાળા નિશાળેથી ઘરે આવતી હતી. ત્યારે એક રમકડાંની દુકાનેથી ઢીંગલી ગમી એટલે લીધી. રસ્તામાં બેહાલ પડેલા એક દુબળા ભિખારીને જોયો. તે ભિખારીને પૂછતાં ભિખારી કહે : બહેન, હું ત્રણ દિવસથી ભૂખ્યો છું. બાળાએ ઢીંગલી પાછી આપી. દુકાનદાર પાસેથી પૈસા પાછા લઈને તે ભિખારીને ખાવા માટે આપી દીધા. ભિખારીએ આંખમાં આંસુ વહાવીને કહ્યું : મારી આંતરડી ઠારી તમે મોટા થઈને મહારાણી થશો. તમારી ઉદારતાથી મારું પેટ ભરાયું છે અને ખરેખર એ મહારાણી વિકટોરિયા થયાં.

**કલ્પનામાં રમો....**

બાળકને કયા સંસ્કાર આપવા એ માતા-પિતાએ નક્કી કરવાનું હોય છે. એ એવી વૃક્ષ-છોડની ડાળી છે જેને તમે જે દિશામાં નમાવશો તે દિશામાં નમશે. બાળકને બાળપણથી જ સ્વપ્ન જોતા કરવા, તેમને કંઈક બનવાની, કંઈક કરવાની ઈચ્છાની દિશામાં દોડાવવામાં આવે તો બાળક અચૂક સારા પરિણામ લાવી શકે છે. બાળકમાં સ્વપ્નાઓ પૂરા કરવાનું શિક્ષણ આપવું જોઈએ.

શ્રી અબ્દુલ કલામને સૌ ઓળખો છો. એક સભામાં તેમને પૂછવામાં આવ્યું કે શિક્ષકનું ઉત્તમ કાર્ય કયું ? તેમણે કહ્યું કે, શિક્ષકનું ઉત્તમ કાર્ય વિદ્યાર્થીઓને સ્વપ્ન જોતાં શીખવવાનું છે. જો વિદ્યાર્થીઓ સ્વપ્ન નહીં જુએ તો તે આગળ નહીં વધી શકે. સ્વપ્ન જ માણસને પોતાનું ભવિષ્ય રચવાની શકિત પૂરી પાડે છે. જે સ્વપ્ન નથી જોતા તે પીળું પાંદડું થઈ ખરી પડે છે. સ્વપ્ન માણસને લીલો રાખે છે. બાળકને એના માતા-પિતાએ જ સ્વપ્નો પૂરા પાડવાં જોઈએ, જેથી શિક્ષક એમાં રંગો પૂરી શકે.

**મીઠી વાણી....**

બાળક જન્મથી જ બોલવાનું શીખીને નથી આવતો. ઘરમાં અને સમાજ પાસેથી આ શિક્ષણ મેળવે છે. બાળકની વાણી મધુર બને એ ખૂબ જરૂરી છે. નિંદા, ઈર્ષા, જેવા ગુણોથી દૂર રહેશે તો જ બાળક આગળ જતાં સમાજ માટે શાંતિદૂત બની રહેશે. આમ, વાણીનું શિક્ષણ પણ બાળક માટે એટલું જ જરૂરી છે.



Scanned with CamScanner

ઇસપ ઘણો બુદ્ધિવાન હતો, પણ તે ગુલામ હતો. તેના માલિકે પૂછ્યું : ઇસપ શરીરમાં સૌથી ખરાબ વસ્તુ કઇ ? ઇસપ કહે : જીભ. માલિકે કહ્યું, કેવી રીતે ? ઇસપ : જીભથી કલહ, કડવા શબ્દો, ટીકા, નિંદા વગેરે થાય છે ને વેરભાવ બંધાય છે, તો પછી શરીરમાં સારામાં સારી વસ્તુ કઇ ? માલિકે આમ પૂછ્યું તો ઇસપે જવાબ આપ્યો : જીભ, હમણાં તો તું જીભને ખરાબ કહેતો હતો ? ઇસપ : જીભ જેટલી ખરાબ છે એના કરતાં તો ઘણી સારી છે. કેમ કે જીભથી પ્રેમ, શાંતિ, સહાનુભૂતિ, સહકાર વગેરે રજૂ કરી સુખ મેળવી શકાય છે અને આપી શકાય છે.

**પ્રામાણિકતા કેળવો....**

બાળકને પ્રામાણિકતાના પાઠ ભણાવવા ખૂબ જરૂરી છે. આજે દરેક માનવી યંત્રવત્ કાર્ય કરે છે ત્યારે જરૂરી છે કે તેનામાં ઇમાનદારી અને પ્રમાણિકતાના ગુણો કેળવાય. આ કાર્ય માતા-પિતા કરશે તો તેની અસર ચોકકસ થશે.

જેમ ખારા સાગરમાં તૈયાર થયેલું મોતી આખા સાગરનું મૂલ્ય વધારી દે છે તેમ લાખો બાળકોની વચ્ચે હજાર પ્રમાણિક બાળકો હોય તો તે માત્ર માતા-પિતાનું નહિ પણ આખા કુળનું મૂલ્ય વધારી દેશે.

નાનાભાઇ ભટ્ટનું નામ સૌએ સાંભળ્યું હશે. એ નાનાભાઇ પાસે રેવાબાએ મૂળશંકર નામના બાળકને ભણવા માટે મૂકયો. નાનાભાઇ પાસે માણસને પારખવાની અને કેળવવાની સૂઝ હતી. મૂળશંકર અગિયાર વર્ષનો હતો. એકવાર પૈસાદાર મિત્રોની સંગતમાં તે રખડવા ઊપડયો. અવળી સોબતને કારણે વગર ટિકિટે રેલવેમાં મુસાફરી કરી આવ્યો. નાનાભાઇને આ વાતની જાણ થઇ. તેમણે ટિકિટના અને દંડના પૈસા તથા એક ચિઠ્ઠી આપી મૂળશંકરને રેલવે સ્ટેશન મોકલ્યો. મૂળશંકરને થયું, હવે આવી બન્યું. જયારે તે પાછો ફર્યો ત્યારે નાનાભાઇએ એને પ્રેમથી પોતાની પાસે બેસાડી કહ્યું : મૂળશંકર, આપણે ભણવામાં હોશિયાર હોઇએ એ પૂરતું નથી, આપણે પ્રામાણિક પણ થવાનું છે.

"જે મનુષ્ય નાના કામો પ્રમાણિકતાથી કરે છે, તે મોટા કામો પ્રમાણિકતાથી કરી શકે છે."

- સેમ્યુઅલ સ્માઇલ્સ

**સ્વમાન જાળવો....**

જેમ જેમ બાળકનો વિકાસ થાય છે તેમ તેમ તેનામાં બુદ્ધિ-ચાતુર્ય વિકાસ પામે છે અને સાથે તેનામાં સ્વમાન જાળવવાના ગુણનો વિકાસ થાય છે. બાળક સંસારમાં ભાગ લેતો થાય છે. સંસારમાં રહીને તે સંસાર જેવું જ બની જાય છે. તે સંસારમાં ચાલી રહેલા દુષણોમાં ભાગ લેતુ થાય છે અને ગુનાખોરી જેવા કૃત્ય કરવા પ્રેરાય છે. બાળકને ગુનાખોરી કરતા અટકાવવું જોઇએ. જો ના અટકાવવામાં આવે તો બાળક સ્વમાન ખોઇ બેસે છે. કોઇકવાર માતા-પિતા પણ તેમાં સાથ આપતાં હોય છે. જેના કારણે બાળક ચોરી, કપટનો સહારો લે છે અને પોતાનો આત્મવિશ્વાસ ગુમાવે છે અને તે જીવનમાં કયારેય બેઠો થઇ શકતો નથી. એના જીવન પર એની ઊંડી અસર પડે છે. માટે જ બાળકને સમાજમાં સ્વમાનભેર જીવતા શીખવવું જોઇએ. આવા દુષણોથી દૂર રાખવું જોઇએ.

શાળાના ઇન્સ્પેકશન વખતે અધિકારી સાહેબ આવવાના હતા. અધિકારી આવ્યા પછી વિદ્યાર્થીઓની પરીક્ષા શરૂ થઇ. શાળાના એક વિદ્યાર્થીએ એક અંગ્રેજીનો સ્પેલિંગ ખોટો લખ્યો.



Scanned with CamScanner

શાળાના શિક્ષકે ઈશારો કરી સ્પેલિંગ સુધારવાનું કહ્યું. વિદ્યાર્થીએ સુધાર્યો નહીં. અધિકારીએ સ્પેલિંગ ચેક કર્યો. ખોટો ઠર્યો. શિક્ષકને કહ્યું, બરાબર ભણાવો. મોટા સાહેબ ગયા પછી શિક્ષકે વિદ્યાર્થીને કહ્યું : ઈશારો કર્યો તોય સમજ્યો નહીં. વિદ્યાર્થી કહે : હું ચોરી કરીને આગળ વધવા માંગતો નથી. આ વિદ્યાર્થીનું નામ મોહનચંદ કરમચંદ ગાંધી. એમણે જો તે વખતે આત્મનિષ્ઠા બાજુ પર રાખી ચોરી કરી હોત તો તે ગાંધી ના બન્યા હોત.

"સ્વમાન બધા જ ગુણોનો પાયો છે."

- જૉન હરશલ

બાળક જન્મતાની સાથે જ પોતાની જિંદગીનો માલિક બની જાય છે, પણ એને જીવન ઘડતરના મૂલ્યોની સમજ હોતી નથી. કયારેક તો સાઈઠ વર્ષે પણ માણસને જીવનની સમજ હોતી નથી. તો પછી બાળક માટે શું કહેવું ? બાળકે તેના જીવનમાં ધીરે ધીરે સમજ જ્ઞાન વિકસાવવાના હોય છે. પોતાના જીવનને નંદનવન બનાવવાનું હોય છે.

---

તમારાં બાળકો તે તમારાં બાળકો નથી
પણ, જગજીવનની પોતા માટેની જ કામનાના
તે સંતાનો છે, તે તમારા દ્વારા આવે છે,
પણ તમારામાંથી આવતાં નથી.
અને તે તમારી સોડમાં રહે છે, છતાં તે તમારાં નથી.
તમે એમને તમારો પ્રેમ ભલે આપો,
પણ તમારી કલ્પનાઓ નહીં,
કારણ, તેમને એમની પોતાની કલ્પનાઓ છે.
તમે ભલે એમના દેહને ઘર આપો,
પણ એમના આત્માને નહીં.
કારણ, તેમના આત્મા તો ભવિષ્યના ઘરમાં રહે છે,
જેની તમે કદી સ્વપ્નમાંય ઝાંખી કરી શકવાના નથી.
બાળકોરૂપી સજીવ બાણો છોડવાનાં તમે ધનુષ્યો છે.
અનંતના માર્ગ પર રહેલું કોઈ લક્ષ્ય તાકી
ધનુર્ધર તમને નમાવે છે,
જેથી એના બાણો ઝડપથી અને દૂર જાય,
એ ધનુર્ધરના હાથમાં તમારું તમારું આનંદમય હો,
તેમ સ્થિર રહેનારું ધનુષ્ય પણ એને વહાલું છે.

- ખલીલ જિબ્રાન



Scanned with CamScanner

# ગર્લ ચાઈલ્ડ : પડકારો

- દિવ્યા એ. પટેલ
(રોલ નંબર-૩૧)

અનેક જ્ઞાતિઓમાં વિભકત એટલે ભારતીય સમાજ. આ સમાજમાં શુભ તત્ત્વોનો જેટલો સમન્વય છે એટલો જ એમાં અશુભનો શંભુમેળો છે. ભારત સરકાર દ્વારા ગર્લ ચાઇલ્ડ માટે 'બેટી બચાવો, બેટી પઢાવો' અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. આમ છતાં ગર્લ ચાઇલ્ડ સામે કેટલાક પડકારો જોવા મળે છે. સ્થિર પાણીમાં જેમ ગંદકી ઉત્પન્ન થાય અને જળાશય ગંધાઇ ઊઠે તેમ સમાજમાં પણ બને છે. ગર્લ ચાઇલ્ડ અંગે પણ કેટલાક પડકારો છે. જો સમયાનુકૂળ પરિવર્તન ન પામે તો વ્યકિત અને સમાજમાં ગંદકી ઉત્પન્ન કરે છે. ગર્લ ચાઇલ્ડ સામેના આવાં જ કેટલાક પડકારો અંગેની વિસ્તૃત ચર્ચા અહીં હાથ ધરવામાં આવી છે.

**(૧) બાળ લગ્ન :**

આપણા સમાજનું કલંક બાળલગ્નો છે. સરકારે શારદા એકટ દ્વારા આ સમસ્યાને હલ કરવા પ્રયત્નો કર્યા છે, છતાં જ્યાં અજ્ઞાન છે, ગામડામાં જ્યાં રૂઢિગત સામાજિક પછાતપણુ છે, જ્યાં શિક્ષણનો અભાવ છે, ત્યાં બાળ લગ્નોનું પ્રમાણ મોટા પ્રમાણમાં પ્રત્યક્ષ થાય છે. સરકારે બાળલગ્ન અંગે દંડ તથા સજાનો પ્રબંધ કર્યો છે. પણ આમ છતાં અનેક બાળકો માતા-પિતાની મૂર્ખતાને કારણે ભોગ બને છે.

**(૨) પરિવારની જવાબદારી :**

"बच्चे बाग की कलियों के समान होते हैं । उनकी देखभाल बहुत ध्यान और स्नेह से की जानी चाहिए क्योंकि वे ही इस राष्ट्र के भविष्य और कल के नागरिक हैं ।"

– जवाहरलाल नेहरू

બાળકોના ઉછેરની જવાબદારી માતા-પિતાની હોય છે, પરંતુ જ્યાં માતા-પિતા બંને કામે કે મજૂરીએ જતા હોય ત્યારે ઘરની જવાબદારી દીકરીએ ઉપાડવાની હોય છે. ભાઇ-બહેનને ઉછેરવામાં દીકરીનું બચપણ ચાલ્યું જાય છે. ઘણા મા-બાપ છૂટક મજૂરી કરતા હોય છે તેવી પરિસ્થિતિમાં દીકરી ત્યાં પણ તેમને મદદ કરે છે. મોટાભાગે ગામડાઓમાં ખેતમજૂરીએ બાળાઓ પણ હોય છે. જે પરિવારને આર્થિક રીતે સહાય કરે છે.

**(૩) અલ્પ શિક્ષણ :**

**'દીકરી ને ગાય, દોરે ત્યાં જાય.'**

ઉપરોકત ઉકિત અનુસાર પહેલાં દીકરીઓને નાની ઉંમરે જ પરણાવી દેવામાં આવતી હતી. વડીલોના આદેશો અનુસાર, તેની ઇચ્છા પણ જાણવામાં આવતી ન હતી. શિક્ષણ આપી કન્યાઓને વળી વધુ ભણાવવું શા માટે એણે તો પરણીને સાસરે જ જવાનુ છે ને ! આવી માન્યતા ધરાવતા લોકો હજી પણ છે જ. કેળવણીને કારણે કન્યા બહેકી જશે, ઉદ્ધત બની જશે, રખડેલ થઇ



Scanned with CamScanner

જશે, આઝાદ બની જશે એવી માન્યતા નીચે તેને કેળવણી વિમુખ બનાવી દેવામાં આવે છે. અનેક સામાજિક બંધનો, રૂઢિઓ અને કુરિવાજો વચ્ચે તેમને શિક્ષણથી વંચિત રાખવામાં આવે છે.

**(૪) બાળ મજૂરી :**

બાળકો ભણવા-રમવાની અને વિકસવાની ઉંમરે મજૂરી કરે તેનું મુખ્ય કારણ ગરીબી અને અલ્પ શિક્ષણ છે. યુ.એન.ડી.પી. નોંધે છે કે 'સેંકડો કરોડો બાળકો જગતના ખેતરો અને કારખાનામાં કામ કરે છે. જગતના ઉકરડા ફંફોસે છે અને ગલીઓના નાકે મજૂરી કરે છે.' બાળક હોવા છતાં તેમને બાળપણનો અનુભવ થઈ શકતો નથી. ૨૦૧૫ માં ઉદ્યોગોમાં કામ કરતા બાળમજૂરો વધુ સંખ્યામાં જોવા મળે છે. મોટાભાગની નાની ઉંમરની છોકરીઓ ઘરે ઘરે ઘરકામ કરતી જોવા મળે છે. આ પણ ગર્લ ચાઈલ્ડ સામે પડકારરૂપ છે.

**(૫) યોગ્ય પોષણ સામે રક્ષણ :**

બાળકને પ્રભુનું પયગમ્બર કહેવામાં આવ્યું છે. કન્યાઓને યોગ્ય પોષણ અને તેમની યોગ્ય સંભાળ અને સુરક્ષિત વાતાવરણ ખૂબ જ જરૂરી છે, પરંતુ વાસ્તવિક પરિસ્થિતિ આનાથી વિપરીત છે. ભારતમાં ઘણાં બાળકો માટે ટકી રહેવાનું પણ મુશ્કેલ બને છે. જન્મતાં બાળકોમાંથી પચાસ ટકાને પોષણ આહાર મળતો નથી. બાળકના જન્મ પહેલાં ગર્ભમાં અને ત્યારબાદ તેની યોગ્ય સારસંભાળ ન રાખવામાં આવે તો તે કુપોષણનો ભોગ બને છે. મહાન તત્ત્વચિંતક રૂસોએ પણ કહ્યું છે કે 'બાળકોને કેળવવા એ એક કળા છે. એમાં જેટલો સમય ગાળશો એટલા જ સારા ફળ મળશે.'

ઉપરોક્ત ગર્લ ચાઈલ્ડના પડકારો વિશે વાત આવે છે ત્યારે એમ થાય છે, આપણે આપણું બાળપણ હવે ક્યારે પાછું મેળવીશું ? ખેર ! બાળપણ પાછું ન મેળવી શકાય તો કંઈ નહિ, પણ એટલો ચોક્કસ વિચાર કરી શકાય કે આપણે આજની બાળાઓનું બાળપણ શા માટે છીનવી રહ્યા છીએ ?

અંતમાં એટલું જ કહેવું કે.....

**Daughter is not equal to**

**TENSIONS**

**Daughter is equal to**

**TEN - SONS**



Scanned with CamScanner

# તરુણાવસ્થાની સમસ્યાઓ અને તેના ઉપાયો

- વૈભવી એમ. બોરાધરા
(રોલ નં. ૨૬)

**પ્રસ્તાવના :**

શિશુ અવસ્થા અને કિશોર-અવસ્થા પછી માનવના જીવનમાં એક વિશિષ્ટ સંક્રાંતિકાળ આવે છે. આ કાળ તે તારુણ્યકાળ. આ અવસ્થા વિશિષ્ટ એટલા માટે છે કે આ પૂર્વેની વિકાસ-તરેહ કરતાં એક નવો જ અને ઝડપી વળાંક બાળક આ તબક્કે લે છે. આ ઉપરાંત, આ અવસ્થા દરમિયાન થતાં અનુભવો તેના ભાવિ જીવનઘડતરમાં ખૂબ અસરકારક સિદ્ધ થાય છે. આથી આ અવસ્થાનો વિગતે પરિચય આપણા માટે જરૂરી બને છે.

**અર્થ :-**

એક લેટિન શબ્દ છે 'Adolecer' આનો અર્થ થાય છે, "વૃદ્ધિ પામવી કે પ્રૌઢતા ધારણ કરવી." આ શબ્દ પરથી 'Adolescence' શબ્દ વિકસ્યો છે, જેનું ભાષાંતર આપણે તારુણ્ય કરીએ છીએ. આ અવસ્થાને તરુણાવસ્થા, કુમાર-અવસ્થા કે પૌગંડાવસ્થા કહેવાય છે. આમ, મૂળ શબ્દના અર્થાનુસાર જોઇએ તો તારુણ્યમાં શારીરિક અને માનસિક પુખ્તતા સમાવિષ્ટ છે.

જર્શિલ્ડે દર્શાવ્યા મુજબ - "તારુણ્ય એ વ્યકિતની બાલ્યાવસ્થાથી શરૂ કરીને પુખ્તતા સુધીના સમયને વિકસિત કરતી અને આકારિત કરતી અવસ્થા છે."

કર્ટ લેવિન જણાવે છે કે, "તારુણ્ય એ ભૌગોલિક, સામાજિક અને ભવિષ્યના આયામો પર વિસ્તરતું જીવનફલક છે."

આમ, બાળકમાંથી યુવાન થવા સુધીનો સંક્રાંતિ કાળ એ તારુણ્ય કાળ છે.

**વયવિસ્તાર :-**

કિશોરાવસ્થાના ઉત્તરાર્ધ પછી આરંભાતું તારુણ્ય, આશરે ૧૧ વર્ષથી શરૂ થઇ ૨૧ વર્ષ સુધી વિસ્તરેલું છે. આ અવસ્થાને ચાર ભાગમાં વહેંચવામાં આવે છે.

| ક્રમ | અવસ્થા | છોકરીની વય | છોકરાની વય |
|---|---|---|---|
| ૧. | પૂર્વ તરુણાવસ્થા | ૧૧ થી ૧૨ | ૧૩ થી ૧૪ |
| ૨. | પ્રારંભિક તરુણાવસ્થા | ૧૩ થી ૧૪ | ૧૫ થી ૧૬ |
| ૩. | મધ્ય તરુણાવસ્થા | ૧૫ થી ૧૭ | ૧૭ થી ૧૮ |
| ૪. | ઉત્તર તરુણાવસ્થા | ૧૮ થી ૨૧ | ૧૯ થી ૨૧ |

Encyclopedia of phychology માં તારુણ્યકાળ છોકરાઓ માટે ૧૫ થી ૨૧ વર્ષ અને છોકરીઓ માટે ૧૩ થી ૨૧ વર્ષનો દર્શાવેલ છે.

**તરુણાવસ્થાની સમસ્યાઓ :-**

વેલેન્ટાઇનના જણાવ્યા અનુસાર જે બાળકનું વર્તન કે વ્યકિતત્વ ગંભીર રીતે વિકૃત હોય

તેને સમસ્યારૂપ બાળક કહી શકાય. આવા બાળકના વિચિત્ર અને અનિચ્છનીય વર્તનથી તેને સંબંધિત સૌને ત્રાસ રહે તે સહજ છે, પરંતુ તેને સુધારવા માટે તેના પર સીધો આક્રમક સામનો કરવો એ સલાહભરેલું નથી. તેને પર્યાવરણસહિત સમજવું જરૂરી બને છે. આવા તરૂણો નીચેના જેવી સમસ્યાઓ સર્જતા હોય છે.

**૧. ચોરી કરવી :**

વર્ગમાં અને શાળામાં આપણે જોઈએ છીએ કે ઘણાં બાળકોને ચોરી કરવાની ટેવ પડી ગઈ હોય છે. આ બાળકો કોઈના કંપાસ, પેન, પુસ્તક વગેરે રિસેસ દરમિયાન મોકો મળે ત્યારે લઈ લેતાં હોય છે અથવા તો કોઈક વાર પૈસાની પણ ચોરી કરતાં હોય છે.

**કારણો :-**

સામાન્ય રીતે ઊગતી ઉંમરે ચોરી કરનાર બાળકો, પોતે ભયંકર ગુનો કરીને ભવિષ્યમાં ચોર બનવાનો સહેતુક પ્રયત્ન કરી રહ્યાં હોય છે તેનો તેમનો ખ્યાલ નથી હોતો. આ માટે -

- વિદ્યાર્થીઓની સંગ્રહવૃત્તિ વધુ પડતી પ્રબળ હોય તેમ બને.
- ખરાબ-મિત્રોની સંગત-સોબતથી આવું બને.
- તેમની ભૌતિક આવશ્યકતાઓ ન સંતોષાતી હોય.
